

તંત્રી - રવિશંકર રાવળ

આપણી કાલનાં નાગરિકોનું માસિક

સંપાદક - બચુભાઈ રાવ

કુમાર

માહ ૧૯૯૦ અંક ૧૨૨ મો



કુમાર


આસો ૧૯૯૦

અંક ૧૨૨

એક ભૂલ

પૃ. ૬૯ પછીનાં બે પાનાં ઉલટાસુલટી છપાઈ ગયાં છે. 'ફોટો-હરીફાઇ' વાળું પહેલું જોઇએ ને 'બાળવિભાગ' વાળું પછી.

મુદ્રક : બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.



વિસ્મયે વેગડો ઊઠે, ધોળી મૂછ હસી રહે:
જોઇને જોડલું આવું હર્ષાશ્રુ નયને વહે.

. . . . . .

ત્યાં ભીલનાયક કરે જઈ ચાંદલો ને
બારોટજી કરથી અક્ષત ચોડી દે છે.

કલાપી કૃત હમીરજી ગોહેલ નામના ખંડકાવ્યમાંનો એક પ્રસંગ
ચિત્રકાર રવિશંકર રાવળ
'કલાપી ચિત્રદર્શન'માંથી પ્રકાશક ચન્દ્રકાન્ત પ્રધર્શના સૌજન્યથી

હીરો પૃથ્વી·

અધીર ઉર ! ચોદિશે તિમિર ઘોરને દેખતાં,
અને કડકડાટ સાથ નભને સુણી તૂટતાં
અશાન્ત શીદ તું બને ? ભયથી શે નમે ? રુદ્ર યે
નહીં નહિ શકે ડરાવી તુજ પ્રાણને તાંડવે !
ન વા અખિલ વિશ્વના અતિ કરાલ ઝંઝાનિલો
બુઝાવી શકશે કદી હૃદયદીપ તે તાહરો !

નિહાળ ! અતિ ઘોર તે તમપ્રશાન્ત ભૂગર્ભમાં,
ન આજની, ન કાલની, અવર વા ન ચિન્તા વ્યથા
ઉરે અડતી જેહને, યુગયુગો તણાં જે પરે
મહાન રથચક્ર ભવ્ય જયનાદ સાથે પળે,
ન ત્યાં–તિમિરમાં–ઝુરી વ્યથિત તે થતો હીરલો.
અરે ! તિમિર અન્ધને ય નયનો સ્મિતે અર્પતો !
પડ્યો જગખીણે તું માનવહીરો ભલે આજ હો.
જરૂર તવ તેજથી દિવસ કો થશે ઊજળો

'સ્નેહરશ્મિ'

¶ પ્રોત્સાહકાવ્ય જ, પણ તરાહ જુદી: માનવીને હીરો લેખવાનું રૂપક જૂનું, પણ અહીં ગાંઠ્યું કલ્પના નવીથી: પૃથ્વી સૉનેટ, પહેલાં ષટ્ક ને પછી અષ્ટક લીધેલું. સાદી, બલવતી ને પ્રવાહી ભાષાનો શબ્દેશબ્દ એટલો યથાસ્થિત છે કે જોડણીશુદ્ધિ અને સ્વાભાવિક ઉચ્ચારણની દૃષ્ટિએ કાવ્યરચનામાં લઘુ-ગુરુનાં યોગ્ય સ્થાન સાચવવાની ગલતી જે ઘણાને હાથે થાય છે ને આમાંથી લગભગ તદ્દન દૂર રહી છે,—ઔચિત્યલોપ થયા વિના; અને પરિણામે, ઉદ્બોધનનો નૈસર્ગિક વાણીપ્રવાહ લેશમાત્ર લંઘાયા વિના, તાલના સબળ ઠેકા સાથે વધ્યો આવે છે. પહેલી લીટીમાંના 'ઘોર' શબ્દ જેવાના પ્રલમ્બિત ઘોષ વ્યંજનો, બીજી લીટીમાંના 'કડકડાટ સાથ' જેવા શબ્દોની ઉપરાઉપર આવતી આકારી વ્યંજના, ચોથી લીટીમાંના 'નહીં નહિ શકે'માંના અને 'નહિ' પરનો સરખા જ બળવાળો, પરન્તુ પુનરાવર્તિત ઉક્તિના જુદાજુદા ઠેકાવાળો નકાર—આ અને આવાં બીજાં, એ વાણીપ્રવાહનાં અસલરૂપો છે. જે યથાસ્થિત આવેલા શબ્દોને લીધે નૈસર્ગિક બનેલી ધારાવાહિતાના સૌંદર્યને વધારે છે. ¶ કાવ્યની ભાષા સરલ ને સૉનેટરૂપ સુયોજિત છે એટલે સહજ પ્રયત્ને અર્થ સુલભ થાય છે. 'ચોમેર નિરાશાનું ઘોર અંધારું દેખતાં કે આપત્તિનાં વાદળાંને કડકડાટ તૂટી પડતાં સાંભળતાં તું શા માટે અશાન્ત બને છે, કે ડરી જઈને હારી ખાય છે?'—એમ કવિ અધીરા હૃદયને સાન્ત્વન આપે છે ને પછી ઉત્તેજે છે કે 'ભલો રુદ્ર પણ પોતાના તાંડવથી તારા પ્રાણને ડરાવી શકવાનો નથી, કે અખિલ વિશ્વના કરાલ ઝંઝાવાતો પણ તારા હૃદયદીપને કદી બુઝાવી શકવાના નથી.' અને અહીં ષટ્ક પૂરું કરીને અષ્ટકથી હીરાના ઉદાહરણનો નવો વિચાર શરૂ કરી કહે છે કે 'પૃથ્વીના ઘોર અંધારા ને પ્રશાન્ત ઊંડા પેટાળમાં તે પડ્યો છે; આજ કે કાલ જેવા ટૂંક સમયની કે તેનાં મામૂલી દુઃખોની ચિંતા કે વ્યથા તેના અંતરને લેશમાત્ર અડતી નથી,—અરે! યુગના યુગ વીતી જવા છતાં (આ ઉક્તિને માટે યોજેલા રૂપક 'મહાન રથચક્ર…'ની કલ્પના અને શબ્દાવલિ બંને સારાં છે) ત્યાં એ ઊંડા અંધારે પડેલો હીરો જરાયે વ્યથા પામતો નથી; (કોઈ કાચોપોચો તો આ સંજોગોમાં ઝૂરી મુઓ હોય) બલ્કે એ આંધળા અંધારાને (પેલી સુંદર કલ્પના ફરીથી) પોતાના તેજરૂપી સ્મિતથી આંખો આપે છે!' આમ, ભીષણ નિરાશાના અંધકારમય વાતાવરણમાં પણ પોતાની ધીરતાથી પ્રોત્સાહન પ્રકટાવતા કોઈ શક્તિશાળી વીરના રૂપકને ઘટાવીને, સૉનેટની યથોચિત પૂર્ણાહુતિરૂપ જોરદાર છેલ્લી બે લીટીમાં ઉદ્બોધન કર્યું છે કે 'આજે તું માનવહીરો ભલે જગખીણને કોઈ અંધારે ખૂણે રહ્યો, પણ એક વખત એવો અવશ્ય આવવાનો છે કે જ્યારે તારા તેજથી જગતનો દિ' ઊજળો થશે.' ¶ શરૂઆતમાં જ આવેલા 'અધીર ઉર' સંબોધનથી તથા પોતાની જાતને જ જાણે સાન્ત્વના આપી ધીર ધરવાનું કહેતા હોય એવા કાવ્યમાંના ભાવથી આ આત્મપક્ષી પ્રોત્સાહકાવ્ય ગણી શકાય. —બ.રા.

મારી નજરે

● 'જીવનમંત્રની શોધમાં' લખતાં શ્રી કનૈયાલાલ મુનશીએ જે નવું સાહિત્ય ઘડવા માંડ્યું છે તે ધ્યાન ખેંચ્યા વિના રહેતું નથી. દરેક માણસને જીવનમાં મનની તુલા સાચવવાને કોઈ ને કોઈ વિચારમાળાની જરૂર પડે છે. આવી વિચારસરણીથી આત્માને થતા જખમો રૂઝાય છે અને કાર્યશક્તિ (જીવનશક્તિ) સજીવ રહે છે. એવા સાહિત્યનું બીજું નામ તત્ત્વજ્ઞાન. એવું તત્ત્વજ્ઞાન મળ્યા પછી ઉદ્વેગનો અભાવ અને ઉત્સાહ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ સહજ થતાં લાગે તો એ જ્ઞાન સાચું; નહિ તો તેની વિચારસરણીમાં પોલ, દંભ અથવા અનુભવશૂન્યતા જ હોવી જોઇએ. શ્રી મુનશીનાં થોડાંક અવતરણો સાચવવા જેવાં લાગે છે.

'સ્વયંનિર્ણિત ભાવના એ સ્વર્ગ—એ મુક્તિ; પરનિર્ણિત ભાવના એ નરક—અધમ ગતિ.'

'ભાવના એકલી વિકાસ સાધવા અસમર્થ છે. એને જે તપાવી ટીપી વજ્ર બનાવે તે ઇન્દ્રાસને ચઢે.

ભાવનાશક્તિને ક્ષીણ કરનારો મારો દુશ્મન તે ક્લેશ ક્લેશ મારી ભાવનાશક્તિ એકાગ્ર થવા નથી દેતો, મને પર-નિર્ણિત વિકાસમાંથી છૂટવા નથી દેતો....મારી અકળામણનું કારણ સામો દુ:ખ દેનાર નથી—મારો સ્વભાવ છે. બાકી ક્લેશ છે અસ્મિતા. હું મારાપણાનો વાડો રચી મારી ભાવના-શક્તિ ક્ષીણ કરું છું.

ભાવનાશક્તિની સાધનાનો એક જ માર્ગ છે. જે ક્લેશો સાથે રણજંગ ખેલે છે તે જ જીતે છે, જેણે ક્લેશ જીત્યો તે જ વિજેતા છે.

રાગ જીતે તે શાંતિ પામે; ક્લેશ જીતે તે પ્રેમ પામે, ભય જીતે તે શક્તિ સાધે.'

'કિશોર' અને 'છાત્રતેજ'

● બે શાળાતંત્ર જેવાં બે માસિકો મારી પાસે આવ્યાં ત્યારે બંનેના પ્રકારો જુદા હોવા છતાં એક વાતનું સામ્ય તેમાં એ લાગ્યું કે બંને પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની હોવા છતાં તેમાં વિદ્યાર્થીઓના વ્યક્તિગત જીવન કે સ્વરૂપ ઉપર ભુરખો જ રહ્યો છે. ડાહીડાહી વાણી, નિબંધો અને દુનિયાની ચોવટ તથા સામાને છાપ પાડે એવો દેખાવ કરવાની હોંશમાં આત્મકથન, સ્વાનુભવ કે સ્વનિર્માણ ભાગ્યે જ મળે છે; એટલું જ નહિ પણ જગતના કોઈપણ પ્રગતિશીલ વિદ્યાર્થીઓની સરચાઓ, પ્રવૃત્તિઓ કે સાહસોનાં વાચનનો ધ્વનિ પણ નથી. આના કારણ રૂપે સંસ્થાના માલિકોએ આપેલી મર્યાદા અથવા તેમની દષ્ટિમાં ઠીક લાગે એવું કરવાનો પ્રયત્ન વગેરે ઘણું લાગે છે. જો શિક્ષકો એમ કહે કે વિદ્યાર્થીઓ આવા હોવા જોઇએ, તો વિદ્યાર્થીઓ પણ પોતાનો મનોભાવ વ્યક્ત કરે કે અમને આવા શિક્ષકો ગમે. પછી ભલે સત્તા અને શાણપણ અમલ કરી જાય: પણ સ્વાનુભવ વ્યક્ત કરવાની વૃત્તિ અને અધિકારનો નાશ કેમ થવા દેવાય? એવાં સ્પષ્ટકથનોથી કદાચ બંને પક્ષને વધુ વિચાર કરવાની અને સુધારવાની યોજના પણ સૂઝે

'છાત્રતેજ'ને એક વાતનું અભિનંદન આપવું જ પડશે તે એ કે તેના તંત્રવાહકોએ બજાર અથવા કોઇ પણ જાહેર ખબરને સ્થાન આપ્યું નથી. પરંતુ લેખમાળાના કેન્દ્રમાં શાળાના પાઠો અને શાળાના બોધનો ઢગલો જોઇને આપણા વિદ્યાર્થીઓની વિવિધ જ્ઞાનની અરૂચી જોઇ દુ:ખ થાય છે. મૅટ્રિક થયા પછી મોટો ભાગ તો ધંધે લાગી જવાનો. પછી જગતની ને કુદરતની વિચિત્રતાઓ તથા સાહસોના રોમાંચ ભોગવવાનું ક્યારે? શાળાના વિચારશીલ સંચાલકો શાળાના અભ્યાસજીવનમાંથી બચતી ફુરસદમાં વિવિધ પ્રદર્શનો, પર્યટનો, વ્યાખ્યાનો, પુસ્તકાલયો અને પ્રસિદ્ધ પુરુષોના પરિચયો મારફત આ ઊણપ પૂરવા પ્રયત્ન કરી શકે; અને તેમાંથી જાગતી ઊર્મિ આલેખતું સાહિત્ય આવી શાળાપત્રિકામાં પ્રસિદ્ધ થાય તો જ વિદ્યાર્થીઓનાં સાચા માનસનાં દર્શન થાય.

કળા અને સાહિત્યનો પ્રેમ દર્શાવતા કેટલાક લેખો આ પત્રિકામાં છે. પણ તેનું મામૂલીપણું સમજવવા અથવા તે પ્રકારનો અભ્યાસ-વિકાસ બતાવવા શાળાસંચાલકોએ તેમની પાસે વિશિષ્ટ સાહિત્ય અને લેખો મૂકી તેમની વ્યક્તિગત વૃત્તિને અનુમોદન આપવું જોઇએ. આટલા કડક રીતે કહેવા સાથે એ પત્રિકાના ઉત્સાહી લેખકો પાસેથી આશા રાખું છું કે ભવિષ્યમાં વધારે તેજસ્વી લેખમાળા પ્રકટાવી શાળાની કારકિર્દી દીપાવે. છમાસિકને બદલે 'ષણ્માસિક' શબ્દ પસંદ કરવા જેવો નથી જ. એમના આ છમાસિકમાં આખા સત્રની મહત્ત્વની ડાયરી આવે, વિદ્યાર્થીઓના અંગત અનુભવો ને નોંધો આવે, સારાં ચિત્રો કે અલંકૃતિઓ આવે, ફોટોગ્રાફો પણ આકર્ષક અને રોચક બને. એમ મોટા વિદ્યાર્થીસમૂહમાંથી કંઇ ને કંઇ આપલે કરવાનું પાત્ર આ પત્ર બની શકે. આ વખતે આપેલા ફોટોગ્રાફોના બ્લૉકનાં માપ તેમજ ખર્ચમાં યોગ્ય ગોઠવણથી અરધોઅરધ બચાવ થઈ શકે એમ લાગે છે. 'કુમાર'ની છાપ-કળા અને ચિત્રયોજનાનું બારીકીથી અવલોકન કરનારને ઘણા પાઠ મળશે.


બીજું પત્ર 'કિશોર' રંગૂનની ગુજરાતી એ.વી. શાળાના શિક્ષકમંડળે પ્રસિદ્ધ કર્યું છે. તેના લેખો તો ઉપરના પત્ર જેવા જ છે, પણ ગુણે, રૂપે અને પ્રકારે તે જુદી જ ઢબનું છે. બ્રહ્મદેશ જેવા દૂરના પરભાષી પ્રાંતમાં ગુજરાતીઓએ મથક કર્યાં અને ગુજરાતી સંસ્કૃતિનું રક્ષણ કરવા ગુજરાતી વર્તમાન-પત્રો અને શાળા સ્થાપ્યાં એ સાહસ તથા પ્રવૃત્તિ ઓછાં અભિનંદનપાત્ર નથી પરંતુ સંસ્કૃતિ અને સંસ્કારિતાનો પ્રચાર કરનારે બહુ કાળજી અને વિચારશીલતા તેમજ સંયમ સાચવવાં પડે છે એ વાતનું યે તેમને એ સાથે સ્મરણ આપવું રહે છે. એ વાત વિસરાઇ જવાથી આ 'કિશોર' પત્ર શાળાનું વાજિંત્ર હોવા

છતાં સાવ બજારૂ સ્વરૂપનું પત્ર બની ગયું છે. પાનેપાને જાહેર ખબરનો અવાજ. દર્દો અને દવાઓનો સૂર એવો એકસરખો છે કે મોટી વયના માણસનું મન પણ બહેર મારી જાય તો બાળ વાંચનારાનું શું થાય? જોકે મોટાઓ વાંચીને વિચાર મેળવી શકે એવું બહુ થોડું છે; મોટે ભાગે બાળકો તથા શિક્ષકોને પ્રસિદ્ધિનો રસ લેવાનું એક સાધન હોય એવું જ એ લાગે છે.

'કિશોર' જેવી પ્રવૃત્તિ માટે આટલી બધી જાહેરખબરોનો ટેકો લેવો પડે તેના કરતાં ભાવનગરના શ્રી દ. વિ. ભવન તરફથી નીકળતી પત્રિકાઓ જેવા સાદા રૂપમાં સંસ્થાનું માનસ અને પ્રવૃત્તિ દર્શાવતા લેખો પ્રકટ કરવાની અમારી નમ્ર ભલામણ છે જાહેર ખબરોથી સંસ્થાને સહાય આપનારાને નમ્રતાપૂર્વક કહેવું કે તેઓ ખર્ચ ઉપાડતા હોય તો રંગૂનમાં વસતી ગુજરાતી પ્રજાના આનંદ-વિનોદ અર્થે એક ખાસ મોટો દળદાર અંક બનાવી તેમાં બધા આગેવાનો, સાહસિકો અને વેપારીઓનો પરિચય તથા ઇતિહાસ આપવાથી તેમને માટે તેમજ ગુજરાત માટે તે વધુ સંગ્રહયોગ્ય બનશે પણ ઊગતી પ્રજાના વાતાવરણમાં તેજસ્વી, પ્રતાપી, મુદ્દાસર અને પ્રેરણાપૂર્ણ સાહિત્ય-કળાના જ થાળ પૂરો. એને માટે અમે ઉપર 'છાત્રાતેજ' માટે જે કંઇ ભલામણ કરી છે તે 'કિશોર' માટે પણ ઉપયોગી થવા સંભવ છે.

ર.મ.રા.

નેપથ્યમાંથી



આજથી એકસો ને એકવીસ માસ પહેલાં, 'કુમાર'ના પ્રથમ અંકમાં બે કુમારોનો બાજુનો સ્કેચ પ્રકટ થયો હતો. 'કુમારે' મુદ્રણરૂપમાં બહોળા જગતનો પ્રકાશ જોયો તે પહેલાંના તેના હસ્તલિખિત પૂર્વજન્મના ઉત્પાદકો અને તંત્રીઓ એ બંને હતા. પહેલા અંકમાં એમનો પરિચય આપતા એ લેખના અંતે તંત્રીસ્થાનેથી લખાયું હતું કે '...તેઓ મોટી ઉંમરે પહોંચશે ત્યારે તેમનાં શક્તિ અને જ્ઞાન હાલના કરતાં ઘણાં વધી ગયાં હશે. ત્યાં સુધી આ માસિક ચાલુ રહે અને તેની જવાબદારી ઉપાડી લઈ અમને વિશ્રાંતિ આપે એવું ઈચ્છીએ છીએ.'

આજે એક દસકા પછી એમાં દર્શાવેલી ત્રણમાંની બે આકાંક્ષાઓ ફળી છે. આ પાછળ આપેલા એમના ફોટોગ્રાફો નીચેની ટૂંક હકીકત દર્શાવશે કે એમનાં શક્તિ અને જ્ઞાન અવશ્ય અનેક ગણાં વધી ગયાં છે; અને કોઈ પણ દેશના યુવાનને ગૌરવ આપે એવી ઉજ્જવળ કારકિર્દી તથા સિદ્ધિ જે દેશમાં જઇને મેળવી છે ત્યાંનું એમનું એ સમયનું ચિત્ર પ્રથમ અંકના ઉપલા ચિત્રની સાથોસાથ ફરી પ્રકટ કરવાનો દિવસ 'કુમારે' પણ જોયો છે. ત્રીજી આકાંક્ષા ફળવાની ઇચ્છા તો, આજે એમની આગળ પડેલા જીવનના વિશાલ કાર્યક્ષેત્રનાં ક્ષિતિજોને વીંધતી એમની મહત્ત્વાકાંક્ષાની કદાચ રોધક થઇ પડે.

એક નાની સરખી ઇનામી હરીફાઇ જાહેર કરવાની તંત્રીશ્રીએ મને અનુમતિ આપી છે. 'કુમાર' શરૂ થયું ત્યારે તેનું કીલકવાક્ય 'ઊગતી પ્રજાનું માસિક' એ પ્રકારનું રખાયું હતું. તે પછી 'આવતી કાલનાં નાગરિકોનું માસિક' 'આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક', 'આવતી કાલની આશાઓનું માસિક', 'નવા વિચાર અને નવી વાંછાઓ પ્રકટાવતું માસિક' એવાં વાક્યો વપરાયાં છે. તેમાં મુખ્યત્વે પહેલું જ વધુ સ્વીકાર્ય થયું છે. પણ એના કરતાં કોઈ વધારે સારૂં અને સૂચક, ટૂંકુ ને ચોટદાર વાક્ય 'કુમાર'ના જ વાચકો ન સૂચવી શકે? 'કુમાર'ના સંચાલન પાછળ રહેલી ભાવના તો તેમણે આજ દસ વર્ષ થયાં 'કુમાર' દ્વારા જાણી અને પ્રમાણી છે, એટલે એ વાક્યના સૂત્રશબ્દો કેવા પ્રકારના હોવા જોઇએ તેના વિશેષ સ્પષ્ટીકરણની જરૂર રહેતી નથી. મને તો લાગે છે કે ઘણાં ઉત્તમ વાક્યો 'કુમાર'ના વાચકો તરફથી આવશે. તેમાંથી શ્રેષ્ઠ જણાય તેને માટે પાંચ રૂપિયા સુધીનું ઇનામ ઠરાવ્યું છે. એ સ્થાન માટે એકબીજાની સરસાઇ કરનારાં એક કરતાં વધારે વાક્યો નીકળશે તો ઈનામની રકમ વધારાશે પણ ખરી. ઉપરાંત, તે પછીની પસંદગીનાં દસબાર વાક્યોને માટે પણ નાનાં નાનાં ઇનામો રાખ્યાં છે. વાક્યોની પસંદગી અને નિર્ણય કરવામાં તંત્રીશ્રીએ કૃપા કરીને સાથ આપવાનું સ્વીકાર્યું છે. મોકલવાની મુદત વૈશાખ સુદ પૂનમ—એપ્રિલની આખર સુધીની છે. વાક્યો પોસ્ટ કાર્ડ અગર કવર ગમે તેમાં લખી શકાશે.

મથાળે ડાબે ખૂણે 'હરીફાઇ— નેપથ્યવિભાગ' એટલું લખવું કૃપા કરીને સાથે બીજા કોઇ પણ જાતના પત્રવ્યવહારનો અથવા કાર્યાલયને લગતી બીજી કોઇ હકીકતનો સમાવેશ કરવો નહિ. તેવી કોઇ બાબતનો, અથવા આ હરીફાઇને લગતી ચર્ચાઓ કે ખુલાસાઓનો વિશેષ કશો પત્રવ્યવહાર કરવામાં નહિ આવે

—ઇ.ત.



અનંત



ઉપેન્દ્ર

ભાવનગરની સામળદાસ અને અમદાવાદની ગુજરાત કૉલેજમાં ઇન્ટર સુધીના અભ્યાસો કરી બંનેએ કરાચી એન્જીનીઅરિંગ કૉલેજમાંથી બી.ઇ. (સિવિલ એન્જીનીઅરિંગના સ્નાતક)ની પદવી મેળવી,—અનંતે તો બે સ્કૉલરશિપો મેળવીને તથા આખી યુનિવર્સિટીમાં પહેલા આવીને. એના પારિતોષિક રૂપે યુનિવર્સિટીનું જેમ્સ બર્કલી પ્રાઇઝ અને સુવર્ણચંદ્રક મેળવી ૧૯૩૦ના સપ્ટેમ્બરમાં અનંતે, અમેરિકામાં એન્જીનીઅરિંગ માટેની મોટામાં મોટી સંસ્થા M.I.T. (માસાચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી)માં પ્રવેશ કર્યો ને ત્યાં તરત જ પોતાની પ્રતિભાથી ગ્રૅજ્યુએટ સ્કૉલરશિપ મેળવી તથા 'સૉઇલ મિકૅનિક્સ'ના વિષયમાં રીસર્ચ-વર્ક (સંશોધન અભ્યાસ) કરી એમ. એસસી.ની પદવી પ્રાપ્ત કરીને ફરી આગળ અભ્યાસ માટેની ગ્રૅજ્યુએટ સ્કૉલરશિપ બીજી વખત જીતી. સાથે સાથે 'અમેરિકન સોસાએટી ઑફ સિવિલ એન્જીનીઅર્સ'ના જુનાઅર મેમ્બર તરીકે તે ચૂંટાયા. ઈ.સ. ૧૯૩૨-૩૩માં પરદેશના વિદ્યાર્થીને માટે અસામાન્ય બહુમાનરૂપ ૧૦૦૦ ડૉલરની ઑસ્ટીન રીસર્ચ સ્કૉલરશિપ જીતી ને ૧૯૩૩ના જૂનમાં પોતાના 'સૉઇલ મિકૅનિક્સ'ના વિષય ઉપર થીસીઝ આપીને, અમેરિકામાં સિવિલ એન્જીનીઅરિંગના અભ્યાસમાં શ્રેષ્ઠ ગણાતી ડી. એસસી.ની પદવી પ્રાપ્ત કરી. એ પદવીધારીઓ એમના સુદ્ધાં અમેરિકાભરમાં એ સંસ્થાના આજે માત્ર ચાર જ જણ છે એ હકીકત પરથી તેનું ગૌરવ તથા મહત્તા સમજાશે. ઉપેન્દ્રે પણ એ જ સંસ્થામાંથી ઉજ્જ્વલ કારકીર્દિ સાથે સૅનીટરી એન્જીનીઅરિંગના વિષયમાં વિશિષ્ટતા સાથે એમ.એસસી.ની ઉપાધિ મેળવીને ઇંગ્લંડમાં બરો ઑફ ન્યૂપોર્ટમાં એ વિષયની વ્યવહારુ તાલીમ લીધી અને ઇંગ્લંડના સૅનીટરી એન્જીનીઅર્સ ઇન્સ્ટીટ્યૂશન તથા અમેરિકાની સોસાએટી ઑફ સિવિલ એન્જીનીઅર્સના સભ્ય તરીકે ચૂંટાયા. તે પછી બંને પોતાના અભ્યાસની દૃષ્ટિએ યુરોપના વિવિધ દેશોનાં કારખાનાં તથા અભ્યાસસંસ્થાઓની મુલાકાત લઇ ૧૯૩૩ના અંતમાં સ્વદેશ પાછા ફર્યા છે.

જેલજંજાળ.. કેટલાં

[૧] ચોરીમાં સમાજસેવા

નંદલાલ : જેલમાંથી તાજા છૂટીને આવેલા એક ગૃહસ્થ
રણછોડ : એને મળવા આવેલા મિત્ર
સુદામ : નંદલાલનો બાર વર્ષનો દીકરો

નંદલાલ: શરૂઆતમાં તો કશા જ ખબર મળતા નહોતા. પણ ધીમેધીમે બધી વ્યવસ્થા થઇ ગઇ છી તો જે ધારીએ તે બધાં છાપાં 'તિકડંથી' મંગાવી શકતા.

રણછોડ: એ શી રીતે?

નંદલાલ: મગનો કરીને એક કેદી વૉર્ડર હતો. અતિશય ચાલાક હતો. એ જેલરની ઑફિસમાં જ કામ કરતો. એણે એવી સરસ વ્યવસ્થા ગોઠવી દીધી કે રોજ નિયમિત છાપાં મળ્યા કરે.

રણછોડ: અને અધિકારીઓ એ જાણતા નહિ? મેં તો સાંભળ્યું છે કે જેલર બહુ કડક માણસ છે.

નંદલાલ: કડક તો છે જ તો. પણ અંતે હમેશાં ચોરનારની ચાર અને જોનારની એ જ હોય. મગનો મોટો બદમાશ. કેટલી યે વાર જેલ જઇ આવીને જેલનો જ જીવડો બનેલો છે. ત્યાંના તંત્રનો એકેએક તાર ક્યાંથી ખેંચાય છે તે એ બરોબર જાણે છે. અલબત્ત. મગનો ન હોત તો આવી વ્યવસ્થા એ જેલરની દેખરેખ નીચે ન જ થઈ શકત. મગનાએ રાજકીય કેદીઓને પુષ્કળ જ મદદ કરીને આભારી કર્યા. એ છૂટે ત્યારે એને અમે બક્ષિશ આપવા વચન આપ્યું છે.

સુદામ: પણ ત્યારે તો ભાઇ, મગનાની કળા ઉપયોગી ન ગણાય?

નંદલાલ: જેલ જેવી જગ્યામાં ઉપયોગી ખરી.

સુદામ: પણ એ બહાર ચોરી કરીને એ કળા હાથ ન કરે તો અંદર શી રીતે ઉપયોગી થઇ શકે?

નંદલાલ: એટલે તું શું કહેવા માગે છે?

સુદામ: એમ કે તો પછી એને ચોરી કરવા માટે સજા કેમ કરાય?

નંદલાલ: ત્યારે શું ચોરી કરનારને ઇનામ આપવું?

સુદામ: ઉપયોગી કળા હાથ કરનારને તમે હમેશાં જ ઇનામ આપો છો અને મગનાને પણ છૂટે ત્યારે ઇનામ આપવાનું છે એમ તમે હમણાં જ કહ્યું. તો પછી એ કળા જો બહાર રહીને એ વાપરે તો સજા કેમ થાય?

વિવિધ પ્રકારની હોઈ શકે છે એ અહીં આપેલા બે પ્રકારો પરથી સમજાશે

નંદલાલ: તું તો મૂર્ખ જેવી વાતો કરે છે! આવું ને આવું જ નિશાળમાં ભણાવે છે કે શું?

સુદામ: પણ મારી ભૂલ ક્યાં છે તે તો મને સમજાવો?

નંદલાલ મોટા વાત કરતા હોય ત્યાં વચ્ચે બોલવું એ જ ભૂલ છે. ચાલ્યો જા અહીંથી.

[૨] બધું ખરું, પણ . . . .

હીરાલાલ-મોતીલાલ: જેલમાંથી છૂટી આવેલા બે મિત્રો.
સુનંદા: હીરાલાલનાં પત્ની

હીરાલાલ: પેલો સનો કાલે અહીં આવી પહોંચ્યો હતો! એણે શી રીતે આ ઠેકાણું શોધી કાઢ્યું તેની કાંઈ ખબર પડી નહિ. મેં તો એને ઠેકાણું આપ્યું જ નહોતું.

સુનંદા: એ સનો કોણ છે? એ આવ્યો ત્યારે તમે ચમકી ગયા હતા.

હીરાલાલ: એ જેલમાં અમારો ખરદાસી હતો. બે ત્રણ વાર જેલમાં ગયો, ત્યાં પણ એણે અમારી બહુ ચાકરી કરી હતી. ઘરનો નોકર પણ એટલી ચાકરી ન કરે.

મોતીલાલ: એ શું ઇચ્છતો હતો?

હીરાલાલ: એ ઇચ્છે છે કે એને ક્યાંક નોકરીમાં ગોઠવી દઉં. મેં એને પાંચ રૂપિઆ આપ્યા, પણ એ કહે કે ક્યાંક નોકરીમાં ગોઠવી દો, નહિ તો એને જેલમાં ગયે જ છૂટકો છે. મેં એને જેલમાં વચન પણ આપ્યું હતું. પણ હવે હું ક્યાં એની ભલામણ કરી શકું!

મોતીલાલ: તમારા આટલા મોટા ખાતામાં એક માણસ તો સહેજે પોસાઇ શકે.

હીરાલાલ: પોસાઇ શકે તેનો પ્રશ્ન નથી; પણ આપણા ઘરમાં જોખમ હોય, અને એને પડી ચોરીની ટેવ! એ જ મુશ્કેલી છે.

મોતીલાલ: પણ એને પૂરતું મહેનતાણું આપો તો એ શું કામ ચોરી કરે? એ કાંઇ રીઢો બદમાશ નથી જણાતો.

હીરાલાલ: એ તો સાચું, પણ અંતે તો ચોરજ ને? એનો વિશ્વાસ કેમ બેસે?

મોતીલાલ: પણ તમારા જેવા જે બારબાર મહિના સુધી એના પરિચયમાં આવ્યા તે થોડું સાહસ કરી એને પ્રામાણિક જીવન ગાળવાની તક ના આપો તો બીજા એને પાસે ઊભો ન રહેવા દે તેમાં કાંઇ નવાઇ છે?

હીરાલાલ: એ ખરું. પણ મારાથી એવું જોખમ ન ખેડાય. કોઇ એને રાખી લે તો હું થોડા મહિના એનો અર્ધો પગાર પણ આપું; પણ મારે ત્યાં એનો પગ ન જોઇએ.

સુનંદા: પણ આપણે ન રાખીએ તો આપણે એની ભલામણ કેમ કરી શકાએ?

હીરાલાલ: ભલામણ નહિ. બધી હકીકત જાણીને ખુલ્લી આંખે અને પોતાને જોખમે રાખે.

સુનંદા: પણ એમ કોઇ ન રાખે તો એણે શું કરવું?

હીરાલાલ: એ કઠણ પ્રશ્ન છે.

સુનંદા: તો પછી એને જેલનો જ રસ્તો લેવો પડે ને?

હીરાલાલ: એવું બને છે ખરું.


સુનંદા: અને પાછો નીકળે ત્યારે એનું 'ડાગીજ'-પણું વળી વધ્યું ગણાય.

હીરાલાલ: એ બધું સાચું; પણ તેથી કાંઇ મારી એને રાખવા હિંમત ચાલે નહિ.

સુનંદા: પણ જો તમે હિંમત ન કરો તો એને ન ઓળખનારા પણ ન કરે; અને તો પછી એને ઓળખનારા પણ ન કરે; અને તો પછી એને ઘડી ઘડી જેલમાં જ જવું પડે. ત્યારે તો સરકાર એવા માણસોને આખો જન્મારો જ જેલમાં રાખે તો વધારે દયા કરી કહેવાય.

હીરાલાલ: એ તારું બધું ખરું, પણ તેથી કાંઇ મારાથી એનો પગ ઘરમાં ન ઘાલી શકાય.

કિશોરલાલ ઘ. મશરૂવાળા



દસ કરોડ હિંદીભાષી જનતાનું લાગટ વીસ વરસ સુધી સાહિત્યસિંહાસન દીપાવનાર

હિંદીસાહિત્યશિરોમણિ

પંડિત

મહાવીરપ્રસાદ દ્વિવેદી

હિંદી સાહિત્યના મુકુટમણિ સમા શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદી સં. ૧૯૯૦ના વૈશાખમાં ૭૦ વર્ષની અવધે પહોંચ્યા તે શુભ અવસરે તેમના જીવનકાર્યને માનાંજલિરૂપ એક ગ્રંથ (દ્વિવેદી અભિનંદનગ્રંથ) હિંદી ભાષા સેવી વિખ્યાત સંસ્થા કાશીની નાગરી પ્રચારિણી સભાએ પ્રકટ કરી એ મહાપુરુષ તરફ કૃતજ્ઞતા દર્શાવી સ્વનામ કૃતાર્થ કર્યું છે ને જનતા સમક્ષ ભૂતકાળનું ઋણ ગૌરવપૂર્વક સ્થાપિત કર્યું છે.

૮×૧૧ ઇંચ માપના જાડા ઊંચા પ્રકારના કાગળ ઉપર લગભગ ૬૦૦ પાનાંનું વાચન, ત્રીસેક જેટલાં રંગીન ચિત્રોની માઉન્ટ કરેલી પ્લેટો, ૨૩ જેટલી હાફટોન ચિત્રોની પ્લેટો અને સોનેરી છાપણીવાળી સુરમ્ય તથા મજબૂત બાંધણી, એ આ ગ્રંથનું બાહ્ય સ્વરૂપ છે. એ ઉપરાંત અંદર આપેલા સુપ્રસિદ્ધ વિદ્વાનોના ૧૦૦ જેટલા મહત્ત્વપૂર્ણ લેખો, પ્રસિદ્ધ ભારતીય કલાવંતોની આ ગ્રંથ માટે જ મેળવેલી ખાસ કલાકૃતિઓ તથા પ્રત્યેક લેખના આદિ તથા અંતમાં આપેલાં સંસ્કૃતિદર્શક સુશોભનોનો વિચાર કરીએ તો આ ગ્રંથ ભારતીય પ્રકાશનોમાં ઊંચા સ્થાનને લાયક ઠર્યા વિના રહે નહિ.

એ પ્રકાશનનું વિધાનકાર્ય અલ્લાહાબાદના વિખ્યાત ઇંડિયન પ્રેસના સંચાલક શ્રી હરિકેશવ ઘોષને આભારી છે.

નાગરી પ્રચારિણી સભાએ આ ગ્રંથના સંપાદનકાર્યનો ભાર બાબુ શ્યામસુંદરદાસ અને શ્રી રાયકૃષ્ણદાસજીને સોંપ્યો હતો અને એ વિદ્વાનોએ આ ગ્રંથને જે સુરુચિથી સજાવટ આપી છે તેથી તેમની પ્રતિષ્ઠા સિદ્ધ થાય છે. આ કાર્યમાં તેમની વિનમ્રતા આદર્શરૂપ હતી. જ્યારે લેખોની સંખ્યા વધી પડી અને થોડા કમી કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે આ સંપાદકોએ પોતાના લેખો સૌ પહેલાં ખેંચી લીધા. એ કર્તવ્યથી તેઓ વિશેષ માનપાત્ર બને છે.

જે માનાર્હ વ્યક્તિની હિંદી ભાષાની સેવાઓની ઋણપૂજા અને અભિનંદન માટે આ ગ્રંથનું અનુષ્ઠાન થયું છે તે હિંદી સાહિત્યશિરોમણિ પંડિત શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદીજીનું સમસ્ત જીવન અતિ પ્રેરક અને દૃષ્ટાંત રૂપ છે. તેઓ આધુનિક હિંદીના યુગપ્રવર્તક લેખક અને આચાર્ય તરીકે પ્રતિષ્ઠિત છે. જીવનનાં છેલ્લાં પાત્રીસ વર્ષોના સતત પરિશ્રમથી તેમણે હિંદી ખડીબોલીનાં ગદ્ય અને પદ્યની એક પાકી વ્યવસ્થા આણી, અને બંને પ્રણાલિઓ દ્વારા પૂર્વ તથા પશ્ચિમની પુરાતન અને નૂતન, સ્થાયી અને અસ્થાયી જ્ઞાનસંપત્તિ જે તેમની ખરેખરી મોંઘી કમાણી હતી તે હિંદી ભાષા બોલતા પ્રાંતોમાં છૂટે હાથે વહેંચી આપી. એટલું જ નહિ, પરંતુ જીવનમાં પણ પોતે ઘણા અપરિગ્રહી છે. સહસ્રો પુસ્તકો અને સહસ્રો રૂપિયા જે કંઈ તેઓ હિંદીમાંથી કમાયા તે બધું જ હિંદીની હિતેચ્છુ સંસ્થાઓને સોંપી દઈને પોતે આજે એક સાધારણ ગૃહસ્થની પેઠે સ્વલ્પસાધ્ય જીવન ગુજારી રહ્યા છે. ગરીબીના પંકમાંથી આત્મબળે પોતાની શોભા વિકસાવી હિંદીના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરનાર એ માનવકમળના જીવનની સુરમ્ય રેખાનું દર્શન એ ગ્રંથમાંથી વાચકોને કરાવીએ.



કાશીની નાગરી પ્રચારિણી સભાની ધ્યાનસંજ્ઞા

દોલતપુરનો એક દરિદ્રી બ્રાહ્મણ બાલક

જેણે લાગટ વીસ વરસ સુધી હિંદી બોલતી લગભગ દસ કરોડ જનતાનું સાહિત્ય-સિંહાસન દીપાવ્યું તે લખનૌની આસપાસના એક ગ્રામીણ બ્રાહ્મણ છે. અવધની નવાબીનો અંત આવી ગયો તે વખતે તે પ્રાંતના દોલતપુર નામના એક નાનકડા નિર્ધન ગામડામાં એમનો જન્મ થયો હતો. તે પ્રદેશ એ કાળમાં કેવળ ઉજ્જડ તથા નિરક્ષરતા અને દરિદ્રતાનું કેન્દ્ર બની રહ્યા હતો. છતાં પ્રાચીન સ્મૃતિઓ જેમ તદ્દન લુપ્ત થતી નથી અને તેને લીધે પ્રાચીન સંસ્કાર કોઈક વાર સુયોગ મળતાં પુનર્જન્મ લે છે તેમ, એ ભૂમિમાં સરસ્વતીનો બીજમંત્ર જીવ્હા પર અંકિત થએલા એવા બાળક મહાવીરનો વૈશાખ માસની એક રાત્રિએ જન્મ થયો.

બાળક મહાવીરને બહુ ઊંચી કેળવણી મળી નહોતી. પાઠશાળામાં ઉર્દુ ફારસીનું જ્ઞાન મળ્યું અને ઘર આગળ 'શીઘ્રબોધ'વાળી કામચલાઉ સંસ્કૃત ચોપડી થોડી કરી નાખી. તે પછી આગળ અંગ્રેજી ભણવાને એ રાયબરેલી ગયા. એ વખતની પરિસ્થિતિ જેઓ જાણે છે તેમજ એ સમયના બ્રાહ્મણોની અવસ્થાથી જેઓ પરિચિત છે તેમને તો નવાઇ ન જ લાગે કે કેળવણી અથવા શાળાશિક્ષણ તેમને કેટલું દુર્લભ હતું. પણ પુરુષાર્થી મનુષ્ય દરિદ્ર હોય ત્યારે વધુ ઉદ્યમ કરે છે. બાળક દ્વિવેદી પોતાના ઘરથી પંદર ગાઉ દૂર રાયબરેલી સુધી, અઠવાડિયાનું સીધું સાથે બાંધી પગપાળા જતા. હાથે ભોજન બનાવી લેવું એ તો એ કાળે સાધારણ વાત ગણાતી. એ વખતે ફી માત્ર થોડા આનાની હતી, છતાં તે મેળવવી એ એક વિકટ સમસ્યા લાગતી. આ બધી પરિસ્થિતિમાંથી દ્વિવેદીજીએ ઉત્તરોત્તર અનેક સદ્દગુણોનો વિકાસ સાધી લીધો હતો.

પણ આ ભણવા ગણવાનું છોડીને તેમને પોતાના પિતાની પાસે મુંબાઈ જવું પડ્યું. અને ત્યાં તેમને થોડા વખતમાં રેલવેમાં એક નોકરી મળી ગઈ. એ દરમ્યાનમાં મરાઠી તથા ગુજરાતી ભાષાનો પરિચય તેમણે મેળવી લીધો, અને અંગ્રેજી પણ વધાર્યું. નોકરીને અંગે તેમને નાગપુર, અજમેર અને મુંબાઇ જવું આવવું થતું. મુંબાઇમાં રહીને તેમણે તારનું કામ શીખી લીધું, એટલે જી.



જેણે ખંતભરી ઉપાસના, અખંડ અભ્યાસ અને અવિરત ઉદ્યોગ વડે એ સ્થાન પ્રાપ્ત કર્યું

આઈ. પી. રેલવેમાં તારમાસ્તરની જગ્યા તેમને મળી. અને ધામેધામે ખંડવા, હોશંગાબાદ, ઇટારસી વગેરે સ્થળે તેમની પદવી વધતી ગઇ. છેવટે તેમની પ્રવીણતા જોઇ ખાતાએ તેમને ટેલિગ્રાફ ઇન્સ્પેકટર તરીકે ઝાંસી મોકલ્યા. નવી તરેહની લાઇનકલીઅર પદ્ધતિ ચલાવી તેમણે ત્યાં પણ પોતાની પ્રતિભા દાખવી. ઉપરાંત તાર-પદ્ધતિ ઉપર અંગ્રેજીમાં એક પુસ્તક પણ તેમણે લખી નાખ્યું. એ વખતે કાનપુરથી ઇટારસી, આગ્રા અને માનિકપુર સુધી તેમની દેખરેખ હતી. આ દરમિયાન બંગાળીઓની સંગતિમાં બંગાળી ભાષા પણ એ શીખ્યા.

દોલતપુરનો એક દરિદ્ર બ્રાહ્મણ આટલે ઊંચે હોદ્દે પહોંચ્યા પછી કોઇ પણ જાતની બીજી વધુ માથાફોડ વહોર્યા વગર હવે સુખચેનમાં નોકરી અને જીવન ભોગવી શકે એમ હતું; છતાં દ્વિવેદીજીની ઉદાત્ત પ્રકૃતિને એ રૂચે એમ નહોતું. ઝાંસીમાં તેમના જૂના ઉપરીની બદલી થતાં નવા ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ આવ્યા, તેની જોડે કંઇક બોલચાલી થઇ ગઇ અને તેને પરિણામે બીજે જ દિવસે સાહેબને ચાર્જ સોંપી દઇ પોતાના હિંદી


કાર્યક્ષેત્રમાં ચાલ્યા આવ્યા, તે આજની ઘડી ને કાલનો દહાડો. એ વખતથી તેમાં જ પોતાનું જીવન રત રાખ્યું છે.

એ સમય સુધીમાં તો મેકૉલે સાહેબે દાખલ કરેલી અંગ્રેજી કેળવણીની પ્રથા દેશભરમાં રૂઢ થઇ ગઇ હતી. લોકો અંગ્રેજી સમીક્ષાશૈલીથી પૂર્ણ પરિચિત થઇ ગયા હતા. સંસ્કૃત, પ્રાકૃત અને બીજી દેશ્ય ભાષાઓના અભ્યાસી તથા કેટલાક વિદેશી વિદ્વાનો અને તેમના શિષ્યો કામ કરવા આગળ પડતા હતા. સભા–સોસાએટીઓ જોકે પહેલાંની પણ થોડી હતી; પણ એકદમ નવીન ઉત્સાહ અને આગેવાની લઇને અંગ્રેજી કેળવણી પામેલા ત્રણેક નવયુવકોએ આ અરસામાં કાશીમાં 'નાગરી પ્રચારિણી સભા' નામની એક સંસ્થાની સ્થાપના કરી અને તે દિવસથી આજ સુધીના અવિશ્રાંત પરિશ્રમથી તેને દેશની એક પ્રમુખ સાહિત્યસંસ્થા તરીકે સિદ્ધ કરી બતાવી. પત્રપત્રિકાઓ પણ ઘણાં નીકળતાં, પણ નવીન રુચિ અનુસાર નવીન જરૂરીઆતોની પૂર્તિ ખાતર એ સભા મારફત 'સરસ્વતી' નામની પત્રિકાના શ્રી ગણેશ થયા. ડાક્ટર ગ્રીઅર્સન, જે ભારતીય ભાષાઓના પ્રકાંડ પંડિત ગણાતા, તેમણે હિંદી સાહિત્ય અને કેટલાક કવિઓનાં જીવન પર પ્રશંસાત્મક સમીક્ષા અંગ્રેજીમાં લખી. તેમાં તેમણે તુલસીદાસને એશિયાના ઉત્કૃષ્ટ કવિઓમાં સ્થાન આપ્યું, એટલે અંગ્રેજી તેમજ હિંદી વિદ્વાનોમાં ખૂબ ઉહાપોહ અને ઉત્સાહ દેખાયાં. 'નવરત્ન' નામક હિંદી કવિઓનો સમીક્ષાગ્રંથ પણ એ જ કાળમાં બહાર પડ્યો.

'સરસ્વતી'ના આકાર અને પ્રકારને મળતું બંગાળી પત્ર 'પ્રવાસી' પણ એ જ દિવસોમાં અલ્હાબાદના ઇન્ડિયન પ્રેસમાંથી નીકળતું. હિંદીમાં તો 'સરસ્વતી' રૂપરંગમાં અદ્વિતીય હતું. પહેલાં બે વર્ષ સુધી એના પાંચ સંપાદકો હતા, જેમાં બાબુ શ્યામસુંદર દાસ પણ હતા. ત્રીજે વર્ષે તેમણે એકલાએ સંપાદનકાર્ય સંભાળ્યું હતું, અને ચોથે વર્ષે પં. મહાવીરપ્રસાદજીએ 'સરસ્વતી'ની સેવા પોતાના હાથમાં લીધી. એ પહેલાં પંડિતજીની ખ્યાતિ સંસ્કૃત તેમજ હિંદી લેખોથી સાહિત્ય જગતમાં પસરી ચૂકી હતી. તેમના પહેલા વર્ષના એ સંપાદનમાં પંડિત ગિરિજાદત્ત વાજપેયી સિવાય બીજા કોઇનો લેખ આખા વર્ષમાં 'સરસ્વતી'માં આવ્યો નથી. આખા અંકનું બધું જ એ પોતાની કલમથી પૂરું કરતા. તેનું કારણ આવેલા લેખોનો સંગ્રહ ખૂટી ગયો હતો એમ નહોતું, પણ તેમને પસંદ આવે તેવો એક પણ લેખ તેમાં નહોતો. જે હતા તેમાં પણ સાહસૂરીની એટલી બધી જરૂર રહેતી કે તેનું તદ્દન રૂપાંતર કરવું પડે. પત્રનું એ ચોથુ વર્ષ હતું અને ગ્રાહકસંખ્યા બહુ ઘટી ગઇ હતી; હાલત ડામાડોળ હતી, પરંતુ સ્વર્ગસ્થ બાબુ ચિંતામણિ ઘોષનાં સાહસ અને હોંશ તથા દ્વિવેદીજીની વિદ્વત્તા, પરિશ્રમ, સંપાદનકલા અને કલમના જોરે બધું સંભાળી ચલાવી લીધું; નહિ તો છેલ્લાં ત્રીસ વરસોનો હિંદી સાહિત્યનો ઇતિહાસ કંઇ જુદી જ રીતે લખાત.

'સરસ્વતી'ના બીજા તેમજ ત્રીજા સંયુક્ત અંકમાં પોતે 'હિંદી ભાષા અને સાહિત્ય' નામનો અતિ મહત્ત્વનો લેખ લખ્યો. તેના અંતમાં એ વખતનાં વિશ્વવિદ્યાલયોના પદવીધરોને કડકરીતે ઝાપટયા. તેમાં પૂજ્યવર પંડિત મદનમોહન માલવીયજીને પણ છોડયા નહોતા. એમણે પ્રેમપૂર્વક વિનય કર્યો કે 'આપ પોતે હિંદીમાં લખતા રહો અને આપના પ્રભાવને આધીન રહેતા સર્વને હિંદી અપનાવવા પ્રવૃત્ત કરો.' આમ પંડિત દ્વિવેદીજીના જુદીજુદી રીતના ભગીરથ પ્રયાસથી નામી વિદ્વાનો, પ્રોફેસરો અને પંડિતો 'સરસ્વતી' માટે લખવા મંડયા. શ્રી ગીરિજાકુમાર ઘોષ બંગાળી હતા છતાં 'લાલા પાર્વતીનંદન'ના નામથી એમણે જે કહાણીએ લખી છે તે વાંચીને કોઇ ન કહે કે કોઇ બંગાળીએ તે લખી હશે. હિંદીમાં આધુનિક વાર્તાલેખનનો આરંભ તેમાથી જ થયો.

કોઇપણ લેખ પોતે સાદ્યંત વાંચ્યા કે સુધાર્યા વિના હરગીઝ 'સરસ્વતી'માં છાપવા દેતા નહિ. પછી લેખ ગમે તેનો હોય કે વિષય ગમે તે હોય. ઘણીવાર તો આ કારણે લેખકો સાથે તેમને રીસામણા-મનામણાં, ઝગડા અને વિવાદ પણ થતા. પોતે તેઓને બહુ ધૈર્યથી કહેતા 'આખરે આપણે સર્વજ્ઞતાનો દાવો તો રાખી ન જ શકાએને ? આપ સૌથી ભૂલ તો થાય. મારી ભૂલ હોય ત્યારે આપ બતાવશો તો હું કૃતજ્ઞતાપૂર્વક તેનો સ્વીકાર કરીશ.' લેખોનું સંશોધન કરતાંકરતાં પોતાના મનમાં ભાષા અને વ્યાકરણના નિયમોની 'અસ્થિરતા' સંબંધે કેટલાક વિચારો આવ્યા તે પરથી 'ભાષા અને વ્યાકરણ' નામનો લેખ એમણે 'સરસ્વતી'ના છઠ્ઠા ભાગના અગીઆરમા અંકમાં આપ્યો. તેમાં અનેક પ્રસિદ્ધ લેખકોનાં ઉદાહરણો આપી પોતાના લેખને પ્રમાણભૂત કર્યો.



એ હાથમાં જે આવ્યું તે લઇને બ્રાહ્મણ પાણીની સપાટી ઉપર આવ્યો.
(બા વ ન ગં ગા)
ચિત્રકાર - રવિશંકર રાવળ



કુ. શ્રીમતી હઠીસિંગ

એમનું નૃત્યમાનસ પ્રકટ કરતો ફોટોગ્રાફ, જેને વિષે ગયા અંકમાં ફોટોકલા પ્રદર્શનના લેખમાં સૂચન કરવામાં આવ્યું હતું.

(ફોટો જી.એ.સ્મિથ)

જેમજેમ 'સરસ્વતી'ની ભાષા અધિકાધિક સુબોધ અને રોચક થતી ગઇ તેમ તેના વિષયો પણ વધુ ગંભીર ને ઉપયોગી થતા ગયા. તેણે જે નમૂનો હિંદી સંસારને બતાવ્યો તેનું ખૂબ જોરથી અનુકરણ થવા લાગ્યું. ભાષા, ચિત્ર, છપાઈ, રૂપરંગ બધા અંગોમાં સામયિક હિંદી પત્રકારિત્વમાં 'સરસ્વતી' આદર્શ થઇ પડ્યું.

હિંદી સાહિત્યના પ્રચાર તથા પ્રસાર માટે તેનું કોઇ અંગ દ્વિવેદીજીએ છોડ્યું નથી. અન્ય ભાષાઓમાં પ્રકટ થએલા ઉત્તમ લેખોનો આસ્વાદ પોતાના વાચકોને આપી તેની કદર કરવાનું પણ તે ચૂકયા નથી. તેમના સંપાદનની એ પણ એક વિશેષતા હતી.

આમ 'સરસ્વતી' આરંભથી જ વિવિધ વિષયોનું પત્ર બની નીકળ્યું અને તરત જ એ હિંદીઓનો હૃદયહાર બની ગયું. તેનું કલેવર ઉજ્જ્વલવસાન અને નિરલંકાર હતું તે સાથે તેનું અંતર એટલું જ સ્વચ્છ, સરલ અને નિરલસ હતું. એના વિચારો નિશ્ચલ હતા, ભાષા સ્પષ્ટ ને સ્ફુટ હતી; એમાં વિદ્યા હતી પણ વિદ્યાનું પ્રદર્શન નહોતું; કઠિન પરિશ્રમ હતો પણ ઉપાલંભ નહોતો; સંઘટન હતું પણ વિજ્ઞાપન નહોતું. દ્વિવેદીજી તેના સંપાદક થયા પછી તેમણે સમાજની બહુમુખી આકાંક્ષાઓને અનુરૂપ વિવિધ વિષયોના ખાસ લેખકો તે દ્વારા તૈયાર કર્યા અને તેમને હિંદી લખવાને પ્રેર્યા. આજે તે પૈકીના કેટલાક લેખકો પ્રસિદ્ધ પંડિતો, અધ્યાપકો અને વિચારકો મનાય છે, જેમાંના કેટલાક તો દ્વિવેદીજી સરસ્વતીથી છૂટા થયા તે સાથે હિંદી લખતા જ બંધ થઇ ગયા છે.

દ્વિવેદીજી સિદ્ધાંતવાદી સંપાદક હતા. લોકમત અને લોકરૂચિ ઉપર ધ્યાન રાખતા છતાં પોતાના સિદ્ધાંતો પર વિશેષ ધ્યાન આપતા. કેટલાયે વાચકો 'સરસ્વતી'ના અભ્યાસથી પોતાની વિદ્યા, બુદ્ધિ અને મતિગતિમાં વૃદ્ધિ કરતા હતા. 'સરસ્વતી' એમના સમયની હિંદી જનતાના માનસની માપરેખા હતું અને હિંદની બીજી ભાષાઓનાં પત્રોમાં જરાયે ઊતરતી હાલતે ન હતું.

દ્વિવેદીજીની ભાષાશૈલી મોટે ભાગે એમની પરિસ્થિતિમાંથી ઉપજેલી છે. 'અનસ્થિરતા'વાળો લેખ પોતે પ્રકટ કર્યો છતાં ભાષામાં એક નવું ચલણ તે લાવવા માગતા હતા. એ ચલણમાં પણ એક પ્રકારની વ્યવસ્થા હતી. સંસ્કૃત શબ્દ 'માર્દવ'ને બદલે 'મૃદુતા' વાપરવાના તે પક્ષકાર હતા; પણ જો કોઇ 'મૃદુત્વ' કે 'મૃદુપન' કહી સ્વચ્છંદ વ્યવહાર કરે તો તેનો અસ્વીકાર કરતા. શ્રેષ્ઠ, શ્રેષ્ઠતર, શ્રેષ્ઠતમ વગેરે શબ્દોના વ્યવહારનો તેમણે વિરોધ કર્યો. 'નોકદાર નાક'ને બદલે 'નોકવતી નાસા' તેમને રૂચતું નહિ. સંસ્કૃતથી એક જ પગથીએ બનેલો અપભ્રંશ તેઓ દાખલ કરતા; તેથી આગળ જતા નહિ.

સાહિત્યના વિષયમાં તેઓ લખે છે કે 'સાહિત્ય એવું હોવું જોઇએ કે જેના અભ્યાસથી બહુદર્શિતા વધે, બુદ્ધિને તીવ્રતા પ્રાપ્ત થાય, હૃદયમાં એક પ્રકારની સંજીવિની શક્તિની ધારા વહેવા લાગે, મનોવેગ પરિષ્કૃત થઈ જાય અને આત્મગૌરવની જાગૃતિ થઈ તે પરાકાષ્ઠાએ પહોંચે. કેવળ મનોરંજન કરવાને રચાએલા સાહિત્યથી પણ ચારિત્ર્યગઠનને હાનિ થવી ન જોઇએ. આળસ, અનુદ્યોગ કે વિલાસિતાનું ઉદ્‌બોધન જે સાહિત્ય કરતું નથી તે વાંચવાથી માનવીમાં પૌરુષ અને મનુષ્યત્વ આવે છે. રસવતી, ઓજસ્વિની, પરિમાર્જિત અને તેજીલી ભાષામાં લખાએલો ગ્રંથ ઉચ્ચ સાહિત્યનું ભૂષણ મનાય છે.

ધારેલો પ્રભાવ રજુ કરવો એ જો ભાષાશૈલીની મુખ્ય સફળતા માની લઇએ તો શબ્દો શુદ્ધ, ચલણી અને સાર્થ હોવા જોઇએ. પદોનો પ્રયોગ પણ સુંદર—એટલેકે સંગીત (ઉચ્ચારણ), વ્યાકરણ, કોષ આદિ સર્વથી અનુમોદિત હોય અને બધાની સભ્યતાથી જમાવટ પામે; અને જેના ધ્વનનમાત્રથી અનુરૂપ ચિત્રાત્મકતા પ્રકટે તથા વાક્યછટાના લક્ષણ પ્રમાણે તેમાં નિવાસ કરતો લાગે.'

પોતાના વ્યવસાય અને ઉદાહરણથી દ્વિવેદીજીએ કેવળ સંપાદનનો જ સુંદર આદર્શ રજુ કરી દીધો એટલું જ નહિ પણ વપરાતી ભાષાની એક સજીવ શૈલી નિશ્ચિત કરી દીધી. બહુ થોડા લોકો જાણે છે કે આજકાલ જે ભાષાનો તેઓ ઉપયોગ કરી રહ્યા છે તેની શૈલી નિર્માણ કરવાનું શ્રેય અધિક અંશે દ્વિવેદીજીને જ ઘટે છે. પચાસ વર્ષ પહેલાંની શૈલી સાથે આજની શૈલી સરખાવવાથી આ વાત સ્પષ્ટ થશે. હિંદી ભાષાના વર્તમાન ગદ્યસાહિત્ય પ્રવાહને દ્વિવેદી યુગ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.

એમના જેવા ખંતીલા, ઉદ્યોગી અને કાર્યકુશળ પુરુષ ઉન્નતિના ઉચ્ચ આસને પહોંચી જાય તેમાં કંઈ

આશ્ચર્યની વાત નથી. સરસ્વતીની સેવા કરતાં તેમણે વિશાળ હીંદી જનતા અને સમાજ ઉપર સાહિત્ય-અમલ ભોગવ્યો અને આજ કેટલા યે વખતથી તેઓ હિંદીના પ્રમુખ આચાર્ય મનાતા આવ્યા છે. તેમની શારીરિક અસ્વસ્થતાના કારણે જ તેઓને આજસુધી હિંદી સાહિત્ય સંમેલનના સભાપતિ બનાવવાનું માન સંમેલન લઈ શક્યું નથી. અને હવે તો દ્વિવેદીજીની શોભા તેનાથી વધે તે કરતાં દ્વિવેદીજીથી સંમેલનની શોભા વધે!

નાગરી પ્રચારિણી સભા તેમના સહયોગથી તેમની કૃતજ્ઞ બની છે. સભાને તેમણે વિદ્યાવૈભવ અને કાર્યની સહાયતા તો આપી જ છે, પણ તે ઉપરાંત પોતાની કઠણ કમાઈની અમૂલ્ય સંપત્તિ, હજારો પુસ્તકો અને દ્વિવેદીપદકનું પણ દાન કરી દીધું છે. કાશી વિદ્યાલયને પણ દ્વિવેદીજીએ કેટલાક હજાર રૂપિયા દાન કર્યા છે, જે તેમના જેવા શ્રમજીવી પુરુષના આખા જીવનની કમાણીનો મોટો ભાગ છે. વૃદ્ધાવસ્થાનો ટેકો કે આશરો થઈ પડે એવી એ રકમ-નું દાન આત્મોત્સર્ગની એક સીડી છે જે ભાવી પ્રજાને સદા ઉજ્જવલ દૃષ્ટાંત રૂપ રહેશે. આજે તેઓ બધી પ્રવૃત્તિ છોડી પોતાના અસલ વતન દોલતપુરમાં જઈ વસ્યા છે. ત્યાં પોતે પોતાની વાડી અને ખેતરો સંભાળી નિવૃત્તિમાં દિવસો ગુજારે છે. એમનાં પત્ની વર્ષો પૂર્વે સ્વર્ગસ્થ થયાં હતાં, અને કોઈ વારસ ન હતો છતાં એમણે ફરી લગ્ન કર્યું જ નથી, અને એ પવિત્ર સાધ્વીના સ્મરણમાં ઘર સામે જયપુરમાં કરાવેલી એમની આરસની મૂર્તિનું સ્મૃતિમંદિર બનાવી ઉચ્ચત્તમ હૃદયાર્ઘ્યથી સંતોષ ધરી રહ્યા છે. થોડામાં થોડા ખર્ચે વ્યવસ્થિત જીવન ગુજારનાર આ વૃદ્ધ નરપુંગવ આબાલવૃદ્ધના પ્રેમ અને આદરમાં મસ્ત રહે છે. પોતાના જિલ્લાના ઑનરરી મૅજિસ્ટ્રેટ હોવાથી ગરીબોને તેમનાથી બહુ રાહત અને સલાહ મળે છે.

સાહિત્યના ઇતિહાસમાં દ્વિવેદીજીની કીર્તિને જરા-મરણનો ભય નથી, પરંતુ લોકોમાં એમની કીર્તિના પ્રચારનું તથા હિંદીના આ નવીન સંધિકાળમાં નવયુગના ઊગતા નેતાઓને સાહિત્યસંસ્કારનું કારણ બને તેવી આ ગ્રંથની ઉપયોગિતા સિદ્ધ છે.'

[ગ્રંથવિધાયકોના તથા તેમની સાથેના લેખકોના શ્રી દ્વિવેદીજી પ્રતિના માનાર્ઘ્ય રૂપે જે કંઈ લખાયું છે તેમાંથી ઉપરનો લેખ તારવીને વાચકો સમક્ષ રજુ કરી, તેમની ભાવનામાં અમારા સહકાર અને આદર અનૂપૂર્તિ રૂપે રજુ કરી, આવા મોટા ગ્રંથની સવિશેષ આલોચના કરવાનું કાર્ય અશક્ય ગણી, ગુજરાતના સંસ્કારપ્રેમી શ્રીમાનો ને લોકસંસ્થાઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આ મોંઘા ગ્રંથની એકાદ નકલ પણ તમારા નગરમાં વસાવીને હિંદના એક અત્યુત્તમ નરરત્નનું સ્મારક અવશ્ય સંઘરજો. —તંત્રી]

સમયની ભવ્ય આરામગાહે

• મંદાક્રાન્તા •

થાક્યા ઝાંખા ક્ષિતિજપડળે આવરી સૂર્યકીકી,
હાવાં કેવાં સ્મિતકિરણ ને તેજનૃત્યો ય કેવાં ?
તો યે આછાં ઘનપટલ સૌ સીંચીને કાકીરંગે
ભાનુ એના ક્ષિતિકફનપે પાથરે મેઘપુષ્પો.

આવી સંધ્યા, રમી અધઘડી પૃથ્વીને આંગણે ના
ત્યાં તો વર્ષ્યાં નભ તિમિરના પુંજ, ને સિંધુઓથે
સૂતી સંધ્યાઃ શમી ગઈ ચિતા રક્તરંગી તરંગે
ઊછાળીને અશમ ગગને તારકોના સ્ફુલિંગો.

હું યે મારી અવધ અરધી કે પૂરી જિંદગીની
માણી, પુષ્પો જઈશ વિખરી કાવ્ય ને કલ્પનાનાં,
ચૂંટેલાં કો ક્ષણુબક્ષણનાં ઇંદ્રચાપેથી મીઠાં.
કેવાં રહેશે ક્ષણ, સમયની ભવ્ય આરામગાહે!

ઉમાશંકર જોષી

કલ્પનાના સુંદર ફડફડાટવાળા આ કાવ્ય પાછળ એટલું જ સુંદર એક વિચારતત્ત્વ પણ છે. પહેલી બે કડીમાં કરેલા, સૂર્યાસ્ત ને સંધ્યાના રંગો જેટલા જ હૃદયરંગી વર્ણન પછી, એ દૃશ્યમાંથી જ તારવેલું મીઠી વેદનાભર્યું એક સમાધાન છેલ્લી કડીમાં કહી દીધું છેઃ પોતાના ક્ષિતિકફનપર તેજપુષ્પો પાથરતો સૂર્ય જતોજતો પણ નિજ કીકીના રંગથી આંછાં ઘનપટલને સીંચતો જાય છે; સિંધુ ઓથે ડૂબતી સંધ્યાની રક્તરંગી ચિતા શમતીશમતી પણ તારકોના અશમ સ્ફુલિંગો આકાશે ઉછાળતી જાય છે; તેમ હું યે, મારી–અરધી કે આખી–જિંદગીની અવધ માણી રહીશ ત્યારે, કોઇ વિરલ ક્ષણોએ ઈન્દ્રચાપેથી ચૂંટેલાં કાવ્ય ને કલ્પનાનાં મારાં આ મીઠાં પુષ્પો જગતમાં વિખેરી જઇશ. અગાધ સમયની ભવ્ય આરામગાહે ભલેને એક ક્ષણમાત્ર પણ એ કેવાં સોહી રહેશે! (બ.)

કાકાસાહેબ કાલેલકરની કુમારવયની જીવનસ્મૃતિઓનો સંગ્રહ

સ્મરણયાત્રા

જે હમણાં પુસ્તકરૂપે બહાર પડયો તેની લેખમાળા 'કુમાર'માં અગાઉ કકડેકકડે આવી ગઇ છે. તે વખતે, આ નીચે પ્રકટ થતાં બે સ્મરણોમાંનું એક 'પચરંગી' પોપટ નહિ આવેલું તે એમાંથી ઊતાર્યું છે. અને બીજું 'ત્યારે અને આજે' જે 'સોપાન' હસ્તલિખિતમાં આવેલું એ તો 'કુમાર'ના તેમજ એ પુસ્તકના બંનેના વાચકોને માટે નવું છે.

પચરંગી પોપટ

કેશુ એના નાનપણમાં વારેઘડીએ માંદો પડતો. એને અપસ્મારની વ્યથા હતી. જરાક ચીડાય તો એ બેભાન થઈ પડે, અને એકદમ એના મોંમાંથી ફીણ આવે. તેથી એની તબિયત સાથે એનો મિજાજ પણ સાચવવો પડતો. આ સ્થિતિને લીધે એના સ્વભાવમાં પણ ભારે ફેર પડ્યો. એ જે માગે તે એને મળવું જ જોઇએ. એની સામું કોઇ બોલી ન શકે. એના કોડ હમેશાં પૂરા થાય, છતાં એ અસંતુષ્ટ જ રહે. જેમ એને લાડ લડાવવામાં આવે તેમ તેની અપેક્ષા વધતી જાય.

ગોંદુ કેશુ કરતાં નાનો. કેશુના મંદવાડને લીધે ગોંદુ તરફ કંઇક દુર્લક્ષ થએલું. અને ગોંદુના દુર્ભાગ્યે દોઢ જ વરસ પછી હું જન્મ્યો. એટલે સ્વાભાવિક રીતે મારા તરફ બધાની લાગણી વળી. કેશુ માંદો ને હું નાનો. બે જણ વચ્ચે ગોંદુને બહુ જ સાંકડું સ્થાન રહ્યું.

એક વખત પિતાશ્રી કેશુને સાથે લઇને ગોવા ગયા હતા. ગોવા પર પોર્ટુગીઝ રાજ્ય છે. ત્યાંથી પાછા આવતાં કેશુએ એક પચરંગી પોપટ જોયો. એણે રઢ લીધી કે મારે એ પોપટ જોઇએ જ. આક્કાએ ઘરમાંથી પોપટ કાઢયો હતો. ત્યાર પછી ઘરમાં પોપટ આણવાની કોઈની ઇચ્છા થતી ન હતી. વિષ્ણુ જો પોપટ માગત તો કોઇ એને અપાવત નહિ. પણ વાત કેશુની હતી. પિતાશ્રીએ પોપટ ખરીદ્યો. ગોવાની હદમાંથી પોપટ બહાર જાય તો એના પર કર આપવો પડે. (સ્વતંત્ર પોપટ પર કર નહિ, પણ બંદી પોપટ પર ખરો.) પોપટનું રેલવેભાડું પણ લગભગ માણસ જેટલું હોય છે.

પોપટ ઘેર આવ્યો. કેશુ આખો દિવસ પોપટને લઇને રમે અને એની જ વાતો સાંભળે. પોપટની ડોક ઉપર કાળી લીટીનો કાંઠલો હતો. અમે એને કંઠી કહેતા એ કંઠીને લીધે પોપટ કેટલો દીપી ઊઠતો! કેશુએ એને 'વિઠ્ઠુ વિઠ્ઠુ' બોલતાં શીખવ્યું હતું. એને ખવડાવવા પીવડાવવાનું કામ મને સોંપવામાં આવેલું. રોજ બજારમાં જઇને એને માટે હું કેળાં લઇ આવું. એને લીલાં મરચાં ખવડાવું. લીલાં મરચાં એટલે પોપટની ઉજાણી. ચાંચમાં મરચું પકડી પોપટ જ્યારે જીભ વતી એનો સ્વાદ લેતો ત્યારે એ જોવાની ખાસ મજા પડતી. કુંવારના કકડા એને બહુ જ ભાવે. એટલે એના ખાખરા પણ કાઢીકાઢીને આપવાનું મારૂં કામ. સવારસાંજ પાંજરૂં ધોવાનું હોય. એની પાણીની વાટકી તો હમેશાં ભરેલી રહે. સૂતી વખતે રોજ ચણાની દાળ પાણીમાં પલાળી રાખું અને પોહ ફાટતાં જ પોપટને નારતામાં આપું. પાંજરામાં મારી આંગળી ઘાલું એટલે પોપટ ચાંચમાં એ પકડે પણ કરડે નહિ. ગોંદુની એ હિંમત ન ચાલે. એક દિવસ પોપટની પૂંછડી પાંજરા બહાર આવેલી. ગોંદુને એ લાગ મળ્યો. પીછું પકડી જોરથી ખેંચ્યું. પોપટે બૂમાબૂમ કરી મૂકી. અમે બધાં દોડી ગયાં. કેશુએ રીસમાં ગોંદુની ચોટલી પકડી અને એવા તો જોરથી ખેંચી કે ગોંદુને પોપટનું અનુકરણ કરવું પડયું.

પોપટની સેવા મારે કરવી પડતી, પણ પોપટ તો કેશુનો જ ગણાતો. મારે નામે હમેશાં એક બિલાડી તો હોય જ. ગોંદુને થયું કે આપણું પણ એક જાનવર હોય તો ઠીક. નારાયણ મામાને ત્યાં એક કૂતરી હતી. એનું નામ હતું ટૉમી. 'ટૉમી' શબ્દ ઇકારાન્ત રહ્યો, એટલે મામાને લાગ્યું કે એની નારી જાતિ હશે! મામાને અંગ્રેજી તો આટલું આવડતું. પણ કૂતરાંનું નામ અંગ્રેજી રાખીએ તો જ કેળવાએલા ગણાઇએને? ગોંદુ ટૉમીને લઇ આવ્યો અને મને કહે, 'ટૉમી માટે કંઇક ખાવાનું આપ.' માએ કહ્યું, 'દગડીમાં છાશ છે તે કૂતરીને ખવડાવ.' ગોંદુએ આખું વાસણ કૂતરી આગળ મૂકી

દીધું ! એમાં માખણનો ગોળો તરતો રાખેલો તે પણ ટૉમી ગળી ગઈ. ભાભીએ આ જોયું અને ઘરમાં બધાંને કહી દીધું. માખણ ગયું અને પથરાનું વાસણ પણ કૂતરીએ એટચું. બધાએ ગોંદુની ઝાટકણી કાઢી. દગડી એ ખાસ પથરાનું વાસણ હોય છે. એમાં દાળ પણ રંધાય. ચૂલા પરથી નીચે ઉતારીએ તો યે પંદરવીસ મિનિટ સુધી એમાં દાળ ઊકળ્યા જ કરે. આવું સરસ વાસણ હવે તો ફેંકી દેવું રહ્યું. ગમે તેમ પણ ટૉમી ગોંદુ પર ખૂબ રાજી થઇ. प्रथम ग्रासे नवनीतप्राप्तिः।

રાતના આઠ વાગ્યાનો સમય હશે. દીવાનખાનામાં કોઇ હતું નહિ. મોટેરાં બધાં બહાર ફરવા ગયાં હતાં. સ્ત્રીવર્ગ રસોઇ કરવામાં રોકાયો હતો. ભાભી રસોડામાં થાળીવાટકા ગોઠવતી હતી. ટૉમી આવવા જવાના રસ્તા ઉપર સૂતી હતી અને હું મોટાભાઇ ઘરમાં નહોતા એનો લાભ લઇ એમની ઓરડીમાંથી ' મોચનગઢ ' નામની નવલકથા લઇ વાંચતો હતો. નવલકથાનો નાયક (એનું નામ ગણપતરાવ હશે) એક કિલ્લામાં બંદીવાન થઇને પડ્યો હતો. છૂટી જવાનો બીજો રસ્તો નહિ મળવાથી નેતરની પાંસળીવાળી એક મોટી છત્રી હાથમાં લઇ, એને આધારે કિલ્લા પરથી ભૂસકો મારવા જતો હતો. મારૂં ચિત્ત સમભાવથી એકાગ્ર થયું હતું. શ્વાસ રૂંધાઇ ગયો હતો. એટલામાં પાંજરામાંથી પોપટે ચીસ પાડી. રાત પડે એટલે તો પોપટ સૂઇ જાય. એની ચીસ સાંભળી મને નવાઇ લાગી. નવલકથાની ઉત્તેજના તો હતી જ. એટલે ચોંકીને મેં પાંજરા તરફ જોયું. તો કેવું ભીષણ દૃશ્ય ! બારણા ઉપરથી ખીંટી ઉપર અને ખીંટી ઉપરથી છત સાથે ટીંગાડેલા પાંજરા ઉપર ભૂસકો મારી બિલાડી પોપટનું વાળુ કરવાની તૈયારીમાં હતી! હું વીરની પેઠે દોડ્યો. હાથની એક ઝાપટથી બિલાડીને નીચે પાડી. કોણ જાણે તે દિવસે કેવું મુહૂર્ત હશે. બિલાડી જે પડી તે ટૉમી ઉપર. સૂતેલી ટૉમીને શું થયું એની ખબર ન પડી. એ ઘરની જ બિલાડી છે એ ઓળખવા જેટલું ટૉમીને ભાન ન રહ્યું. એણે તો બિલાડીને પોતાનો પંજો ચખાડ્યો. મેં જો ટૉમીને લાત મારી ન હોત તો તે દિવસે મારી બિલાડી મરી જ ગઇ હોત, કેમકે ટૉમીએ બિલાડીની ગરદન લગભગ દાંતમાં પકડી હતી. એક ક્ષણમાં પોપટ—ઘાતકી બિલાડી પ્રત્યેનો મારો રોષ દયામાં પરિણમ્યો; પોપટને બદલે બિલાડી દયાને પાત્ર થઇ અને તેની પરનો રોષ કૂદીને ટૉમી પર સવાર થયો. મેં ટૉમીને બે લાતો મારી.

એ જ વખતે ગોંદુ બહારથી ઘરમાં આવ્યો. એને અહીંના વૃત્તાંતની શી ખબર ? એણે મને ટૉમીને લાત મારતો જોયો. પછી તો પૂછવું જ શું ? 'મારી કુતરીને કેમ મારે છે ?' એમ કહી એણે મને બે તમાચા માર્યા. મુહૂર્તની અસર આટલેથી જ પૂરી થવાની ન હતી, એટલે બરાબર એ જ ક્ષણે કેશુ બજારમાંથી આવ્યો. કેશુનો હું માનીતો હતો, એટલે એણે મારૂં ઉપરાણું લીધું. શું ચાલે છે એ પૂછવાની પ્રસ્તાવના તરીકે એણે ગોંદુને બે લગાવી દીધી. અમારો કોલાહલ સાંભળી બધાં ભેગાં થયાં. પરિસ્થિતિના પ્રમાણમાં ત્યાં સર્વજ્ઞ તો હું જ હતો. એટલે મારો જ મિજાજ ઠેકાણે હતો. ખાધેલા તમાચા ભૂલી જઇ મેં હસતાંહસતાં આખું પ્રકરણ વિગતવાર બધાને કહી દીધું, અને બધાં આશ્ચર્યમગ્ન હતાં એનો લાભ લઈ ચૂપચાપ 'મોચનગઢ'ની નવલકથા ભાઇની ઓરડીમા મૂકી આવ્યો.

ત્યારે અને આજે

અમારા નાનપણમાં અમને રમવાની છૂટ ન હતી. એટલે મોટેરા જુએ નહિ એવો વખત શોધી કાઢીને રસ્તા ઉપર રમાએ. ઘરના કે પાડોશના મોટા લોકો અમને રમતા જુએ એટલે વઢ્યા વગર રહે નહિ; વખતે મારે પણ ખરા. 'ભણવાની ઉમર રમવામાં ગાળશો તો મોટપણમાં શું ભીખ માગશો ?' એવી દલીલ તો રોજ સવારસાંજ સાંભળવાની હોય જ. છતાં રમ્યા વગર અમારો એકાદ દિવસ ગયો હોય એવું સ્મરણમાં નથી. ઘરમાંથી છટકી જઇએ, વાડ ઉપરથી કૂદી પડીએ અને જે દોસ્તદારનાં માબાપ બેદરકાર હોય તેના આંગણામાં રમતનો જંગ જમાવીએ. છતાં કોકકોકવાર અમારા માસ્તર રંગમાં ભંગ કરવા ત્યાં પધારે. એક જણ બૂમ પાડે 'એ આવ્યા', કે બધા ગેબ ! એ વખતનાં કેટલાં યે સ્મૃતિચિહ્નો આજે હું ચીતરી શકું. હાથમાં સોટી લઇને અમારા માસ્તર પાછળ પડ્યા છે, અને અમે જેને જે રસ્તો મળે તે તે રસ્તે દોડી નાસી છૂટીએ છીએ. બધામાંથી એક જણ જ માસ્તરના હાથમાં આવતો. દૂર જઇને અમે, સપડાએલા એ અભાગીની દયા ખાતા અને એની રાડો

સાંભળતા. એ વખતે પેટમાં કાંઇ ને કાંઇ થઇ જતું. બીજે દિવસે શિકાર થયેલો છોકરો બડાઇ હાંકતો. અમને કહેતો, 'મને કંઇ એટલો બધો માર નહોતો પડયો મેં તો જાણીજોઇને જ એ બૂમાબૂમ કરી મૂકી હતી.' પણ એ બડાઇ હમેશાં સાચી નિવડતી નહિ; કેમકે માર ખાનાર છોકરાની પીઠ ઉપરના સોળ એની ચાડી ખાતા. અમે બધા એમ જ માનતા કે માસ્તર તો મારવા માટે જ સરજાયા છે, અને છોકરાઓ પણ માર ખાધા વગર મોટા થાય પણ નહિ; એટલે માસ્તર પ્રત્યે ચીડ કે દ્વેષ કેળવવાનું અમને કોઈ કાળે સૂજ્યું ન હતું.

મારા વર્ગનો એક છોકરો ઘેર માર ખાઇને નિશાળે આવ્યો હતો. મને કહે, 'હું મોટો થઇશ ત્યારે મને પણ છોકરા થશે. પછી એમને હું એવો તો માર મારીશ!'

અમારી નિશાળમાં એક વર્ષે યુનિફૉર્મનું ધતીંગ જાગ્યું. બધા છોકરાઓ ચંપલ, ઇજાર–પહેરણ, ઉપર એક જાકીટ અને માથે કાળી ટોપી એવો મુસલમાની પોશાક પહેરવા લાગ્યા. જાકીટ અને એની પાછળ બે પૂંછડાંની શોભા અમને બહુ ગમતી. એ પૂંછડાની ગાંઠ વાળતાં અમને આવડતું કે નહિ તે અત્યારે યાદ નથી.

સાંજનો વખત હતો. મંદિરની આરતી પૂરી થઇ હતી. છતાં અમારી રમતો તો ચાલતી જ હતી. ઘેર બધા જમવાની તૈયારી કરતા હોય ત્યારે અમને શોધવા મોકલે ને ત્યારે જ અમારી રમતો પૂરી થાય. અને પછી ચોરની માફક માથું નીચું ઘાલી જમવા બેસી જઇએ. જમતાં જમતાં અમને કોઇ વઢે જ નહિ. જમ્યા કે તરત પથારીમાં. અને રાત વીતી એટલે તો બધા ગુનાહ માફ. એટલે અમે બચી જતા. પરંતુ આજે અમારી રમત જરા લાંબી ચાલી. એટલામાં કોણ જાણે કયાંથી માસ્તર બિલાડી જેવા દબાતે પગે આવ્યા. એક જણે એમને આવતા જોયા. મેં તરત જ ચીસ પાડી, 'અરે! દોડો, આવ્યા!' એટલામાં રામકૃષ્ણના જાકીટની એક પૂંછડી માસ્તરના હાથમાં આવી. મને થયું કે એક વીર મરાયો. બિલાડીને હાથ પડેલો ઉંદર કદાચ છટકી જાય પણ માસ્તરને હાથે પકડાએલો છોકરો કદી યે છૂટી શકવાનો હતો? પણ રામકૃષ્ણે એવું તો જોર કર્યું કે જાકીટનું પૂંછડું તૂટી ગયું અને એ છટકી ગયો.

બીજે દિવસે સવારે નિશાળે જતાં પીપળા નીચે અમે બધા બેગા થયા અને વિચાર ચાલ્યો. રાત વીત્યે ગુનાહ માફ એ તો ઘરનો કાયદો. નિશાળમાં એ ન ચાલે. આજે રામકૃષ્ણની કમબખ્તી છે. એક જણ કહે માસ્તર અંધારામાં રામકૃષ્ણ હતો એ ઓળખી શકયા નહિ હોય. બીજો કહે, પણ આ યુનિફૉર્મની મોકાણ છે ને? એક પૂંછડીવાળું જાકીટ જોઇને માસ્તર જરૂર રામકૃષ્ણને પકડી પાડવાના. જાધવ ઉમરે જરા મોટો. એણે કહ્યું 'રામકૃષ્ણ તું ચિંતા ન કરીશ. તારૂં જાકીટ હું પહેરીશ. માર પડશે તો મને પડશે. પણ એ શી રીતે બની શકે? રામકૃષ્ણ બહુ જ નાનો. જાકીટની ફેરબદલી તરત જ વર્તાઇ જાય.

મારૂં ભેજું નાનપણથી જ ઉપજાઉ. મેં કહ્યું, 'મોટો આવ્યો છે વીર, બહાદુર. એકલો જશ ખાટી લેવા માગે છે કાં? ચાલો દોસ્તો, આપણે દુઃખ સરખું વહેંચી લઇએ. બધાના જાકીટની એક પૂંછડી તોડી નાખીએ. પણ જોજો હો, જમણી જ પૂંછડી તોડવાની છે; એ ભૂલ ન થાય.' બધાને વાત ગમી ગઇ. પળવારમાં પૂંછડીઓ તૂટી ગઇ.

અમે સૌ નિશાળે પહોંચ્યા. પેલી પૂંછડીઓને તો પીપળાના ચોતરા હેઠળ દાટી હતી. માસ્તરે એક વિજયી ખોંખારો કર્યો અને ગજવામાંથી રામકૃષ્ણની પૂંછડી કહાડી કહ્યું, 'હવે બોલો જોઇએ, રાતનો ચોર કોણ હતો?' ઉંદરો કંઇ બિલાડીને જવાબ આપતા હશે? માસ્તર પોતાના સ્થાન પરથી ઊઠયા અને અમને બધાને કહ્યું, 'સ્ટૅન્ડ અપ!' માસ્તરને અંગ્રેજી આવડતું ન હતું, પણ હુકમો તો અંગ્રેજીમાં જ અપાયને? અમે ઊભા થયા. પછી કહે, 'પીઠ ફેરવો.' એકાએક છોકરાઓએ 'ખુત્' કરીને હસી દીધું. માસ્તરની નજર બધાની કેડે ફરી વળી. માસ્તર ક્રોધી ખરા; પણ આજની અમારી યુક્તિથી મહાત થયા અને તેઓ પણ હસી પડયા. ચતુર ભાષણ કરનાર અને ગુનાહ માફ કરનાર બિરબલ બાદશાહનો જમાનો હજી વીતી ગયો ન હતો, એટલે માસ્તરે કહ્યું, 'ચાલો તમારો ગુનોહ માફ છે; પણ હવે કહો જોઇએ, રાતનો ચોર કોણ હતો? અને આ યુક્તિ કોને સૂઝી?' જાધવે કહી દીધું, 'માસ્તર, તમારા હાથમાં છે તે પૂંછડી રામકૃષ્ણની.' અને લબાડ તરીકે મારૂં નામ જાહેર થયું.

આજે વિદ્યાર્થીઓને રમવા માટે સમજાવવા પડે છે અને ફરજ પણ પાડવી પડે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

(હસ્તલિખિત 'સોપાન'માંથી)

પ્રભાતની પ્રફુલ્લતા ને સંધ્યાની મનોહારિતાનાં, દિવસની તેજસ્વિતા ને ચાંદનીના કાવ્યનાં વખાણ સદાકાળ સૌએ કર્યાં છે; કોઇ નથી જોઇ શક્યું માત્ર

અંધારાની પ્રતિભા

પ્રભાતનાં ગીત સૌ ગાય; દિવસ આખો સૂર્ય ખૂબ તપીને બધે ઝાકઝમાળ ઝાકઝમાળ ફેલાવી દે છતાં તે 'સૂરજ ભગવાન' કહેવાય; સોનેરી રૂપેરી ઝાલરો પહેરી નાચતી નાચતી સાંજ આવતાની સાથે નાસી જાય તો યે બધા તેની વાહવાહ કરે; ચાંદની રેલાય ત્યારે તો વળી જગત આખું ઘેલું બને અને આકાશમાંના તારલિયાના રાસ જોઈ રસિકો નાચે. પણ અંધારાએ કોણ જાણે શો ગુનો કર્યો છે કે તેની મોજ માણવાનું મન ભાગ્યે જ કોઇને થાય છે!

લોકો ટચુકડી દીવલી લઇને અંધારાને નહોર શા માટે ભરાવતા હશે? બાળકોને અંધારાનો હાઉ બતાવી શા માટે ડરાવી મૂકતા હશે! પોતે આપમેળે અંધારાથી છળી ઊઠે એટલે અંધારાનાં ગીત ગાનાર ઘૂવડને ગાળો દે; ઝાડનાં ઠૂંઠાંને ભૂત બનાવી બેસે. શિયાળવાં નિજાનંદથી આલાપે તેથી ભડકી ઊઠે. સાચું જોતાં અંધારામાં તો કંઇ અવગુણ નથી કે નથી એ અંધારાનાં સ્તવનો ગાનારનો કંઇ વાંક. વાંક હોય છે માણસની છાતીમાં પેઠેલા ભયનો. જો શિયાળ કે ઘૂવડની બોલી મીઠી નથી તો કૂકડાનો અવાજ વળી ક્યાં વાંસળી જેવો મીઠો હોય છે? કૂકડો પરોઢિયે બોલે એટલે શાણો અને ઘૂવડ મધરાતે બોલે તેથી બાધું! આ ક્યાંનો ન્યાય?

ભયથી બહાવરા બન્યા વિના જો અંધારાનો રસ લૂટ્યો હોય તો તે યે ચાંદનીના, સંધ્યાના કે પ્રભાતના રસથી ઊતરે એવો નથી હોતો. આકાશમાં ચમકતા તારાઓનાં વિવિધ રૂપ, તેમનાં અંતર અને મોટામોટા તારાઓમાંથી ઝરતા લાલ, લીલા, પીળા પ્રકાશો એ બધું જાણવા ન મળે તો યે અંધારાની પોતાની મજા પણ કંઇ ઓછી નથી હોતી.

અંધારાની ખરી મજા એ કે આંખ ફાડીફાડીને જુઓ તો યે કંઇ ન દેખાય એવા ઘોર અંધારામાં સ્થિર બેસીને અથવા બિછાનામાં ચૂપચાપ પડી રહીને મનને સાવ ખાલી કરી દેવાની તથા પોતાના શ્વાસનો પણ અવાજ ન સંભળાય એવી શાંતિમાં મગ્ન થવાની મજા, સમુદ્રના પાણીમાં હાથપગ હલાવ્યા વિના ચત્તાપાટ પડી તરતા રહેવાની તથા મોજાંઓની છોળો સાથે ઉપરનીચે ઝૂલવાની મજા કરતાં પણ વધારે આવે. પરંતુ અંધારૂં પોતાની એ ખરી મજા કોઇને સહેજે લૂટવા નથી દેતું. ખાંડીભર ઊંઘનો ભાર બીચારાં પોચાં-પોચાં પોપચાં પર એ લાદી દે છે અને જોતજોતામાં પોતાની ખરી મજા ટાળી દે છે.

કાળા ઘોર અંધારામાં બેસીને સૂર્યનારાયણના ઝળહળતા ગોળાની—એ તેજગોળાની ચોમેર અત્યંત વેગથી પ્રદક્ષિણા કરી રહેલા સૂર્યના મૂળ ગોળાથી ચોગણી તેજસ્વી પાતળી કિનારની—કલ્પના કરવામાં ભારે રસ આવે છે. દ્વંદ્વયુદ્ધના વીરને લડવામાં જેવો રસ આવે તેવો જ રસ ઘોર અંધારામાં આંખ બંધ કરી પ્રત્યક્ષ સૂર્ય અને તેની પ્રભા જોવાના પ્રયત્નમાં આવે છે.

પણ એવો સુયોગ વરસને વચલે દહાડે માંડ મળે છે, જ્યારે કાળા ડામરના રંગ જેવું કાળુંકાળું અંધારૂં આખા આકાશ અને પૃથ્વીમાં છાઇ રહ્યું હોય, અને નાનામોટા દીવાથી અંધારાના દેહને લોકોએ જ્યાંત્યાં ઊઝરડી નાખ્યું ન હોય. ઘણેભાગે તો વરસ આખું રાતના અંધારામાં ઓછુંવત્તું અજવાળું ભળેલું જ હોય છે. ઉઘાડાં બારીબારણાં અંધારે ઘરના ઓરડામાંથી ન દેખાતાં હોય એવું ક્વચિત જ બને છે. અજવાળામાં પડછાયા રૂપી અંધારૂં ભળે છે, તો અંધારામાં યે સૂક્ષ્મ અજવાળું હોય જ છે. સોએ સો ટકા નઠારી કે સોએ સો ટકા સારી કોઇ ચીજ નથી હોતી એ સિદ્ધાંતમાંથી અંધારૂં કે અજવાળું પણ નથી છૂટી શકતું.

ખટમધુરા સ્વાદમાં જીભને જેમ ખૂબ રસ આવે છે તેમ મોળા પડેલા અંધારામાં આંખોને યે ખૂબ રસ પડે છે. એવા ચમકતા અંધારામાં ભાતભાતનાં આછાં દશ્યો આંખને ભરી દેતાં હોય છે.

સુદ આઠમ દસમનો ચંદ્ર મધરાત પછી આથમી ગયો હોય, પ્હો ફાટવાને ઘણી યે વાર હોય અને કોઇ સપાટ મેદાનમાં ખેતરો વચ્ચેથી અથવા ઊંચી અગાશીએથી ચોતરફની અખંડ ક્ષિતિજ જોઇ શકાતી હોય ત્યારે આકાશ અને ધરામાં સર્વત્ર ફેલાએલું ચમકતું

અંધારું, એ સમયે સુમધુર કંઠે ગવાતા કોઇ કાલિંગડા કે હિંડોલ સમા રાગો જેવી જ તૃપ્તિ આંખને અર્પે છે. આકાશ તથા પૃથ્વી પરના અસંખ્ય પદાર્થોને એ અંધારું સમરસ કરી દેતું લાગે છે. અને ખૂબી એ હોય છે કે સુંદર તાનમાં જેમ અનેક સ્વરો એકરૂપ થઇ ગયા હોવા છતાં જુદાજુદા કળી શકાય છે તેમ એકરૂપ થએલ ધરા–આકાશની અસંખ્ય આકૃતિઓ એ અંધારામાં જુદીજુદી પારખી શકાતી હોય છે.

વિશાળ મેદાન પર ચમકતું અંધારું એક જાતનો આનંદ આપે છે, તો ભર દરિયે અથવા પહાડોની વચ્ચે એ જુદો જ આનંદ આપે છે; કોઇ વાહનમાં બેસી પર્યટન કરતા હોઇએ તો વળી ત્રીજી જાતનો આનંદ આપે છે.

અનંત સમુદ્ર પથરાએલો હોય, ધીર ગતિએ જળ-પાન આગળ ધપતું હોય અને અંધારું વ્યાપ્યું હોય ત્યારે આકાશમાં તારા ચમકે ને સમુદ્રમાં ઝીણુ આગિયાની પેઠે લપકારા મારે. આકાશ કરતાં સમુદ્ર ઘેરો દેખાય અને સમુદ્ર કરતાં આકાશ ઘેરું દેખાય. ક્ષિતિજ આગળ તો બંને એકાકાર થઈ ગયાં હોય. એવું લાગે કે દેશ, કાળ, રંગ ત્રણે શૂન્ય બની જાણે અગાધની ગોદમાં સૂઇ ગયાં છે. માની ગોદમાં બાળકને ને ગુરુના શરણમાં શિષ્યને જેવું સુખ મળે તેના જેવું જ કંઇક સુખ એ પરિસ્થિતિમાં ઉપજે છે.

પહાડનાં રળિયામણાં શિખરો ચમકતા અંધારામાં નવી જ રીતે રળિયામણાં દીસે છે. શિખરોના પાસા, રંગ, ઝાડી, વેરાન કશું ન દેખાય; ફક્ત આકાશમાં ઝીણી લીટીથી જાતજાતની આકૃતિ આલેખાને તે ઊભાં હોય. નીચેની આકૃતિ કંઇક ઘેરા રંગે રંગાએલી હોય ને ઉપરની આકૃતિમાં આછો રંગ પથરાએલો હોય. જાણે આશા, દૃઢ સંકલ્પ, સત્ય, મૃત્યુ વગેરેના ગૂઢ ભાવો વ્યક્ત કરતું એક વિરાટ ગંભીર ચિત્ર પ્રકૃતિમાતાએ સ્થાપ્યું ન હોય!

અંધારી રાત્રે દોડી જતી આગગાડીની બારીમાંથી જોતાં તો કલાકો સુધી સંતોષ ન થાય એવું દૃશ્ય ચમકતાં અંધારામાં વૃક્ષોથી બને છે. વૃક્ષોનાં ન પાંદડાં દેખાય, ન ડાળી કે રંગ ન દેખાય. ફક્ત આકૃતિની ઝાલર હિલોળે ચડેલી જણાય.

ચોમાસાના દિવસોમાં આકાશમાં નાચતાં, ઘડીમાં વધતાં, ઘડીમાં સંકોચાતાં, ઘડીમાં ઘટ થતાં તો ઘડીમાં પાંખાં પડી જતાં વાદળાં જ્યારે અંધારા સાથે હૂડતમ રમતાં હોય છે ત્યારે જે મજા આવે છે તે તો વર્ણવી જ જાય એવી નથી હોતી.

એકવાર અંધારાનો રસ ચાખવો જોઇએ. ચાખ્યા પછી એનું નામ અંધારું છતાં રોજ નવું નવું અને આનંદદાયક દૃશ્ય દેખાયા જ કરે છે. અંધારાની પ્રતિભા તો અનેરી હોય છે. **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

સપૂત

જેનાં જાત અને જુવાની વૃદ્ધ પિતાની ગુલામીના છૂટકારા કરતાં વધારે મોંઘાં નહોતાં

બહુ જૂની વાત છે, પણ ખરી બનેલી વાત છે. એ જમાનામાં જેવાં જડત્વ ને જોખમ હતાં તેવી જ માણસોમાં જડત્વ સહેવાની શક્તિ અને જોખમ ખેડવાનાં સાહસ હતાં. લોકો ગરીબ હતા પણ જાતમહેનત કરવાની તાકાત તેમનામાં ઘણી હતી.

ઇ.સ.૧૭૯૮ની સાલની આ વાત. એ વખતે ફ્રાંસમાં હજુ અંધાધૂંધી ચાલતી હતી ને આગેવાનો બીજી પ્રજાઓ સાથે લડવામાં ગૂંથાએલા હતા. ગરીબ રાંકડી પ્રાંતિક પ્રજાઓનો બેલી કેવળ રામ હતો. ઇટલી, ઑસ્ટ્રિયા અને બીજા પ્રદેશોની સ્થિતિ કાંઇ વિશેષ વ્યવસ્થિત નહોતી.

અલાસિયા એ પથ્થરની કરાડ પર વસેલું એક નાનું ગામડું છે. ત્યાં કોઇ પ્રકારનો પાક થતો નહોતો. લોકો કેવળ દરિયાની ઉદારના પર જીવતા, અને તે પણ પૂરતાં સાધન વગર.

એક મોટે મળસ્કે અલાસિયાના માછીઓએ પોતાના ગુજરાનના સાધનની શોધમાં હોડીઓ દરિયે મૂકી. તેમાં જીરાલ્ડો કરીને એક વૃદ્ધ માછી પણ હતો. તેને એક દીકરો અને એક દીકરી હતાં. તેની સ્ત્રી અને દીકરીની બધી સંભાળ તેના દીકરા જેકાપોને માથે હતી.

હોડીઓ દેખાઇ ત્યાં સુધી આ વિખૂટા પડેલા જીવોએ આંખો ખેંચી ખેંચીને કાંઠે રહી જોયા કર્યું.

ભરદરિયે હોડી હડસેલ્યા પછી તે કોણ જાણે ક્યારે પાછી ફરશે તેની, અરે પાછી ફરશે જ કે નહિ તેની પણ, કોને ખાત્રી? હોડી દેખાતી બંધ થઇ એટલે કાંઠા

ઘરનાં બધાં કુટુંબી જનો ભારે હૈયે ને ઢીલે ચહેરે ઘર તરફ વળ્યાં.

દિવસ વીત્યા, મહિનાઓ ગયા. અને જેકાપો કાંઠા પરથી માછલાં પકડવા, લાકડાં લાવવા ને ચીરવા તથા પાણી ખેંચી લાવવામાં તેની માતાને મદદ કરવામાં વખત વીતાડતો. તેમાંથી ફુરસદ મળતી ત્યારે પોતાની બાળપણની સંગાથી મેરાયા પાસે જતો. તેની સાથે બેસતો, વાતો કરતો અને નિર્દોષ આનંદ મેળવતો. ધીમે-ધીમે જેકાપો અને મેરાયા એકબીજાને ચાહતાં શીખ્યાં હતાં અને ઘરડેરાં તે જાણતાં પણ હતાં. મેરાયા જેવી સુંદર ને સુશીલ હતી તેવો જ જેકાપો બહાદુર અને સદાચારી હતો.

એક દિવસ મેરાયાના પિતાના આંગણામાં બંને જણ બેઠાબેઠાં વાતો કરતાં હતાં ત્યાં એક બાળકે દોડતા આવી ખબર આપી કે 'હોડીઓ આવી!' એ સાંભળી નાનાંમોટાં સૌ હર્ષઘેલાં કિનારા તરફ દોડયાં. પિતાને મળવા જેકાપો પણ ગયો અને મેરાયા પણ ગઇ.

પોતપોતાનાં સ્વજનને દૂરથી ઓળખી સૌ ચોમેર આનંદના કિલકાર કરવા લાગ્યા. માત્ર જેકાપો ને મેરાયા તાકીતાકીને જોતાં જ રહ્યાં. તેમની વાચા જાણે બંધ થઇ ગઇ હતી! જિરાલ્ડોની હોડી કે જિરાલ્ડો પોતે આ કાફલામાં નજરે પડતાં નહોતાં.

હોડીઓ કાંઠે ખેંચાઇ, પણ આવનારમાંથી કોઇ જેકાપો પાસે જવા હિંમત કરે નહિ. મળવા આવેલાં પણ જરા વિલાયાં, કારણકે આવનાર કોઇ માછીના મુખ પર આનંદ જણાતો નહોતો.

છેવટે જેકાપોએ એક વૃદ્ધને પૂછ્યું:'મારા બાપુ ક્યાં?'

'ક્યાં? .. હું કેમ કહી શકું?' વૃદ્ધે જવાબ આપ્યો.

'શું તે ગુજરી . . ?' જેકાપોએ પૂછ્યું. પણ ને વાક્ય પૂરું કરે તે પહેલાં વૃદ્ધે નકારમાં જવાબ આપ્યો ને અંતે કાળજું કઠણ કરી તેણે ખુલાસો કર્યો:

'અમે બધા પોતપોતાના કામમાં ગૂંથાયા હતા તેવામાં અચાનક બાજની પેઠે ચાંચિયાનું વહાણ આવી પડ્યું. અમે નાઠા, પણ—પણ—જિરાલ્ડો મોડો પડ્યો.'

'કયા ચાંચિયા?'

'બરબરીના.'

બધાંના હૃદય પર આઘાત થયો. આ જમાનુમાં દરિયાઇ લૂંટારાના ત્રાસથી કોઇ અજાણ્યું નહોતું. તેઓ માલમિલ્કત તો લૂંટી લેતા પરંતુ માણસોને પણ લઇ જતા. સાધનવાળાં સગાં મોં માગ્યા પૈસા આપીને છોડાવે નહિ તો ગુલામોનાં બજાર મોરોક્કો તેમજ બરબરીના કાંઠાનાં બધાં શહેરોમાં ખુલ્લાં જ હતાં.

બીજે દિવસે પાદરીએ દેવળમાં પ્રાર્થના કરી તે વખતે આખા ગામનાં નાનાંમોટાં સૌ ત્યાં હાજર હતાં. બધાં શોકમાં હતાં; કેમકે જેકાપો એવો પૈસાદાર નહોતો કે તેના પિતાને છોડાવે. એટલે એને સૌએ મરી ગએલા જ ગણ્યો.

ત્રીજે દિવસે સવારે હજુ લોકો ઊઠ્યા યે નહોતા તે પહેલાં તો જેકાપો સમુદ્રકાંઠે પહોંચ્યો હતો. તેના મોં પર ગમગીની અને નિશ્ચયનાં ચોખ્ખાં ચિહ્ન હતાં. મેરાયાને તેણે સંદેશો પહોંચાડ્યો હતો એટલે તે આવી પહોંચી.

'મેરાયા!' તેને જોતાં જ જેકાપો બોલ્યો 'તને મળ્યા વગર મારાથી જવાયું નહિ. મારી મા આ વાત જાણતી નથી અને તેને જણાવવાની જરૂર પણ નથી. તેને અત્યારે જ હદ કરતાં વધુ ઉપાધિ છે. તું તેને સાંભળીશ? અને કદીકદી મને યાદ કરી પ્રભુ પાસે દુવા માગીશ? કહે મેરાયા, હું તારી પાસે વધારે તો માગતો નથી?'

'એ શું બોલ્યો જેકાપો?' મેરાયા ચમકી: 'પણ તું જાય છે ક્યાં તે તો કહે?'

'કાલે મેં દેવળમાં પ્રતિજ્ઞા લીધી છે કે અલાસિયા પર પગ મૂકીશ તો મારા બાપુને લઇને જ.'

'તે કેવી રીતે બનશે?'

'કદાચ બંને નહિ બને, પણ એક તો બનશે જ. પહેલાં હું મારા બાપુને શોધી કાઢીશ; અને પછી તો સહેલું છે. કોઇ પણ ગુલામનો વેચનાર કે માછી એક ખખડી ગએલા વૃદ્ધને બદલે જુવાનને ખુશીથી સ્વીકારશે.'

મેરાયા સમજી ગઇ, અને અશ્રુપૂર્ણ આંખે ધીમેથી બોલી: 'ત્યારે હવે તને તો હું પુનઃ જોવાની જ નહિને?' જેકાપો વધારે સાંભળી શક્યો નહિ. વખતે પોતાનો નિશ્ચય ડગશે એ બીકે હોડીમાં બેસી હોડી હંકારી મૂકી.

વખત વહેવા માંડ્યો. જેકાપોની માતા તો એ જ માન્યતામાં રહી કે જેકાપો ધંધાર્થે ગયો છે. અને મેરાયાએ પણ તેનો આ ભ્રમ ભાંગવા કાંઇ પ્રયત્ન કર્યો નહિ. માત્ર પોતે બધો આનંદ ત્યાગ્યો. અને વધારે ને વધારે મજૂરી કરી કરકસરથી પૈસા બચાવવા માંડ્યા.

દિવસે દિવસે ગળતી જતી સાદી ગમગીન મેરાયાને જોઇને બધા વિસ્મિત થતા; પણ કોઇ તેનું છૂપું દર્દ જાણતાં નહોતાં. અને તે પણ કદી કોઇને કશું કહેતી નહોતી. એને તો એક જ ધ્યેય હતું કે જરૂર પડે તો જેકાપોને છોડાવવા જેટલા પૈસા ભેગા કરવા.

આ બાજુ જેકાપો રાત ને દિવસ ભૂખ કે દુ:ખની પરવા કર્યા વગર લપાતોછૂપાતો માછલાં વેચવાને બહાને ગુલામોનાં બજારો ઢૂંઢવા લાગ્યો. અંતે અલ્જીર્સ પહોંચ્યો. આ શહેર ગુલામોના વેપારનું મોટું મથક હતું. અહીં યુરોપીઅન અને અરબ ગુલામના વેપારી બહુ હતા. જેકાપોએ એક પછી એક અખાડા માછલાં વેચવાના બહાને તપાસ્યા. જેમ આપણે ઢોરને માટે હાલ કોડ કે વાડા રાખીએ છીએ તેવી જ રીતે તે વખતે ગુલામોને રાખતા; કેમકે આ નાપાક ધંધો કરનારા દયાહીન પશુઓ ગુલામોને બેપગાં જનાવર કરતાં વિશેષ ગણતા ન હતા.

છેવટે જેકાપોની તપશ્ચર્યા ફળી. એક સવારે હબસી મુકાદમે આવીને જિરાલ્ડોની સાંકળ છોડી અને 'જા કૂતરા, તારૂં કામ નથી' એટલું કહી લાત સાથે રજા આપી. જિરાલ્ડોને તો કાંઇ સમજણ જ પડી નહિ. પણ સ્વતંત્રતા કોને કડવી લાગે ? ભૂખ્યોતરસ્યો, અથડાતો-કૂટાતો જેટલું દૂર છોડાય તેટલું તેણે અલ્જીર્સ છોડ્યું.

એક સવારમાં મળસ્કે જેકાપોની માતા તેનો અવાજ સાંભળીને ચમકી. બારણું ઊઘાડી જુએ તો પોતાનો પતિ! જોતાં હર્ષઘેલી થઇ ગઈ!

વાની પેઠે વાત ફેલાઇ ને આખા ગામનાં લોક હરખ કરવા ટોળે મળ્યાં. એટલામાં મેરાયા પણ પોતાના સાદા કાળા પોશાકમાં દોડતી આવી. પણ તેનાથી ન તો બોલાયું–ન આવકાર અપાયો. એની બંને આંખોમાંથી આંસુ ખરવા માંડયાં ને પૂતળા માફક ઊભી રહી.

લોકો કાંઇ સમજી ન શકયા. છેવટે ધર્મગુરુએ પૂછ્યું, 'કેમ બહેન, આ આનંદના સમયમાં આંસુ કેવાં?'

'પિતાની બેડી પુત્રે પહેરી; એણે આત્મભોગ આપ્યો.' મેરાયા કકળી ઊઠી અને પછી ધીમેધીમે બધી વાત કહી સંભળાવી. લોકોએ જ્યારે સાંભળ્યું કે કેવળ પિતાના પ્રેમને ખાતર પુત્રે પોતાની જુવાની અને જાતનું બલિદાન આપ્યું છે ત્યારે સૌ કોઇનાં હૈયાં હચમચી ઊઠ્યાં. જેકાપોના માતાપિતાનું દુ:ખ કોઇથી દેખ્યું ગયું નહિ.

થોડી વાર પછી એકાએક દેવળનો ઘંટ વાગવા માંડ્યો. પ્રાર્થનાનો વખત નહોતો, પણ બધાં લોકો તે તરફ વળ્યાં. લોકોએ જાણ્યું કે ધર્મગુરુ જેકાપો માટે દુવા માગવાના હશે.

દેવળ ભરાઇ ગયું એટલે પાદરીએ ઊભા થઇ શરૂ કર્યું: 'ભાઇઓ અને બહેનો! જેકાપો આજે ગુલામી બેડીમાં છે. શા માટે? કેવળ પોતાના પિતાના પ્રેમને ખાતર. જે વીર નરે પોતાના પિતાને માટે આત્મભોગ આપ્યો છે તે વખત આવ્યે પોતાના દેશને માટે પણ કેમ ન આપે? અને આવું નરરત્ન આપણે ગુમાવીએ તો આપણી માણસાઇ ક્યાં ? આપણે ભલે ગરીબ રહ્યા; છતાં ધારીએ તો તેને છોડાવવા જેટલું નાણું તો અવશ્ય ભેગું કરી શકીએ. તમે મદદ નહિ કરો તો હું દેવળના પૈસાથી એને છોડાવીશ ને પ્રભુ મને માફ કરશે.'

તે આખો દિવસ અને રાત પાદરીના ઘર પર દરોડો પડ્યો. જેને જે કંઇ, રોકડ કે દાગીનો, મળ્યું તેનો પાદરી પાસે જઇ ઢગલો કર્યો. સૌથી મોટો ફાળો મેરાયાનો હતો.

બીજે જ દિવસે મોરોક્કો સાથે વેપાર કરતા એક વેપારી મારફત પાદરીએ તજવીજ કરી. તેની મહેનતથી તો પેલા રાક્ષસનું દિલ ન પલળ્યું, પણ પૈસા જોઇ ચળ્યું, અને થોડાં જ અઠવાડિયાંમાં જેકાપો પોતાનાં માતપિતાને આવી મળ્યો. વીલી દુ:ખી મેરાયા જેકાપોને આવેલો સાંભળી હર્ષનાં અશ્રુ વરસાવતી આવી.

લોકોએ ઉત્સવ કર્યો ને તે જ દિવસે દેવળમાં પ્રાર્થના પૂરી થતાં જેકાપો અને મેરાયા લગ્નની ગાંઠથી જોડાયાં.


પ્રભુ આવા સપૂતો હિંદમાં ઘેરઘેર પેદા કરે

ઝાકળ

· શાર્દૂલવિક્રીડિત ·

ચારુ પુષ્પભરી ન કુંજ નભમાં જે સુરભિ ઢોળતી,
ગીતો સ્રોતતણાં કદી ય નહિ ને, કિલ્લોલતાં પંખીડાં.
એવા તર્કગહીં નિશા વીતી જતાં, ઊગ્યે ઉષા તારલા,
બિન્દુ ઝાકળનાં બની પૃથિવીના અંકે પડે હેતથી.

ચન્દ્રકાન્ત મહેતા



મોખડી ઘાટ (સ્કેચ : રસિકલાલ પરીખ)

નર્મદાનીરે

લેખક શ્રી **સુરેશ દીક્ષિત** એમ.એ.એમ.એસ.સી.

કુદરતી તત્ત્વો માનવ જીવનને કેટલું નિયમિત કરે છે તે કળાવું કઠણ છે. પર્વત ઉપર, સમુદ્રતટે, નદીકિનારે, રણને છેડે કે વનમાં વસતાં માનવોનું જીવન સરખાવતાં પૃથક્પૃથક તત્ત્વોનું વિધાયક સ્વરૂપ તરી આવે. નદીતટે વસતાં માણસોનું જીવન નદી જ ઘણે અંશે નક્કી કરે છે. એવાં સ્થળે નદીનો પ્રવાહ અને લોકજીવન વિખુટાં પાડવાં અશક્ય છે.

ગુજરાતમાં નર્મદા પુરાણપવિત્ર અને મહા નદી છે. તેના કિનારાની રમણીયતા કિન્નરોને લોભાવે એવી છે. નર્મદાનું લાવણ્ય કે તેનો ઉપભોગ સંપૂર્ણપણે સમજાયાં નથી. અમરકંટકની એ જાહ્નવીના ૮૦૦ માઇલ લાંબા વિસ્તાર ઉપર બેચાર ઝૂંપડાંથી માંડીને મોટાં શહેર વસ્યાં છે. ડગલે ને પગલે શિવાલયોથી અલંકૃત થતી આ સરિતાનું જળ પવિત્ર છે. ગુજરાતની એ ગંગા છે. સ્થળેસ્થળેથી પડતી આખડતી આ ઘોધવાહિની ગુજરાતમાં આવતાં પોતાના પટના વિભાગ ન કરતાં તેને વિશાળ બનાવે છે. સીનોર પાસે આવતાં તેનું ભાઠું રેતી કે પથ્થરોને બદલે કાદવકીચડનું બની જાય છે. ગુંદરના ગારા જેવા આ કીચડમાં ચોમાસે માણસ અને ઢોર ખૂંચી જઇ જીવ પણ ખૂએ. ઉનાળામાં આ માટીના પોપડા પથ્થર સામે પણ ટક્કર ઝીલે એવા કઠણ થાય છે. એના ઉપર ચાલતાં શેકેલા પાપડ ભાંગતા હોય એમ લાગે છે. ભૂતડા જેવી એ માટીનો મોગરાઓ ચામડાં ચોડવામાં ઉપયોગ કરે છે. કેટલાંય બૈરાં તો ખાવામાં પણ વાપરે છે.

ચોમાસામાં ક્યારે આ નદીમાં પૂર આવશે અને ઢોરઢાંખર તણાઇ જશે કે ઘરબાર પડી જશે કે રસ્તા બંધ થઇ જશે તેની હમેશાં બીતિ રહે છે. સંયોગોવશાત્ એના કાંઠાના ગામનાં સર્વને—નાનાં કે મોટાં, સ્ત્રી કે પુરુષોને તરવું તો સહજ છે. ચોમાસાના પૂરમાં તણાઈ આવતાં લાકડાં કાઢવા ઉપર તો કેટલાંયનો નિર્વાહ ચાલે છે. બીજા દેશોમાં માછલાં મારવાનો ઉદ્યોગ ચાલતો હતો. આસો માસ સુધી તો આ નદીનાં ડોળાયલાં પાણી ઘણાં અસ્વચ્છ હોય છે એના




સુરપાણેશ્વર (સ્કેચ : રસિકલાલ પરીખ)

ખારે પાણીમાં સાબુનાં ફીણ તો કેમેય વળે નહિ.

કુદરતીરીતે જ નદી ઉપર વસેલાં ગામોનાં ઘર ઊંચા-નીચા ટેકરા ઉપર વસેલાં હોય છે. ઉનાળાના સુકા એના માર્ગ ચોમાસામાં વહેતા પાણીના વહેળા જેવા બની જાય છે. વિશાળ પટની આવી નદી તરીને પણ ગામનાં ઢોર સામી બાજુની સીમમાં ચરવા જાય છે. અષાડ માસની એકાદ સગી સાંજે સંખ્યાબંધ ગાય બળદ તરતાં તરતાં ગામ બાજુ આવતાં દેખાય છે. ડોકાં જ દેખાતાં હોય એવા ઢોરની પીઠ ઉપર બેસી એકાદ છોકરો એ બધાને મારતો ગાળો ભાંડતો તરાવી લાવે છે. નદી ઉપર એકાદ ઊંચી જગ્યાએથી ચારપાંચ ગામ તો સાધારણ રીતે દૃષ્ટિએ પડે. ઘણીવાર તો સામસામાં બે ગામ વચ્ચે ફક્ત નદીની જ આડ હોય. નદી પાર જવાઆવવા એકબે નાના મછવા કે હોડી દરેક ઓવારે હોય છે. હોડીવાળો ગામના ઘર દીઠ બે મણ જાર દર વર્ષે ઉઘરાવે છે. એ જ એનું મહેનતાણું. પણ હવે પૈસાનો વ્યવહાર વધતો જાય છે.

નાનાં ગામડાં, શેરી અને ફળીઆમાં વહેંચાએલાં હોય છે. નદી ભણી તેના જુદા જુદા 'ઓવારા' પડે છે. બે ભેખડો વચ્ચે કપાએલા માર્ગને 'ઓવારો' કહે છે. ઓવારા પાસે સ્મશાન પણ હોય છે. ઘણી વખત ત્યાં અરધા બળેલા શબને પાણીમાં ધકેલી દેવામાં પણ આવે છે. એ જ ઓવારે માણસ અને ઢોરની કાયા સાફ થાય છે; એ જ કીચડમાં વાસણ મંજાય છે અને લૂગડાં ધોવાય છે. નદી વહેતી છતાં ઓવારો તો મેલા તળાવ જેવો જ લાગે. ત્રાંબા-પિત્તળનાં વાસણ અહીં ચકચકી રહે છે, ત્યારે લૂગડાં મેલાં રહે છે. આથી જ કરીને આ બધાં ગામનાં બૈરાં ઘણુંખરું લાલ કે લીલા રંગનાં મેલખાઉ વસ્ત્રો પહેરે છે. નર્મદા જેવી પવિત્ર નદીને આરે નાહતાં 'ગંગા, જમના અને સરસ્વતીને' સંભારાય છે. આવા પવિત્રાચાર કરતી કોઈ ડોસી ઉપર જરાક આભડછેટના છાંટા પડ્યા તો 'રાંડ' જેવી અનેક ગાળો પણ એને કંઠેથી નીકળી પડે. કોઈ પણ જ્ઞાનકોષમાં ન જડે એવી ગાળો અહીંની સ્ત્રીઓ બોલી શકે છે. નવ વાગ્યાના આછા તડકામાં કાછડા વાળેલાં બૈરાં માથે ચળકતાં બેડાં લઈ કીડીઓની હાર માફક ચાલ્યાં જાય છે. તે પછી ત્યાં ગામનું ચકલું યે ભાગ્યે જ ફરકે!

ગામમાં પેસતાં માર્ગમાં નાળીએર, પાંદડાં અને ક્વચિત વચ્ચે લટકતી માટલીનું તોરણ આવે છે. ગામનું



દરબ્રુફાળ આગળ (સ્કેચ : રસિકલાલ પરીખ)

આ ભયસ્થાન છે. ત્યાં ઝાડના થડ ઉપર સિંદૂરથી કાઢેલાં ત્રિશૂલ કે વડપીપળાના વૃક્ષ પાસે સિંદૂર ચોપડેલા પથરા હોય છે. 'ભાથુજી' જેવા મેલા દેવ કે 'ભેંસાસુર' જેવા કોઇ રાક્ષસનો અહીં નિવાસ મનાય છે. ગામની ગત થએલી સ્ત્રીઓ પણ ડાકણ બનેલી કે મૃત થયેલા પુરુષો પણ આસપાસ આમલીના ઝાડમા રહેતાં મનાય છે. સરઅવસરે ભૂતપ્રેત કે બાધાઆખડી અહીં ઉતારાય છે.

ગાડાના ચીલા પડેલા કે માણસની અવરજવરથી પગથી પડેલા રસ્તા ઉપર ઘાસ અને છાણ વેરાએલાં હોય છે. ઢોરનાં ઘાસછાણ ઉકરડે નાખી આવવાં એ સ્ત્રીઓની સવારની ફરજ છે. છાણ ગામડાંની અને ખેડુતની જિંદગીનો મહત્ત્વનો ભાગ છે. છાણાં થાપીને એ બળાય છે; ઘરની ભીંતો, ઓટલા અને જમીન એનાથી લીંપાય છે; અને ખેતરમાં એ સારામાં સારૂં ખાતર ગણાય છે. ચારસો પાંચસોની નાની વસ્તીમાં બજાર જેવું સ્થળ ભાગ્યે જ હોય. એકાદ બે રડીખડી દુકાનોમાં દીવસળી કે માખી બેઠેલી મિઠાઇ જેવી વસ્તુના વેચાણ કરતાં ગામગપાટા વધારે હંકાય છે. સ્ત્રી પુરુષોનાં ચારિત્ર્યથી માંડી કુતરાં બિલાડાં મરી ગયાની વાત ત્યાં જાણી શકાય. પક્ષીને દાણા નાખવાના ચબૂતરા કે ગામનો ચોતરો એ બીજી જાહેર જગ્યાઓ છે. આંગણું ગંદું પણ ઘર ઘણાં સ્વચ્છ. એકે એક ઘરની ભીંતો ઉપર, લડાઇના ઘા જેવી, દર વર્ષે ઓછાંવધતાં આવતાં પૂરની જળરેખાઓ નજરે પડે છે. દરેક ઘરને આંગણે મોટો ઓટલો અને પાછળ વાડો હોય જ. ઘણા કે ગાડાં ઘર આગળ જ પડ્યાં હોય. ગામમાં સંડાસ, નીક કે ખાળ ન હોવાથી સ્થળેસ્થળે ગંદકી દેખાય. નાના ગામની પુનઃરચનાના આ બધા પ્રશ્નો છે. ઘડીઆળને ગામડામાં સ્થાન નથી. એવી ચક્કર ફરતી નવાઇની વસ્તુ હોય તોયે કાટ ખાધેલી. સૂર્ય જ અહીં કાળમાપક યંત્ર છે. સવારના નવેક વાગતાં 'ભેંસો છોડજો. . .'ની બૂમ પડે છે. આ બૂમ પાડનાર ગામની ભેંસો ચરાવવા લઇ જાય છે. બળદ કાં તો હળે કે ગાડે જોડાય છે. ખેતર એ ગામવાસીઓની કર્મભૂમિ છે—તેમનું નિર્વાહસ્થાન છે.

ચોમાસું પૂરૂં થતાં નદીનું પાણી ઊતરવા માંડે છે અને ભાદરવો મહિનો પૂરો થતાં તો ભાઠામાં ખેતી શરૂ થાય છે. નદીનો કાંપ ઠરીને આ જમીન રસાળ બને છે. ખેતરનું માપ અહીં વાંસથી થાય છે. નદીનું



નર્મદાતટે સફર વેળાની રાવટી (સ્કેચ : રસિકલાલ પરીખ)

ઊંડાણ પણ વાંસથી મપાય છે. આ જમીન ખરીદવાના વીઘે ત્રણસો રૂપીઆ પડે અને સરકારને વર્ષે ચારથી બાર રૂપીઆ મહેસૂલ ભરવું પડે. જમીનમાં દશબાર બીઆં નાખે ત્યારે ત્રણેક છોડ ઊગે. ખેપટી કરીને ઊડતાં જીવડાં આ બી ખાઈ જાય છે કે ચામાચીડીઆં જેવાં પક્ષી ખોદી ખાય છે. આવાં ખેતરમાં રીંગણાં, તમાકુ, કાકડી, દોડકાં કે જાર વવાય છે. મહિનાઓ સુધી આ છોડને પાણી પાવું નથી પડતું. ઘણુંખરૂં તો બીને બદલે ઘેર ઉગાડેલા નાના રોપા જ વાવે છે. ખેતરમાં ઝાડનું નામ જ ન મળે. ઝાડ હોય તો રેલ આવે ને તણાઇ જાય, કે ખેતીની મોસમમાં પક્ષી માળા બાંધી ખેતી બગાડે; એટલે એમને ઊગવા જ નથી દેવાનાં. ખેતી વગરની પડતર જમીનમાં લીમડા કે બાવળનાં ઝાડ, કુવાડીઆ, ધંતુરો, આકડો કે ઘાસ ઊગે છે. વાડો ઉપર કડવાં ગીલોડાં, કારેલાં કે દોડકાં ઊગે છે. ઘણી વખત ખેતરની વાવણી વચ્ચે ચીડો નામે ઘાસ જેવાં (Cyperacese) છોડ ઊગી નીકળી તેનો બગાડ કરે છે. ખેડુતો તેને નીંદા કરે છે. પરંતુ એનાં જડમૂળ ઊખડે નહિ ત્યાં સુધી તેનું નિકંદન નીકળવું કઠણ છે. આ છોડ ખેતર હરીઆળાં કરે પણ જમીનનો કસ ચૂસી લે છે.

દરેકે દરેક કોમ ખેતી કરે છે. નર્મદા ઉપરનાં ગામડાંઓમાં ઔદીચ્યસહસ્ત્ર, ટોળકીઆ ને જાંબુઆ બ્રાહ્મણો રહે છે. તે પણ ખેતી જ કરે છે અને પૈસાની ધીરધાર કરે છે. 'સાપ ગયા ને લીસોટા રહ્યા' જેવું બ્રાહ્મણત્વ તેઓ રાખી રહ્યા છે.

નર્મદાના તટ ઉપર ગમે ત્યાં ફરીએ, પણ ધૂણી ધીખાવતો એકાદ બાવો તો મળવાનો જ. રાખ ચોળે-



મોખડીઘાટ (ફોટો : હર્ષદ પંડયા)

લી તેની દેહદશામાં ચલમ, ગાંજો કે ભાંગનાં સુખો એ ભોગવે છે. પોટલીમાં બીલીપત્ર સાથે સંતાડેલું શિવલિંગ કે તુલસીમાં વીંટાળેલા વિષ્ણુ તેના મોક્ષમાર્ગ છે. બાવાઓમાં બધા જ નિંદવા યોગ્ય નથી. કેટલાક સદાચરણી ને ધર્મતત્ત્વવાળા પણ છે. પગે ચાલીને બદરીનાથથી સેતુબંધ સુધી કેટલાકે તો બબ્બે વખત યાત્રા કરી હોય છે. ગાય કે કૂતરાથી ઓછું અન્ન ખાઇ તેઓ જીવે છે. જ્યાં જાય ત્યાં ઝાડને છાંયે કે મંદિરને ઓથે લપાઇ રહે છે. સવારસાંજ તેઓ શંખ ફૂંકે છે. તુલસીકૃત રામાયણનું અધ્યયન કરે છે. તેઓમાં પણ દરજ્જા અને અધિકાર હોય છે. આવો એક બાવો કેટલા યે દિવસ સુધી અમારો પાડોશી હતો.

નર્મદાતટે સવારસાંજ મંગળમય આરતીના નાદ સાંભળતાં અને નદીતીરે રમતાં જીવનમાં જીવવાનો મોહ થાય છે. કુદરત અને માનવઐક્યની અહીં પ્રતીતિ થાય છે. થોડા દિવસોમાં તો ચાસ, મોર, લક્કડખોદ અને ઘર આંગણે રમતાં ચકલાં કાબર આપણાં સગાં સહોદર બની જાય છે. ઊંચાં તાડનાં ઝાડ અને ઊંચા ડુંગરા રમણીય નહિ પણ ભાઇ ભાંડુ જેવાં લાગે છે. એકી ટસે ટાંપી રહેતાં બગલાં કે પહોરે બહાર આવતા મગર પણ મનોમય થઇ જાય છે. રાતના દીવો સળગાવતાં ધસી આવતાં હજારો જીવડાં અને તેમાંથી ભૂલેચૂકે ખાવામાં ચવાઇ જતાં જીવડાં અહીં જિંદગીના નિયમ જેવાં બની જાય છે. આ સર્વ છોડી જતાં પાછાં તે સ્થળે આવવાનું કોને મન ન રહી જાય?

(બે વર્ષ પહેલાં નર્મદાકિનારે માલસરમાં રહેતાં આસો માસનું નિરખેલું ગ્રામજીવન)



નર્મદા તટે-ગોરા
ફોટો : હર્ષદ પંડ્યા











તમારો ગ્રાહક નંબર

દરેક પત્રવ્યવહાર વખતે અચૂક લખવા વિનતિ છે. તે વિના ઉત્તરો આપવામાં અતિશય અડચણ થાય છે. ૧૨૧મા અંકથી બદલાયેલા નવા ગ્રાહકનંબર ધ્યાનમાં લઇ નોંધી રાખશો.

સરનામાં બદલવા ઇચ્છતા ગ્રાહકોને

નીચેની વિગતો ધ્યાનમાં લેવા વિનતિ છે: (૧) એક માસથી વધુ મુદત માટેનો ફેરફાર હોય તો જ સરનામું બદલાવવું સલાહભર્યું છે; નહિતર અંક મોડા પડવાને કારણે કે બીજી રીતે અંક અથડામણે ચડે છે. (૨) મુદત કરતાં ઓછામાં ઓછા દસ દિવસ અગાઉ અમને તેની ખબર લખી જણાવવા

પહેલું અખિલ હિંદ ફોટોકલા પ્રદર્શન

ધ ફર્સ્ટ ઑલ ઇન્ડિયા સૅલૉં ઑફ ફોટોગ્રાફિક આર્ટ

મુંબાઈના કલાકારોની કલ્પના દસ સભ્યોનાં પડ ફોટોચિત્રો પ્રદર્શનની દીવાલો પર લટકતાં હતાં. સંગ્રહ એનમૂન, સુંદર ને ફોટોગ્રાફીની કલાને બીજી કલાઓની હરોળમાં મૂકાવે તેવો આકર્ષક હતો. મિ. બૉટલવાળાનાં ત્રણ ચિત્રોમાં 'ધી પોર્ટિકો'–The Portico શ્રીમાનોના કોઇ મહાલયના આગળના ભાગનો દેખાવ હતો. આથમતા સૂર્યનાં છેલ્લાં કિરણો બંગલાનાં પગથિયાં પર ઝળહળી રહેતાં કુદરત ને મનુષ્યની કારીગરીનો સુંદર સમન્વય ચિત્રમાં જણાતો. સ્થાપત્ય-ની ફોટોગ્રાફી ફક્ત જૂનાં મકાનોની જ હોઇ શકે નહિ, નવા જમાનાના ઇજનેરો પણ કલાપૂર્ણ મકાનો બાંધે છે, એ વાત પ્રગટ કરી કલાકારે એનું આ ચિત્રથી સન્માન કર્યું છે. આ જ ભાઇનું બીજું 'ગ્લાસવેર'–glassware ટેકનીકની દૃષ્ટિએ સંપૂર્ણ હતું, પણ સ્ટિલ લાઇફના બીજા દોષો તેમાં હતા તેથી તે ચિત્ર નબળું લાગતું.

મિ. કૂપરનાં છ ચિત્રોમાં 'રિન'–Rin અને 'સાંકો'–Sancho બંને પ્રાણીચિત્રો અનુપમ હતાં. તેમનાં બીજાં બે 'માઇ ફાધર'–My father અને 'રામપુરી ભૈયા'–Rampuri Bhaiya એ જીવંત મનુષ્યનાં જડ પૉર્ટ્રેટો કરતાં પ્રાણીનાં ઉપલાં બે વધારે જ્વલંત ને આકર્ષક હતાં. આગલા વિભાગની માફક આમાં પણ મનુષ્ય સિવાયના ઇતર જીવોમાં ફક્ત કૂતરાનાં જ ત્રણ ચિત્રો હતાં. ત્યાર પછી ભાઈ કૂપરના દોસ્ત મિ. ખંભાતાનાં છ ચિત્રોમાં ગુણ મૂકવાનું કામ અઘરૂં થઇ પડતું. અગિયાર કલાકારોમાં ભાઈ ખંભાતા એકલાએ જ બ્રૉમોઇલની મદદથી ચિત્રો ઉપજાવ્યાં હતાં. ગામડાની ગલીમાં એકલવાયું ગાડું ધીરી ગતિએ બેત્રણ નીચાં ઘરો પાસેથી પસાર થતું 'વિલેજ લેન'–Village laneમાં ચીતરાયું છે, અને 'ધ વેટેરન ઑફ પ્રતાપગઢ'–The Veteran of Pratapghadમાં, શિવાજીના સમયના લડવૈયા સમું અચળ ને બહાદુર જૂના વખતની ઝાંખી આપતું પ્રતાપગઢના કિલ્લાનું અણનમ ઝાડ તેને અનુરૂપ વાતાવરણમાં ચિત્રકારે ખડું કર્યું છે. એ બંનેને કોઇ ઉત્તમ કલાકારના 'ચારકૉલ સ્ટડીઝ' જોનાર ગણી કાઢે તો નવાઇ ન ઉપજે એવાં એ સુંદર હતાં. એમના 'મિસ્ટ ઍન્ડ સનલાઇટ'–Mist and Sunlightવાળા ચિત્રને (ચિત્ર નં. ૧૦) એકવાર મુંબઇના 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા' પત્રની હરીફાઇમાં રૂ. ૧૦૦નું ઇનામ મળ્યું છે. તેમનું 'ભિસ્તી'નું ચિત્ર પણ ધ્યાન ખેંચે એવું હતું.

ભાઈ ખારેઘાટ પણ જાણીતા ઍમેચ્યોર ફોટોગ્રાફર છે. કોડાક કંપની-ની સુવિખ્યાત જગત-હરીફાઇમાં હિન્દી વિભાગમાં તેમને રૂ. ૨૫૦૦)નું ગ્રાન્ડ પ્રાઇઝ આપવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં મૂકાએલાં તેમનાં છ ચિત્રોમાં 'ઇન ધ લૅન્ડ ઑફ નૉડ' (નં. ૧૫) ઉત્તમ હતું. નિર્દોષ બાળકની નિર્દોષ ઊંઘમાં તેનું મુખ અજબ રીતે આકર્ષક હોય છે. કલાકારે બાળકના ભાવ હૂબહુ ચિત્રમાં ઉતાર્યા હતા. એમનાં બીજાં ચિત્રોમાં ટેકનીકની સંપૂર્ણતા













હોવા છતાં કાંઇક અદશ્ય તલસ્પર્શી વસ્તુનો અભાવ દેખાયા વિના રહેતો નહિ અને કદાચ તે જ કારણે તેમનાં ચિત્રો હૃદયસ્પર્શી નહિ બનતાં હોય. નમૂના દાખલ, જુઓ આ રહ્યાં તેમનાં બે ચિત્રો: 'હાર્વિંગ' (ચિત્ર નં. ૧૬) અને 'સ્ટીમર પાસે' (ચિત્ર નં ૧૭). ભાઇશ્રી નગીનદાસ નળાવાળાનાં બધાં ચિત્રો દરીઆપાર મુસાફરી કરી, બહારની આલમમાં જાણીતાં થયેલાં હતાં. અને કોઇ કોઇ સ્થળે ઇનામો પણ મેળવી આવ્યાં હતાં. છતાં તેમના ચિત્રવિષયોમાં હિન્દી પસંદગી થોડી જણાય છે. એમના 'ડૉન ઑફ ધ મૉર્નિંગ લાઇટ'–Down of the Morning Light (ચિત્ર નં. ૧૮)માં સવારના ઊગતા સૂર્યના પહેલા કિરણ વડે દરીઆની શાન્ત સપાટી પર ઉપજાવતી રમણીયતા ખડી થતી હતી. આને જ બધી રીતે મળતું એમનું બીજું ચિત્ર 'સિલ્વર મૉર્ન' હતું. 'સેન્ટ ગ્લોરિઆઝ' St. Gloria's (ચિત્ર ૧૯) જેવા વિષયને અમર કરવા કરતાં કોઇ હિન્દુ મન્દિર પાછળ કલાકારે એમની શક્તિ વાપરી હોત તો સૌને આનંદ થાત. એમનાં બીજાં બે ચિત્રો 'સવારનો તડકો' (નં. ૨૦) અને 'દિવસની શરૂઆત' (નં. ૨૧) પણ પ્રદર્શનમાં મૂકાયાં હતાં.

ફોટોગ્રાફીની દુનિયામાં ઊંચું સ્થાન મેળવનાર ભાઇશ્રી ખંડાલાવાળાનું નામ આજકાલ મુંબાઇમાં જાણીતું છે. આખા પ્રદર્શનમાં આ ભાઇના દરેકે દરેક ચિત્રમાં તેમના હિન્દી વ્યક્તિત્વની છાપ હતી. મુંબાઇના બીજા કલાકારોના ચિત્ર-વિષયોમાં પૂર્વ-પશ્ચિમનું મિશ્રણ નજરે પડતું; એવું કે નામ વગર ચિત્ર પરથી કયા રાષ્ટ્રના પ્રતિનિધિએ ચિત્ર સર્જ્યું હશે એનો નિર્ણય કરતાં ભૂલથાપ જ થાય. પરંતુ ભાઇ ખંડાલાવાળાનાં ચિત્રો અણીશુદ્ધ હિંદી જીવનમાંથી જ હોય છે. હજુ ગયે જ વર્ષે એમના 'એ વિચ વુમન ઑફ મનૉરી' 'A Witch Woman of Manori' (નં. ૧૧)વાળા ચિત્રને સને ૧૯૩૨નું સર્વોત્તમ ચિત્ર ગણી બ્રિટિશ ઍમ્પાયર ચૅમ્પીઅનશિપ એનાયત કરવામાં આવી હતી. 'વૃદ્ધ કોંકણી'–An Old Konkani નામના એમના ચિત્રે (નં. ૧૨) તો એ દુનિયાના દરેક પ્રદર્શનમાં સ્થાન મેળવ્યું છે. આ સાલ તેમના 'ડેકૉઇટ' Decoit ચિત્રને રૉયલ ફોટોગ્રાફિક સોસાઇટી ઑફ ગ્રેઇટબ્રિટનના પ્રદર્શનમાં સ્થાન આપ્યું હતું. એ ભાઇ ફુરસદે શોખથી ફોટોગ્રાફી કરે છે જ્યારે ધંધો વકીલાતનો હોઇ મુંબાઇની હાઇકોર્ટમાં ચાલુ દેખા દે છે. એમનાં બીજાં બે ચિત્રો 'ઠાકુર મા અને બાળક' (નં. ૧૩) તથા વાંસળી બજાવનાર (નં. ૧૪) પણ પ્રદર્શનમાં હતાં.

ફોટોગ્રાફીમાં હાથની જમાવટ કરનાર બીજાં પારસી બહેન કુ. આર. ડી. પીટીટ કલબનાં ઉત્સાહી સભ્ય છે. તેમનાં બધાં ચિત્રોમાં વિષયની વિવિધતા ને ઊંચી કારીગરી નજરે પડતાં હતાં. પ્રદર્શનના કૅટલગ, સર્ટિફિકેટ તથા પ્લૅકની ડિઝાઇન તથા ગોઠવણ તેમણે કરી હતી. સ્ત્રી-સહજ સર્જનની સ્વચ્છતા તેમનાં ચિત્રોમાં ઉપર તરી આવતી હતી. આટલા બધા કલાકારોમાં એકલાં એ જ બહેને એક સમર્થ કવિના પાત્રનું ચિત્ર સર્જાવ્યું હતું. ઉમરખય્યામની રૂબાઈ પર એક ચિત્ર 'Illustration to the Rubaiyat' (નં.૨૨)જેવી કૃતિ ઉપજાવવામાં તેમણે કલાની ઊંડી

સમજ પ્રકટ કરી બતાવી છે. 'ધ ગૅન્ગસ્ટર' The Gangster તથા 'ઇન બિટવીન ધ લાઇન્સ' In Between the Lines એ બંને ચિત્રોના વિષય ભાઈ ખંડાલાવાળા પોતે જ છે, એટલે ચિત્રનું પાત્ર પણ ચિત્રકાર હોવાથી બે કલામય માનસમાંથી ઊંચું ચિત્રસર્જન થયું છે. કુ. પીટીટનું 'અસ્થર' Asther પણ જેવુંતેવું પૉર્ટ્રેટ ન ગણાય.

ધ કૅમેરા પિકટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બેના મંત્રી ભાઈશ્રી રત્નાગર ઘણા જ કાળજીવાળા ને કુશળ કારીગર છે. ધંધે 'એકસ્ચેન્જ બ્રોકર' હોવા છતાં આટલી ઊંચી રસવૃત્તિ તેઓ કેળવી શકયા છે. તેમના 'ધ સનલિટ બાર્ન' The Sunlit Barn (નં. ૨૪)માં વાડાના ત્રણ બળદો પર પડતા સવારના સૂર્યપ્રકાશ વડે ઉત્પન્ન થતું સૌંદર્ય આંખે ઊડીને બાઝે છે. વિષયની પસંદગી ને રચના ઉત્તમોત્તમ છે. આ ચિત્રે ઘણે સ્થળે માન મેળવ્યું છે. વિષયની દૃષ્ટિએ, પકડવામાં દુર્લભ એવું એમનું બીજું 'ધ મૉર્નિંગ ટ્રામ' (નં. ૨૫) છે. તેમાં વહેલી સવારના મૃદુ પ્રકાશમાં ટ્રામમાં એક બાઇ ચડતી હોય છે ને પાસેથી મુંબાઇનો પ્રખ્યાત વિકટોરિયાવાળો પોતાના ખચ્ચર જેવા ઘોડાને હાંકતો આગળ જવા પ્રયાસ કરી રહ્યો છે. તેમનું જ 'સ્ટૉર્મી વેધર' Stormy Weather (નં. ૨૬)પણ સારો નમૂનો છે. પાણીનાં બાજુમાં (નં. ૨૭) નામનું તેમનું ચિત્ર 'ધ ગૅલેરી' નામના ફોટોગ્રફીના માસિકમાં હમણાં જ છપાયું છે.

મિ. ઊનવાળાની સાથે ઓળખાણ થતાં પહેલાં તેમને જેવા કલ્પ્યા હતા તેવા જ તદ્દન સાદા અને ભલા તે ભાઈ નીકળ્યા. શોખથી, કલાની ખાતર જ કલાના વિકાસની ટોચે પહોંચવા તે મથી રહ્યા છે. ગમે તેવા માણસને ફોટોગ્રાફીમાં મદદ કરવાને તે સદા ઉત્સુક હોય તેવું તેમની સાથેની વાતચીત પરથી જણાયું. વળી તેમના નરમ સ્વભાવ પ્રમાણે તે વધુપડતા ઉદાર હોવાનો આરોપ તેમના પર મિત્રો કરે છે, જ્યુરીમાં તે એકલા જ વધુ સંખ્યામાં ચિત્રો રજુ કરવાના મતના હતા. તેમનાં બધાં ચિત્રો વિલાયતમાં આદર પામેલાં છે. 'મારાં માયજી' My Motherનું (નં. ૨૮) અનુપમ ચિત્ર સર્જાવી તેમણે તેમનાં માતુશ્રીને કલાની દુનિયામાં અમર કર્યાં છે. આ ચિત્રને ધ રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી ઑફ ગ્રેટ-બ્રિટનના પ્રદર્શનમાં સ્થાન મળ્યું છે. એમના 'પવિત્ર ચુંબન' Kiss Divine (નં. ૨૯)માં એકબીજાની હૂંફમાં લપાઇને મોઢે મોઢું અડકાડીને સ્વપ્નસ્થ સ્થિતિમાં પડેલાં નાનાં ભાઈબહેન ચીતર્યાં છે. 'અન પેન દ'આમોર' Un pen d'amour (નં. ૩૦) એ મિ. ઊનવાળાની ટેબલટૉપ ફોટોગ્રાફીનો સુંદર નમૂનો છે. પૂઠાના કકડાઓમાંથી બારીબારણાં તથા નાચનારી આકૃતિઓ કાતરી કાઢી, તેના વડે નૃત્યના ઓરડાનો ચિતાર કલાકારે ખડો કર્યો છે. એ ઉપરાંત 'ગર્લ ગાઈડ' (નં. ૩૧) તથા 'ગતસ્મરણ' (નં. ૩૨) પણ પ્રદર્શનની દિવાલે લટકતાં હતાં

જૂના જમાનામાં 'ડિફ્યુઝ ફોટોગ્રાફી' ઘણી થતી હતી. તેના અવશેષ રૂપ મિ. વાડીઆનાં બે ચિત્રો 'ધ પૉર્ટર્સ લૉજ' The Porter's Lodge તથા 'ફ્લૉરેન્સ બાઇ નાઈટ' Florence by Night હતાં. પરંતુ મને





૩૧

૩૨

૩૩

૩૪
૩૫

તો એ બંને ચિત્રો જરૂર કરતાં વધુ પ્રમાણમાં ઝાંખાં (diffused) કરેલાં લાગ્યાં, જેથી કરીને આકારોની ઘનતા લગભગ નાબૂદ થતી હતી. મિ. વાડીઆનું 'જિમ' Jim (નં. ૩૩) ઘણું જ સરસ ચિત્ર. કૂતરાની ખરી લાક્ષણિક છબી પોર્ટ્રેટ એ હતી. જોકે ઘણા મિ. લીઓનાર્ડના 'જિપ્સી' Gipsy નં. ૪)ને પસંદ કરતા હતા.

ॐ

પ્રદર્શનના સૌથી મહત્ત્વના અને ધ્યાન ખેંચે તેવા ત્રીજા વિભાગમાં દુનિયાભરના કેટલાક નામાંકિત ફોટો-કલાકારોની કૃતિઓ હતી. એ સોળે સોળ નામ આ કલાના પ્રેમીઓની જીભને ટેરવે હશે. તેમાં એવું એક પણ નામ નથી કે જે દુનિયાના કોઇપણ રાષ્ટ્રના પ્રદર્શનમાં ન દેખાતું હોય.

સ્પેનની રાજધાની માડ્રિડના મિ. ઇચૅક Echaqueનાં ચિત્રોનું વ્યક્તિત્વ ગમે તે ચિત્રસંગ્રહમાં ઊડીને આંખે બાઝે છે. એમના ચિત્રવિષયો બીલકુલ તળપદા–સ્પૅનિશ તથા રચના અને ગોઠવણ બધી એ કલાકારની લાક્ષણિક હોય છે. પ્રદર્શનમાં તેમનાં બે ચિત્રો 'કૅસ્ટેલાનો' (Castellano) તથા 'માઇ ડૉટર્સ સ્લીપ' (My Daughter's Sleep) હતાં. તેમાંના બીજા ચિત્રને બ્રિટિશ એમ્પાયર ચૅમ્પીઅનશિપ બે વર્ષ પર આપવામાં આવી હતી. વળી એમના ફોટો પ્રિન્ટ ફ્રેસન–fresson નામની ખાસ પદ્ધતિથી કરવામાં આવ્યા હતા.

ઓહીઓ Ohioના મિ. ડૉરિસ નિકૉલસનાં બે ચિત્રો અભ્યાસ માટે બારીક નિરીક્ષણ માગી લેતાં હતાં. પોર્ટ્રેટ ફોટોગ્રાફીમાં તે વિશારદ છે. તેનું 'ગ્રીક સ્લેવ' (નં. ૩૪) તદ્દન અવસ્ત્રું નહિ અને છતાં શરીરના અવયવોને સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરે તેવું તથા સુયોગ્ય રચનાવાળું હતું. તેમના પછી સૌથી વધુ ફળદ્રુપ ફોટોકલાકાર શિકાગોના પ્રખ્યાત સર્જન 'મૅક્સ થૅારેક્સ' Max Thorex આવે છે. તેમનાં ત્રણ ચિત્રો મેળવવા આ પ્રદર્શન ભાગ્યશાળી નીવડ્યું હતું. મિ. થૅારેક્સ પોતાના વ્યવસાયી જીવનમાંથી સમય કાઢીને પણ એક વર્ષમાં સેંકડોની સંખ્યામાં ચિત્રો સર્જે છે, અને ચિત્રોની સંખ્યા એવડી મોટી હોવા છતાં તે દરેકમાં વિશિષ્ટ ગુણો તરતા હોય છે. એમનું એકેએક ચિત્ર ગમે તેટલા ઊંચા ધોરણથી તપાસવામાં આવે તોપણ પરીક્ષકની કપરી કસોટીમાંથી અચૂક પાર ઊતરવાનું. એમનાં ચિત્રો તથા પ્રદર્શનોના વાર્ષિક આંકડા તપાસતાં નવાઇ ઉપજે છે. ઇ. ૧૯૨૬-૨૭ની સાલમાં દુનિયાનાં ૨૦ પ્રદર્શનોમાં એમનાં ૬૪ ચિત્રોને સ્થાન મળ્યું હતું. ત્યાર બાદ પ્રદર્શનો અને ચિત્રોની સંખ્યા પ્રતિ વર્ષે વધતી ચાલી. ઇ. ૧૯૨૭–૨૮, ૧૯૨૮-૨૯, ૧૯૨૯-૩૦ તથા ૧૯૩૦-૩૧માં અનુક્રમે ૩૮, ૪૦, ૪૧ અને ૪૩ પ્રદર્શનોમાં જુદાંજુદાં ૨૧૧, ૨૨૨, ૨૨૫ અને ૨૨૬ ચિત્રો લટકાવવામાં આવ્યાં હતાં. એ જોતાં ચાર વર્ષ જેટલા ટૂંકા સમયમાં તેમણે કેટલું વિપુલ સર્જન કર્યું! શિકાગો જેવા અમેરિકાના પ્રથમ પંક્તિના શહેરમાં નામાંકિત દાક્તર-સર્જન તરીકેના વ્યવસાયી જીવનમાં પણ આ કલા માટે તે કેટલો સમય ફાજલ કાઢતા હશે એ કલ્પનામાં પણ આવી શકતું નથી. એમનાં ત્રણે ચિત્રો ક્લૉરોબ્રોમાઇડ કાગળ પર ઉતારવામાં આવ્યાં હતાં. એ

ચિત્રોનું વિવેચન કરવાની ધૃષ્ટતા કર્યા વિના એટલું જ કહેવાનું કે તેની ખરી ખૂબી અને સુંદરતા સમજવા માટે તેને નજરે જોવાં પડે. તેમનું 'ટોલ્સ્ટૉયઝ ડબલ' (Tolstoy's Double) (નં. ૩૫) તથા 'હેબા હુઆરા' (નં. ૩૬) નામક બે ભાવવાહી ચિત્રો નાના પ્રમાણમાં અહીં આપવામાં આવ્યાં છે.

ઑસ્ટ્રેલિયા–સિડની–ના પ્રતિનિધિ મિ. મૉન્ટે લ્યુકે તેમના બીજા ફોટોગ્રાફર દોસ્ત કાઝ (Caz)નું સુંદર પોર્ટ્રેટ (નં. ૩૭) મોકલ્યું હતું. પરન્તુ અહીં આવેલા એ પ્રિન્ટના ટોન Tones જરા નબળા હતા તેથી ચિત્ર મોળું પડતું હતું. ત્યાર પછી મિ. જુલીયન સ્મિથનાં ત્રણ ચિત્રોમાં બે અનુપમ હતાં. 'ધ વૉચ ડૉગ' (The Watch Dog)ને પોર્ટ્રેટની કલાનો ઉત્તમ નમૂનો ગણી શકાય. મનુષ્યના પોર્ટ્રેટમાં હાથ બહુ આડા આવે છે. કેટલીકવાર તો કલાકારને એમ લાગી જાય છે કે માણસ હાથ કપાવીને છબી પડાવતાં હોય તો વધુ સારું ! આ ચિત્રમાં લશ્કરી સિપાઈ હાથમાં બૉમ્બ લઇ, દાંત કચકચાવીને દુશ્મન પર હલ્લો કરવા, સોલ્જરની બધી જ ક્રૂરતા સાથે ખાઇમાં આગળ ધસી પડવા અધીરો બન્યો છે. તેમાં ખાઈનું વાતાવરણ કલાકારે અજબ રીતે ખડું કર્યું છે. ચિત્રને ડાબે ખૂણે બેએક રેતીના કોથળા ખાઇનું સૂચન કરતા જણાય છે. આમ છતાં પ્રેક્ષકોમાં તો ઘણાંને તેનું બીજું ચિત્ર 'ધ માસ્ટર પ્લેઇઝ' (નં. ૩૮) ગમ્યું છે. એમાંની વાયોલિન વગાડતી સ્ત્રીના ગજ સાથેના હાથની ગોઠવણ પ્રશંસનીય છે.

રૉચેસ્ટરના મિ. એ. લૅવેન્ટનનું 'એ રશિયન બૉય' (નં.૩૯) નામનું પોર્ટ્રેટ પણ પ્રદર્શનમાં હતું. ધ રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી ઑફ ગ્રેઇટ બ્રિટનને એક સખી તરફથી મળેલી હજારો રૂપીઆની ઉમદા ભેટના વ્યાજની રકમમાંથી પ્રતિવર્ષ, એ સોસાએટીએ દુનીઆના સારામાં સારા ફોટોગ્રાફો ખરીદ કરી જંગી સંગ્રહ કર્યો છે. આ સંગ્રહ 'ટિંગ કલેકશન' (Tyng Collection)ના નામથી ઓળખાય છે. મિ. લેવેન્ટનનું ઉપલું ચિત્ર સોસાએટીના સંગ્રહમાં લેવાયું છે.

ન્યૂ યૉર્કના મિ. પીએરી મેકડૉનલ્ડ પુરુષના સર્વોત્તમ પોર્ટ્રેટિસ્ટ ગણાય છે. સ્ત્રી કરતાં પુરુષની મુખાકૃતિ તરફ તેમને પક્ષપાત હોઇ તે પોતાના સ્ટુડીઓમાં કદી સ્ત્રીની છબી જ પાડતા નથી, અને પોતાની જાતને 'ધ ફોટોગ્રાફર ઑફ મેન' કહેવડાવે છે. તેમણે ઉપરની સોસાએટીને આપેલી સખાવતના વ્યાજમાંથી દર વર્ષે એમના નામનું પણ એક ઇનામ—પીએરી મૅકડૉનલ્ડ ઍવૉર્ડ—દુનીઆમાં પુરુષના સર્વોત્તમ પોર્ટ્રેટને આપવામાં આવે છે. આ ઇનામ મેળવવા દુનીઆના સબળા ફોટો–વિશારદો વચ્ચે સખત સ્પર્ધા થાય છે. ચાલુ સાલમાં મિ. જી. કે. ચેસ્ટર્ટનના પોર્ટ્રેટ માટે (ચિત્ર ૪૦) પૉલશેલાબરને એ ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. આ પ્રદર્શનમાં મિ. પી. મૅકડૉનલ્ડ 'એ. ઈ.' નામક પોર્ટ્રેટ (નં. ૪૧) હતું.

જાપાનીઝ પ્રજા જેમ દુનીઆભરમાં સર્વ ઉદ્યોગોમાં આગળ તરી અવે છે તેમ ફોટોગ્રાફીની કલામાં પણ તેમના વ્યક્તિત્વની અનેરી છાપ પડેલી છે. જાપાનીઝ કલાકારો વિષયની પસંદગી, રચના ને ગોઠવણમાં બધા દેશો કરતાં, તદ્દન જુદા પડે છે. આમાં મિ. સાટો (Sato)નું નામ ફોટોગ્રાફીના



૩૬



૩૭



૩૮



૩૯



૪૦


૪૧


૪૨


૪૩


૪૪


૪૫

ક્ષેત્રમાં જાણીતું છે. 'ધ લૅન્ટર્ન'–ફ્રાન્સ–તેમની કલાનો ઉચ્ચ નમૂનો છે (નં. ૪૨).

ઑસ્ટ્રીઆના સુવિખ્યાત કલાકાર મિ. રૂડૉલ્ફ કૉપીઝે ફોટોગ્રાફીની કારબન પદ્ધતિથી નકલો ઉતારવાની કલામાં વિશિષ્ટતા કેળવી છે. માણસનું પોર્ટ્રેટ પાડવામાં અને સમગ્ર આકૃતિ (આખા શરીરની છબી) ઉતારવામાં બહુ ફેર છે. અને એમ, એકની સંખ્યામાં વધારો કરી, બે ત્રણ ને ચાર પાત્રોને ચિત્રમાં ગોઠવી, તેમાં વિચાર અને રચનાનો સુમેળ કરી સર્જન કરવું એ ઘણું કઠણ કામ છે. મિ. કૉપીઝના વિષયોમાં ઘણુંખરું અવસ્ત્રા શરીરવાળાં સ્ત્રી–પુરુષો અને બાળકો હોય છે. આ પ્રદર્શનમાં મૂકેલું તેમનું તાલદર્શન 'એ સ્ટડી ઇન રિધમ' (નં. ૪૩) ઉચ્ચ કોટિનું ચિત્ર છે. કાળા ઝભ્ભામાં સજ્જ થએલી ત્રણ સ્ત્રીઓની આગળ એક અવસ્ત્ર સ્ત્રીની રચના એમાં છે. પણ ચાર સ્ત્રીઓની સમગ્ર આકૃતિઓની ગોઠવણમાં આઠ હાથપગનો ચિત્રની જગ્યામાં કલામય સમાવેશ, આટલી સફળતાપૂર્વક કોઇક જ કરી શકે. આ ચિત્ર પણ ટ્રીંગ સંગ્રહ માટે ખરીદાયું છે.

સ્કૉટલંડના મિ. વ્હાઇટહેડની ખાસિયત જુદા જ પ્રકારની છે. તેમનાં બધાં જ ચિત્રો એક નેગેટિવને બદલે ત્રણચાર અને કોઇવાર પાંચ નેગેટિવો ભેગી કરીને ઉપજાવવામાં આવ્યાં હોય છે. વળી દશ્ય ફોટોગ્રાફી પર તેમના હાથની જ-


૪૬


૪૭


૪૮


૪૯


૫૦



શ્રી કાર્લ જે. ખંડાલાવાલા　　શ્રી એફ. આર. રત્નાગર　　શ્રી જે. એન. ઊનવાલા

પહેલા અખિલ હિંદ ફોટોકલા પ્રદર્શનમાં રજુ થએલી કૃતિઓનું પરીક્ષકમંડળ

માવટ ઉત્તમ છે. આ લેખની સાથે આપેલાં તેમનાં બે ચિત્રો 'એ મૂરલેન્ડ પેગન્ટ' અને 'ડૉન' (નં ૪૪) પરથી તેમની કલાનો ઝાંખો પણ ખ્યાલ આવશે.

ઇંગ્લંડની જૂની પદ્ધતિ–Old School–ના વયોવૃદ્ધ કલાકાર મિ. ઍલેકઝાન્ડર કીથકેનું ધ બ્રીજ, મૉન્ટિનિગ્રો નામનું કાર્બન પદ્ધતિથી ઉતારેલું અનુપમ દશ્યચિત્ર (નં. ૪૫) પ્રદર્શનમાં લટકાવ્યું હતું. હજુ આ જ વર્ષમાં તેમની ફોટોગ્રાફીની કરીઅરને પચાસ વર્ષ પૂરાં થએથી ઇંગ્લંડના કલાકારોએ તે પ્રસંગની ઊજવણી કરી હતી. બેલ્જીયમના જાણીતા કલાકાર મિ. લીઓનાર્ડ મિસોનીનું ઑઇલ પ્રોસેસથી ઉપજાવેલું 'મિઝરેબલ એટ્રીલેજ' (નં. ૪૬) ચિત્ર પશ્ચિમમાં પુષ્કળ પ્રશંસા પામ્યું છે. તેમાં વાતાવરણની જમાવટ તથા વિષયને અનુકૂળ છાયાપ્રકાશ કલાકારે ફતેહમંદ રીતે ઉતાર્યાં છે.

આયર્લૅન્ડના મિ. સાઇમ્સનું 'સીએસ્ટા' (નં. ૪૭) બ્રોમાઇલ ટ્રાન્સફરનો ઉત્તમ નમૂનો હતો. 'ધ ફોટોગ્રામ્સ ઑફ ધ ઇઅર' નામક વાર્ષિકમાં તે ચિત્ર આવી ગયું છે. હોડકા જેવી મામૂલી ચીજને એમાં ચિત્રવિષય બનાવવામાં આવ્યો છે. ત્યાર બાદ ઑસ્ટ્રીઆના મિ. ન્યુમલરે, માછીમારોએ, દરીઆ કાંઠે સૂકવવા મૂકેલી ભીંજાએલી જાળમાંથી ડૂબતા સૂર્યનું પ્રકૃતિ સૌન્દર્ય, 'મૅારજેન્વીન્ડ'માં પકડ્યું છે. (નં. ૪૮) ૧૯૩૩ના રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીના પ્રદર્શનમાં તે ગોઠવાયું હતું.

અને છેલ્લે લંડનના બે જાણીતા કલાકારો મિ. ડેલ તથા મિ. રોબાર્ટનાં બે દશ્યો લટકતાં હતાં. 'ધ વૅલી ઑફ પોપ્લર્સ (નં. ૪૯)માં ચાર ઊંચાં ઊંચાં ઝાડોમાંથી આવતા સૂર્યપ્રકાશથી મનુષ્ય હૃદયના ઉદ્‌ભવતા ભાવોના પડઘા છે. મિ. રૉબર્ટનું 'વ્હિસ્પરિંગ ટ્રીઝ' (નં. ૫૦) બ્રોમૉઇલ પદ્ધતિથી ઉપજાવેલું દશ્ય હતું. પરન્તુ આ ચિત્ર તેમનાં બીજાં ચિત્રો આગળ ઝાંખું પડતું જણાતું હતું. મિ. રૉબર્ટને, મિ. ખંડાલાવાલાની સાથે જ દશ્ય વિભાગમાં બ્રિટિશ એમ્પાયર ચૅમ્પીઅનશિપ આપવામાં આવેલી છે.

હિન્દમાં સૌથી પ્રથમ વાર જ ભરાએલા આ પ્રદર્શનનો લાભ ભાગ્યે જ કોઇ લેતું જણાયું હતું. પ્રદર્શન ખુલ્યાને પહેલે જ દિવસે મુંબાઇ જેવા મનુષ્ય સમુદ્રમાંથી ચાર કલાકના સમયમાં ભાગ્યે જ પચાસેક મનુષ્યો તેની મુલાકાતે આવ્યા હશે. હિન્દવાસીઓની કલા પ્રત્યેની આવી ઉદાસીનતા અક્ષમ્ય ન ગણાય? જીવનસંસ્કારના પ્રત્યેક ક્ષેત્રમાં દુનીઆની હરોળમાં ખડા રહેવાની લાયકાત આપણે કેળવવી ન ઘટે? **બલવન્ત ભટ્ટ**

નામના ચિત્ર સારૂ આપીએ છીએ. કંઇપણ વધુપડતા દૃશ્યને લેવાનો લોભ છોડી માત્ર પાત્ર અને તેને અનુકૂળ લાગતા આકારો સમાવી ચિત્ર લેવાયું છે તે ખરેખર નોંધપાત્ર છે. માત્ર ફોટોગ્રાફ લેવાનો છે એવો ખ્યાલ આખા ચિત્રમાં વ્યાપક બની ગયો એટલો તેનો દોષ છે. જાણે કે 'બાપાજી, હલતા નહિ; તમારી છબી લઇએ છીએ' એમ પાડતી વખતે કહ્યું ન હોય! નોંધ અને સૂચનાયોગ્ય ચિત્રોમાં ચીમનલાલ ઠાકર (ઉમરેઠ)નું 'બાલરમત', અનિલકુમાર (મુંબાઇ)નું 'તળાવ', અજીતસિંહ કાપડિયા (મુંબાઇ) નું 'નિર્દોષ પંખીડાં' આ ત્રણે ફોટોગ્રાફોમાં ચિત્રયોગ્ય ભાગ કેટલો છે તે દરેકની પાછળ દર્શાવવામાં આવ્યું છે (જો પોસ્ટેજ મોકલ્યું હશે તો ફોટોગ્રાફો પાછા મોકલાશે જ); તે પરથી સમજાશે કે પાડેલા ફોટોગ્રાફમાં બધું જ આકર્ષક હોતું નથી. યશવંત ઠક્કર (મુંબાઇ)નું ત્ર્યંબકેશ્વરનું મંદિર એક સફળ ફોટોગ્રાફ છે. પણ ભૂગોળનું સ્થાન દર્શાવે એવી વિશેષ સૂચક સામગ્રી તેમાં જોઇએ. એસ. એ. બી. મિયા (બ્રિટિશ-આફ્રિકા)ના ફોટોગ્રાફોના વિષય જિજ્ઞાસા અને આકર્ષણભર્યા છે, પરંતુ જોઇએ તેવી ઉઘાડની ઝીણવટ નથી. એમનું 'ફુલોનો શોખીન' શેડલાઇટની છૂટ માગે છે. મુકુન્દ મોદી (મુંબાઇ)નું 'આકાશવીજળી'નું ચિત્ર પાડનારની વિવિધયોગ પર નજર છે એમ બતાવે છે. એ ભાઈ વધુ ઝીણવટ અને સફળતા માટે પ્રયત્ન કરે તો એવા ફોટોગ્રાફો બહુ ઉપયોગી બને. સી. ડી. પટેલ (મોમ્બાસા) નું 'ડક્કા'નું ચિત્ર કંઇક વધુ હીલચાલ અને પાત્રો માગે છે. હર્ષદ પંડ્યા (ઇંદોર)ના 'ફુરસદે' ચિત્રમાં આકારો યોગ્ય છૂટભર્યા પ્રકાશમાં નથી. ગુલામઅલી શેખ (મોમ્બાસા)નું 'અનામી' ચિત્ર માનવ પાત્ર વિના સૂમસામ લાગે છે.

આટલું ધ્યાનમાં રાખશો

- હરીફાઇ માટે મોકલાતા ફોટોગ્રાફો સાથે કૃપા કરી કોઇ પણ જાતનો પત્રવ્યવહાર બીડવો નહિ.
- ફોટોગ્રાફને લગતી કાંઇ વિગત દર્શાવવી હોય તો તેની પાછળ જ ટૂંકાણમાં લખવી. એટલે કે કવરમાં ફોટોગ્રાફ સિવાય બીજું છુટું કશું બીડેલું હોવું જોઇએ નહિ
- કવરને ઉપલે ડાબે ખૂણે ફોટો હરીફાઇ એટલું લખેલું હોય.
- પોસ્ટેજ તથા સરનામાવાળું કવર સાથે મોકલ્યા વિના ફોટોગ્રાફો પાછા મોકલાતા નથી.
- તેવા ફોટોગ્રાફો દરેક અંક બહાર પડ્યા પછી અઠવાડિયાની અંદર સૌસૌને પાછા મોકલાઇ જાય છે; માટે પોતાનો ફોટોગ્રાફ એટલી મુદતમાં ન મળે તો તરત તપાસ કરવી. ઘણા જણ બે પાંચ મહીના પછી આવી તપાસો કરે છે તેને પહોંચી વળવું અશક્ય છે.

બા ળ વિ ભા ગ ની વા ર્તા



બાવનગંગા

એક હતો ગોવાળ. તેને સોળ વરસની એક દીકરી. ગામને પાદરે ગાયભેંશોને લઇ એ રોજ ચરાવવા જાય.

ત્યાં એક નાનકડી તલાવડી લહેરાં લેતી હતી. તેને કિનારે વડ, પીપળા, લીમડા ને આમલીનાં ઝાડ ઝૂકી રહ્યાં હતાં.

એક વાર છોકરી ધણને લઈ કિનારે આવી છે. વૈશાખ મહિનો છે અને ધોમ ધખે છે.

ગાયભેંશો તલાવડી ખૂંદે છે. તેમાં ભેંશો તો નીચેનો કાદવ ડખોળી નાખી પાણીને ડહોળાં બનાવી રહી છે.

આભલાનું દર્પણ હોય એવી ઘડીકવાર પહેલાંની નિર્મળ તલાવડી, માટીના રંગથી ધૂંધળી બની ગઈ છે. છોકરી ભેંશોની આ ધીંગામસ્તી જોઇ રહી છે.

એવામાં ત્યાં થઇને એક બ્રાહ્મણ ઉતાવળો ઉતાવળો ચાલ્યો જતો હતો. એને પૂનમનો યોગ સાધી ગંગાજી નહાવા જવું હતું, કારણકે તેથી મોટું પુણ્ય મળતું હતું.

છોકરીએ બ્રાહ્મણને પૂછ્યું, 'મહારાજ! કેમ આટલા બધા ઉતાવળમાં છો? ક્યાં જવું છે?'

બ્રાહ્મણે ન પાલવતે ઉત્તર દીધો, 'પૂનમ નહાવા ગંગાજી જવું છે—'

છોકરી બોલી: તો તો 'મહારાજ! વખતસર ત્યાં તમે પહોંચો એમ જણાતું નથી: પણ જો મારા બોલ ઉપર ભરોસો આવતો હોય, અને મનમાં ખરી શ્રદ્ધા હોય તો માનો કે અત્યારે જ પૂનમની ખરી ઘડી અને ખરૂં મુહૂર્ત છે. આ પેલી તલાવડીમાં નહાવ તો તમને ગંગાસ્નાન મળશે—'

બ્રાહ્મણ તો આ નાદાન છોકરીની સામું જ જોઈ રહ્યો. ગંદી અને ડહોળાએલાં પાણીવાળી તલાવડીમાં



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહીને 'શા માટે' (રૂદન) નામના ચિત્ર માટે બાપુલાલ સુતરવાળા (સિદ્ધપુર) પહેલા ઇનામને લાયક ઠરે છે. ભાવની સ્વાભાવિકતા સાથે આકૃતિની સ્પષ્ટતા અને ચિત્રમર્યાદા એવાં સરસ રીતે સચવાયાં છે કે વધુ વિવેચન વગર જ એ ચિત્રનો સ્વર સંભળાશે. બીજું ઇનામ 'અરગ વહાણ' માટે ગુલામઅલી ખરી (માંગરોળ)ને આપીએ છીએ. વિસરાતા જમાનાની નિશાનીઓમાં હજારો વર્ષથી ચડ એવું વહાણનું સ્વરૂપ એ માનવ ઇતિહાસનું એક આકર્ષક પ્રકરણ છે. તેનું આવું સ્વચ્છ અને વિગતપૂર્ણ ચિત્ર આકર્ષક યોજનામાં નોંધાયું જોઈ આનંદ થાય છે. 'શિશિર' ત્રીજું ઇનામ મેળવે છે. તે મોકલનાર ભાઇ હિંમતસિંહ આ:લીજપુર (દાહોદ) ના છે. અમે જે અનેકવાર કહી ચૂક્યા છીએ કે કુદરતના પ્રકારો અને પરિવર્તનો નોંધવામાં ફોટોગ્રાફી મહત્ત્વનો ભાગ લઇ શકે છે, તેનું આ સુંદર દૃષ્ટાંત છે. ચોથું ઉત્તેજના પારિતોષિક બ્હેન મધુકાન્તાને 'તપસ્વી'

લોકગમ્ય ચતુરાઈ અને વાર્તારસથી ભરપૂર બાલકથા: જેમાં એક

ભેંશો નહાતી હતી. તેમાં તેનાથી કેમ નહાયું જાય? એને કોણ ગંગાજી કહે?

છતાં બ્રાહ્મણ વિચારમાં પડી ગયો. એને છોકરીની નિખાલસ વાણી ઉપર કંઈ વિશ્વાસ બેઠો.

એ તો પાણીમાં નહાવા ઊતર્યો. છોકરીએ કહ્યું, 'મહારાજ! હવે જ ખરી પુણ્યઘડી છે. મારો ડૂબકી.'

બ્રાહ્મણ તો ડૂબકી મારી નીચે ગયો. ત્યાં તેને પગે કંઈક અથડાયું. એ ઉપર આવી ગયો.

છોકરીએ ફરીથી કહ્યું, 'મહારાજ! ફરી ડૂબકી મારો અને જે હાથમાં આવે તે ઉપર લેતા આવો.'

બ્રાહ્મણે તો ડૂબકી મારી, અને બે હાથમાં જે આવ્યું તે લઈને પાણીની સપાટી ઉપર આવ્યો. જુએ છે તો મહામૂલાં રત્નો અને મોતી!

છોકરીએ તેને એ ઓટીમાં રાખીને ફરીથી એકવાર ડૂબકી મારવા કહ્યું.

આ વખતે તેના હાથમાં એકલો કાદવ આવ્યો.

છોકરીએ કહ્યું, 'જોયુંને? મેં કહી હતી તે વાત સાચી ખરી કે નહિ? તમે ગંગાજી વખતસર ન જ પહોંચી શકત. પહેલી ડૂબકી વખતે જ પૂનમનો ખરો યોગ હતો. એટલે જ તમને તે ફળ્યો ને રત્નો મળ્યાં!'

બ્રાહ્મણનો હરખ તો માતો નથી. એને છોકરીના બોલની કિંમત હવે સમજાઈ. એને છોકરી ઉપર વ્હાલ ઉપજ્યું. રઢિયાળા બોલવાળી છોકરીની તેને રઢ લાગી.

થોડીક ઘડભાંગ પછી એણે છોકરીને 'પરણી-કુંવારી' પૂછી.

છોકરી પગના નખથી ભોંય ખોતરવા લાગી. એને ગાલે નારંગી ઢળ્યાં. સૂર્યાસ્ત વખતના આકાશની લાલી એના શરીરને સોને મઢી ગઈ.

બ્રાહ્મણ સમજી ગયો. એણે છોકરી પાસે લગ્નની સ્પષ્ટ માગણી કરી.

છોકરીએ કહ્યું, 'મારા બાપ જો હા કહે તો મારી ના નથી—'

બંને જણ ચાલ્યાં ચાલ્યાં ઘેર આવ્યાં. ગોવાળે બ્રાહ્મણને પોતાની કન્યા આપવાની સાફ સાફ ના પાડી. 'ઊંચી વર્ણમાં ગોવાળનો સંબંધ કેમ બંધાય?'— એ એ વિચારી રહ્યો.

આખરે બ્રાહ્મણનો આગ્રહ જોઈ બીજાં સગાંવહાલાંએ બાપને સમજાવ્યો. તોપણ બાપ એકનો બે ન થયો. પણ છેવટે બ્રાહ્મણ કહે 'હવે પ્રાણ છોડું' ત્યારે એ પોતાની દીકરી પરણાવવા કબૂલ થયો.

ઘડિયાં લગન લેવાયાં; ચોરીમાં કંસારના કોળિયા અરસપરસ ભરાવ્યા; મંગળ ગીત ગવાયાં; અને વરકન્યા પરણી ઊઠ્યાં.

છોકરીએ વરને સમજાવી મૂક્યો હતો કે 'બાપ કંઈક માગવાનું કહે ત્યારે કશું ય માગશો નહિ; પણ જ્યારે ખૂબ આગ્રહ કરે ત્યારે એક કામધેનુ જેવી ગાય, હાથણી જેવી નવચંદરી ભેંસ, અને માણસ જેવું બોલતો અદ્ભુત પોપટ—એટલું માગી લેજો: આપણે તેટલું મળ્યા પછી બીજું કશું પણ જોઈતું નથી.'

સસરાએ દીકરીને વળાવતી વખતે કંઈક ભેટ માગવા કહ્યું. શીખવાડી મૂકયા પ્રમાણે બ્રાહ્મણે બહુ બહુ ના કહી: પણ આખરે જ્યારે આગ્રહ વધ્યો ત્યારે પેલી ત્રણે વસ્તુઓ એણે માગી.

સસરો તો આભો થઈ ગયો. પોતાની વહાલામાં વહાલી અને ખૂબ કિંમતી વસ્તુઓ આપી દેતાં એના જીવને આવ્યું: પણ બોલથી બંધાએલા સસરાએ જમાઈને ત્રણે વસ્તુ આપી અને સંતોષ્યો.

વરકન્યા વદાય થયાં. સાથે પેલી ત્રણ વસ્તુ પણ વદાય થઈ.

તેમાં પેલો પોપટ તો ખરેખર અદ્ભુત હતો. એ રોજ રાતે ઇંદ્રસભામાં જાય અને ત્યાંના સમાચાર પોતાની ગોહિયણને આવી કહે. ભેંશ અને ગાયની જોડ તો આખા દેશમાં મળવી મુશ્કેલ હતી.

બ્રાહ્મણ હવે ખેતી કરે છે અને પૃથ્વી માતાને ખોળે બંને જણ ઊછરે છે. તેમનાં ઢોરઢાંક પણ તેમાંથી પળ્યાં જાય છે.

એક દિવસ પોપટે ઊડતાં ઊડતાં આવી સમાચાર કહ્યા કે 'ગઈ કાલે ઇંદ્રે પોતાના બારે મેઘને સખ્ત હુકમ આપ્યો છે કે આખા દેશમાં ટીપું પણ વરસાવવું નહિ. માત્ર પહાડ ઉપર અને પથરાળ ખીણમાં જ વરસવું.'

બ્રાહ્મણ વાત સાંભળી હરબાડી ગયો. પેલી છોકરી તો માત્ર ઘડીભર ગંભીર બની ગઈ; પણ પછી કંઈક નિશ્ચય કર્યો હોય તેમ એણે તત્કાળ ભેંશને બોલાવી.

ગોવાળની છોકરી બ્રાહ્મણને પરણીને મોટા ઈંદ્રને પણ મહાત કરે છે

તેનાં શીંગડાં વડે બધી ખીણ ખોદી નાખવા તેણે કહ્યું. કહેતાંની સાથે ભેંશોનું જાણે સૈન્ય ઊલટ્યું; અને ખીણ ખોદાઇ ગઈ.

છોકરીએ વરને સાથે લીધો અને બંને જણે મળીને ડાંગરની રોપણી માટે તૈયારી કરી. વરસાદની મોસમ આવી, પણ સપાટ જમીન ઉપર ટીપું પણ વરસ્યું નહિ. પરંતુ ડુંગરની ખીણમાં ખોદેલી ક્યારીઓ પાણીથી ભરાઇ ગઇ. ડાંગરના તરુ ખૂબ ફૂટી નીકળ્યા અને આખી ખીણ લીલી કુંજાગાર બની ગઈ.

ફરતા પ્રદેશમાં વરસાદ વગર ઘાસનું એક તણખલું સરખું ઊગ્યું નહિ, ત્યારે અહીં ખીણમાં તો ક્યારીઓનાં કણસલાંમાં દાણા માતા નથી. ડાંગરના છોડ ચંપકવર્ણા થયા અને ભારથી નમી પડ્યા.

ઇંદ્રને આ વાતની ખબર થઇ. ખીણમાં પાક થયો જાણી ક્રોધથી એ ધૂંવાપૂંવા થઇ ગયો. આ પ્રદેશમાં દુકાળ પડતો અટક્યો તે તેનાથી વેઠાયું નહિ. એટલે પોતાના હુકમને કોરે મૂકનારને દંડ દેવા એ અધીરો બન્યો.

ઇંદ્રે ઉંદર અને કોળની ફોજ તૈયાર કરી ને બધા પાકને રંજાડવા માટે તેમને મોકલી આપ્યા. પણ અહીં પોપટ દ્વારા એ વાતની ખબર પડી જતાં, બંને જણે બિલાડીઓ ભેગી કરી. તેમણે પાકનું રખવાળું કરવા માંડ્યું; એટલે ઉંદરોનું કાંઈ ચાલ્યું નહિ.

ઇંદ્રને જ્યારે સમાચાર મળ્યા કે ઉંદરનું કાંઇ ચાલ્યું નહિ ત્યારે એને બીજો વિચાર સૂઝ્યો: 'એ લોકો જ્યારે ડાંગર વાઢે ને કલ્લા બાંધે ત્યારે દરેક કલ્લામાંથી માત્ર શેર શેર ડાંગર જ નીકળે એવું કરવું.'

પેલા પોપટે તો આ વાત પણ જાણી લીધી. એટલે છોકરીએ યુક્તિ કરી. પોતાના વરને માત્ર બબ્બે છોડનો જ કલ્લો બાંધવાનું કહ્યું: કારણકે બબ્બે છોડના કલ્લામાંથી શેર શેર ચોખ્ખા ડાંગર નીકળે તો ઊલટો વધારે પાક થાય!

ઇંદ્ર હવે ખૂબ મૂંઝાયો. એની યુક્તિ બર ન આવી. હવે એણે છેલ્લો ભયંકર ઉપાય યોજ્યો. મોટો વંટોળિયો મોકલી, ડાંગરના કલ્લાને ક્યાં ને ક્યાં ઉડાડી મૂકવાનું નક્કી કર્યું.

અહીં પેલા મહેનતુ અને હોશિયાર જોડલાંએ થોડે દૂર ઊંડી ખાઈ ખોદીને તૈયાર રાખી; અને વંટોળિયાની રાહ જોવા માંડી.

'સૂ-સૂ-સૂ' કરતો વંટોળિયો આવ્યો અને બધા કલ્લા ઊડવા લાગ્યા. પણ વંટોળિયાથી ઘસડાઇ ગએલી ડાંગર પેલી ખાઇમાં આવીને ભેગી થઈ અને ત્યાં જ ભરાઇ પડી.

તોફાન શમી ગયું, વાવંટોળ થંભી ગયો, અને જુએ છે તો ખાઇમાં બધી યે ડાંગર જમા થઇ ગઇ છે.

આટઆટલી અગમચેતી અને મહેનતથી મેળવેલો પાક આખા દેશનો દુકાળ નિવારી શક્યો અને વગર વરસાદે પણ ગામડાં ને શહેરોમાં લીલાલ્હેર થઇ રહી.

છોકરીની અક્કલ અને ચતુરાઇથી દેશમાં દુકાળ દેખાયો નહિ: છોકરી દેવીની જેમ પૂજાઈ અને બ્રાહ્મણનો ઘરસંસાર ધન્ય બન્યો.

પેલી તલાવડી, જેમાં બ્રાહ્મણ નાહ્યો અને ગાયભેંશો નહાતી હતી તેને લોકો 'પાવનગંગા' કહીને ઓળખવા લાગ્યા.*

મંજુલાલ ર. મજમુદાર

કરોળીઆંને

(ઉપજાતિ)

કરોળીઆ: ગૂંથીશ એક જાળું?
આપીશ રહેવા તુજ સાથ કો દી,
તળાવ કાંઠે વડલાની ડાળે
બંને રહીશું ઋતુ ગ્રીષ્મ આવે.

ટૌકો કરે કોકિલ તે છુપાઇ
મઝા પડે સાંભળવાની ભાઇ;
આકાશની રંગીન વાદળીઓ
સંતાઇને જોશું ન કોઇ જૂએ.

રાતે વળી ઘૂવડ ચીડવે તો
વાતો તહીં ચાંદરણે કરીશું;
ને મોતીડાં ઝાકળનાં વીણીને
ધરીશું ભાઇ સુજ બેનડીને.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

---

*સંયુક્ત પ્રાંતમાંના રાજગઢ પરગણાની એક લોકકથા



માધુકરી

પ્રાણ પુરાતા નિષ્પ્રાણોમાં, અંધારામાં થાય ઉજાસ:
નવજુવાન જ્વાલા પેટાવે, પાપ બાળીને થાય ખલાસ:
'સળગાવો'ની હાક પડે! ઉરઉરમાં ઉદ્રેક ચડે!
સમાજનું વટવૃક્ષ સુકાયું, દર કોતરમાં કીડા પડે:
નિર્જીવ અટવાતી ડાળીઓ, એકજીવંતને મરતાં નડે:
સડતું ઠૂંઠું સળગાવો! નૂતન વૃક્ષ ત્યહીં વાવો!
ખંડન કરશું મંડન કરવા, જ્વાલા જ્યોતનું રુદ્ર સ્વરૂપ:
સુંદરતાના મહેલ ચણાશું, ભસ્મ કરીને સર્વ કુરૂપ:
સર્જન સંમાર્જન માગે! શિવતાંડવ ડમરૂ વાગે! —કૃષ્ણલાલ શ્રીધરાણી

સ્વ. હરગોવિંદદાસ ઇશ્વરદાસ પારેખ


હિંદની પ્રાચીન કળાના ભક્તો અને સંગ્રાહકોમાં સ્વ. હરગોવિંદદાસ ઇ. પારેખ એક મહત્ત્વની વ્યક્તિ હતા; પરંતુ એ વિષયમાં આગળ પડીને પોતાની યોગ્યતા પ્રકટ કરવા માટે જરૂરનાં વ્યાખ્યાનો આપવાના, લેખો લખવાના તથા સાહિત્ય રજુ કરવાના હમેશના આત્મસંક્ષોભને લીધે ઘણા થોડા લોકો તેમની લાયકાતની કદર કરી તેમને સાચા સમજી શક્યા નહતા.

હિંદી કારીગરી અને કારીગરોનો ઉદ્ધાર કરવાને તેમણે અનેકરીતે આપભોગ આપીને કેટલાં યે ફાંફાં મારી જોયાં હતાં. તેમણે ધાર્યું હોત તો હિંદી જરીપુરાણી વસ્તુઓનો ધંધો કરી યુરોપ-અમેરિકા પાસેથી હજારો રૂપિયા કમાઈ શકત, એવી કલાપારખુ દષ્ટિ તથા સંગ્રહશક્તિ તેમની હતી; પરંતુ દેશની એ સમૃદ્ધિનો એક પણ નમૂનો પરદેશ જવા દેવો નહિ એવો દેશદાઝભર્યો તેમનો સંકલ્પ હતો, અને તેને લીધે તેમને અત્યંત હાડમારી પણ ભોગવવી પડી,—એવી કે પોતે ગર્ભશ્રીમંત જેવા હતા તે આ ધ્યેય પાછળ ફકીર જેવા થઇ ગયા!

પરંતુ સ્વ. શ્રીમાન પુરુષોત્તમ વિશ્રામ માવજી જેવા કલાના સંરક્ષણ અને ઉત્તેજનના નાદ પાછળ લાખોનો ભોગ આપી પરવાર્યા તોપણ જે નિષ્ઠુર મજાનું રૂંવાડું યે ફરક્યું નહિ તેના ઉપર અસર થવાની હતી? એ કલાભક્ત લક્ષ્મીનંદનના જ સાથીદાર સ્વ. હરગોવિંદદાસને રંક હાલતમાં કળાકારીગરીના લગાયા ફેરવતા જોનારા અનેક લક્ષ્મીસંપન્નો અને વિદ્યાસંપન્ન અધિકારીઓએ તેના સંગ્રહોને પરદેશની લોભી આંખોથી બચાવવામાં કલમ કે લાગવગનો ઉપયોગ કરવામાં યે ચોખ્ખી બેપરવાઈ બતાવી હતી. એકબે અપવાદરૂપ શ્રીમાનોએ તેમની કેટલીક અણીની ભીડ પાર પાડી એટલે જ તેઓ આટલાં વર્ષો પણ ખેંચી શક્યા. નિત્યની ચિંતા અને ખર્ચની હાડમારી વચ્ચે પણ તે કળાકારો અને કારીગરોના સમાગમના આનંદનો સ્વાદ લેવા બહુ જ તત્પર રહેતા.

અતિશય જીવનઉદ્વેગ, નિરાશા અને ભીડ છતાં તેમનું દિલ હમેશાં ખાનદાની અને પ્રેમભર્યું હતું ઘણી વખત તો ડૂબતો તરણું પકડે એવા પ્રયોગો કરી એ ખૂબ નિરાશા વેઠતા.

ગઈ તા. ૨૬ મી જાન્યુઆરીએ બિહારના ધરતીકંપ સહાયક ફંડ માટે મુંબાઈ અભિનય કલા મંડળના નાટ્યપ્રયોગોના રીહર્સલ માટે સહાય કરતાં અચાનક હૃદય બંધ પડતાં આ ગુર્જર રત્ન વિલીન થયું. પંચાવન વર્ષે પણ તેમનાં ઉત્સાહ ને લાગણી યુવાનોને યે દાખલારૂપ બનતાં હતાં. અમે દુઃખી હૃદયે એમના આત્માને શાંતિ ઇચ્છીને એ મિત્રના વિયોગનું આશ્વાસન ધરીએ છીએ.



બાળકોનો હિસ્સો

[રશિયાની સોવિયેટ સરકારે ઇ. સ. ૧૯૨૮ના ઑક્ટોબરથી શરૂ થતી જે પંચવાર્ષિક યોજના રશિયાની આર્થિક ઉન્નતિને અર્થે ઘડી કાઢી હતી, (અને જે હવે તો પૂરી પણ થઇ ગઇ છે) તે પૂરી કરવામાં બાળકોએ શો હિસ્સો આપ્યો હતો અને આપી શકે એ વિષે Moscow has a plan (મૉસ્કો પાસે યોજના છે) એ નામના પુસ્તકમાં વિસ્તૃત હકીકત છે, તેમાંથી કેટલોક ભાગ નીચે આપ્યો છે]

એમ નહિ સમજતા કે પંચવાર્ષિક યોજના માત્ર મોટાઓને જ માટે છે. દરેક બાળક તેનો ભાગીદાર થઇ શકે.

લિસ્વેન્સ્કીના કારખાનાના બાલમંડળે એક પાણીચક્કી અને એક પવનચક્કી બનાવી હતી અને એક શક્તિજનક યંત્ર (ડાયનૅમો)શરૂ કર્યું હતું.

મૉસ્કોથી દસ માઇલ દૂર બ્રિયાન્સ્કના રસ્તા ઉપર પેરેડેલ્કિનો ગામમાં ખામોવનિયેહેન્સ્કી પ્રદેશના બાલમંડળે પોતાના તંબૂઓને વીજળી પૂરી પાડી હતી. તેઓએ એક નાની નદીનો બંધ બાંધીને એક પાણીચક્કી શરૂ કરી, પાસેના સીનેમામાંથી એક નાનું શક્તિજનક યંત્ર તેને લગાડ્યું અને ત્યાંથી વીજળીના તાર શરૂ કરીને પોતાના તંબૂ સુધી લઇ ગયા ને આ રીતે ઉનાળાની રાત્રિઓના અંધકારમાં પોતાના તંબૂઓને વીજળીની બત્તીઓ પૂરી પાડી હતી.

રિબન્સ્કનાં બાળકોને પોતાના જ પ્રદેશનો અભ્યાસ કરતાં જમીનમાં ચૂનાના થર મળી આવ્યા હતા. આ ચૂનો ખાતર તરીકે પૂરેપૂરો અનુકૂળ હતો. નોઓસાઇબિરિયાના કૉમ્સોમૉલ યુવક મંડળોએ અને બાલમંડળોએ કરોડો રૂપિયાની કિમ્મતનાં કુદરતી દ્રવ્યો ખોળી કાઢ્યાં હતાં. તેઓ સ્કાઉટિંગ માટે ગયા હતા, તેવામાં તેમને કોલસા અને લોઢાની ખાણો હાથ લાગી!

મૉસ્કોનાં પરાંમાં બાળકોની એક ટુકડીએ સ્વતંત્ર રીતે લગભગ ૩૦૦૦ વાર લાંબો રસ્તો બાંધ્યો અને તેની બંને બાજુએ ફળઝાડ વાવ્યાં.

ઝેરડેવ્સ્કીની કોલસાની ખાણનાં બાળકોએ, લોકોએ નકામા તરીકે ફેંકી દીધેલાં ફળો એકઠાં કરી, તેના બી કાઢી, તે વાવીને ફળઝાડનો બગીચો બનાવ્યો. આવતે વર્ષે તો તે ફળઝાડની કલમો પણ લોકોને આપી શકશે.

આ હકીકતો બાલમંડળોના પ્રસિદ્ધ થએલા અહેવાલોમાંથી લેવામાં આવી છે. એમાં આવી તો બીજી ઘણી હકીકતો છે.

પંચવાર્ષિક યોજના પાર પાડવામાં બાળકો કેવી રીતે મદદ કરી શકે તે આ ઉપરથી સમજાયું હશે.

તમારી પોતાની નાની યોજના પૂરી કરો એટલે મોટી યોજના એની મેળે નીમેલા વખત પહેલાં પૂરી થઇ જશે. આ કામમાં અમુક દિવસ લાગે કે અમુક અઠવાડિયાં લાગે એ મહત્ત્વની વસ્તુ નથી. તે તમારો ફાળો બનશે.

આ રહી બાળકોની પંચવાર્ષિક યોજના:

(૧) ચૂના અને ફૉસ્ફરસના થર ખોળી કાઢવા.

(૨) લોકોએ ફેંકી દીધેલી, પણ જેનો ઉપયોગ થઇ શકે એવી વસ્તુઓ એકઠી કરવી, જેવીકે, ચીથરાં, દોરડાં, ઊન, હાડકાં, ધાતુના ટુકડા, વગેરે. આવી બધી વસ્તુઓ આપણાં કારખાનાંની આસપાસ સહેલાઇથી મળી આવશે. દરેક બાળકે દર વર્ષે ઓછામાં ઓછી એક મણ વજનની ચીજો એકઠી કરવી.

(૩) વગર દોરડાંના તાર અને ધ્વનિવર્ધકો (લાઉડ સ્પીકર) તૈયાર કરવા થોડાં વર્ષોમાં ૭૫૦૦૦ દોરડાં વગરના તાર ગામડાંઓમાં મૂકી દેવા જોઇએ. એક પણ નિશાળ ધ્વનિવર્ધક વગરની ન રહેવી જોઇએ

(૪) તમારાં માબાપનાં ખેતરોમાં ઊગેલા દાણાને સારાં નરસાં બીજની દૃષ્ટિએ વર્ગવાર ગોઠવવાં.

(૫) ખાતર માટે રાખ એકઠી કરવી દરેક બાળમંડળે દર વર્ષે ઓછામાં ઓછી ૧૦૦ મણ રાખ એકઠી કરવી.

(૬) અર્ધા વીઘા જમીનમાં પાકને લાગતા જંતુઓનો સંપૂર્ણ નાશ કરવો. એક ફળઝાડ અને દસ શાકના છોડ ઉપરના બધા હાનિકારક જંતુઓનો નાશ કરવો. ૫ છછુંદર અને ૧૦ ઉંદરને પકડવા અથવા નાશ કરવો.

(૭) પક્ષીઓને રહેવા ને ચણવા માટેનાં ઘર બનાવવાં. પાકને લાગતાં જંતુઓનો નાશ કરવામાં પક્ષીઓ મદદ કરશે.

(૮) પાંચ વર્ષમાં પક્ષીઓ માટે ૫૦૦૦ ઘર અને મરઘીનાં બચ્ચાં માટે ૫૦૦૦ ઘર બાંધવાં.

(૯) દરેક ખેડૂતને ત્યાં બે સારી, ઇંડાં મૂકતી, મરઘીનો વધારો કરવો.

(૧૦) દર વર્ષે ૧૦ ઝાડ વાવવાં, આ પ્રમાણે કુલ ૭ા કરોડ ઝાડ ઉગાડવાં.

(૧૧) પાંચ લાખ ઘરમાં માકડ, વંદા અને માખીઓનો નાશ કરવો: દરેક ટુકડીએ ૧૦ ઘર સાફ કરવાં.

(૧૨) અભણને વાંચતાંલખતાં શીખવવું. દરેક ટુકડીએ પોતાના પ્રદેશમાં અશિક્ષિતતાનો નાશ કરવો.

બાળકોના આ કેટલાંક મુખ્ય કામો કહ્યાં. જો વિશેષ વિગતો જોઇતી હોય તો બાલમંડળોના અહેવાલો વાંચવા જોઇએ.

મોટાઓ મોટાંમોટાં વીજળીનાં કારખાનાં બાંધશે, બાળકો નાનાં બાંધી શકે. મોટાઓ મોટાંમોટાં ઘર બાંધશે, બાળકો પક્ષીઓ માટે નાનાં ઘર બાંધી શકે.

આ બાબતો નજીવી છે એમ નહિ ધારતા.

જો બાળકો પોતાની પંચવાર્ષિક યોજના પૂરી કરે, તો તેઓ ૫૦ લાખ રૂપિયાનું અનાજ જંતુઓથી બચાવી શકે.

જો બાળકો દરેક ખેડૂતને ત્યાં બે સારી, ઇંડાં મૂકતી મરઘીનો વધારો કરાવી શકે તો તેથી દેશને ૫૦૦૦ અબજ ઇંડાં એટલે ૨૫ કરોડ રૂપિયાનો ફાયદો થાય.

પાઇઓમાંથી કરોડો રૂપિયા થાય છે જો નાના હાથ પણ ઝાઝા હોય તો તેઓ પર્વતોને પણ ખસેડી શકે અને જંગલો

વાળી શકે. બાળકોની શક્તિ આમાં રહેલી છે.

[આમાં આપેલી બધી સૂચનાઓ આપણા દેશને ઉપયોગી નથી. રશિયાનાં બાળકોનો પુરુષાર્થ કેવો અનુકરણ કરવા યોગ્ય છે તેનો જ કંઇક ખ્યાલ આપવાનો આ લેખનો હેતુ છે.]

('મધપૂડા'માંથી) —હરિહર ભટ્ટ

૨૫ ફૂટના મછવામાં નૉર્વેથી શિકાગો

નૉર્વેના બે યુવાન ખલાસી ભાઇઓ હેન્સ અને હૅરૉલ્ડ હૅમ્રન શિકાગોનું પ્રદર્શન જોવા માટે એક નાના મછવામાં છેક નૉર્વેથી નીકળી તા ૩૦ ઑગસ્ટે શિકાગો પહોંચેલા. આટલાંટિક મહાસાગરમાં તોફાન થતું ત્યારે આ નાનો મછવો વટાણાના દાણા જેવો દેખાતો હતો. તેમનું આ સાહસ કોલંબસના સાહસથી યે ચડી જાય તેવું છે.

કોલંબસ કરતાં તેમને એક માત્ર લાભ એ હતો કે અમેરિકા દેશના અસ્તિત્વની તેમને ખબર હતી. તે ક્યાં આવેલો છે તેની તેમને જાણ હતી ને તેમના પાસે હોકાયંત્ર પણ હતું.

છાપાંઓને મુલાકાત આપતાં હૅન્સે કહ્યું કે નૉર્વેના ક્રિસ્ટિઆન્સેનથી અમે ૨૬ મી માર્ચે નીકળ્યા અને આજે અમે શિકાગોમાં પ્રદર્શન જોવા આવી પહોંચ્યા છીએ.

તેમનો મછવો તેમણે હાથે જ બનાવ્યો છે. એક ઇંચ કરતાં ઓછા જાડા લાકડાનો તે બનેલો છે. કેટલી યે વાર તેઓને મહાસાગરમાં મોટી માછલીઓ સાથે યુદ્ધ કરવું પડયું હતું.

એ મછવો ૨૫ ફીટ લાંબો, ૯ ફીટ પહોળો અને ૩॥ ફીટ ઊંડો છે. કૅબિનમાં થોડો ખોરાક રહી શકે તેવું છે. સૂવાનું કાર્ય તો તેઓને વારાફરતી કરવું પડતું.

હૅન્સે કહ્યું કે 'અમારે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. વેસ્ટ ઇંડિઝ ટાપુઓ મૂક્યા પછી પોલીસ આવી અને અમે ખૂની હોવાનું માન્યું! ઉત્તર સમુદ્રમાં એક અંગ્રેજ કપ્તાન અમને બચાવવા આવેલો કેમકે તેણે ધાર્યું કે અમે કોઇ ડૂબતી સ્ટીમરમાંથી બચેલી લાઇફ બોટમાં સફર કરતા હોઈશું.'

બંને યુવકોએ હજામત કરવાનું બંધ રાખ્યું હતું એક તો તે કરવા જેટલો તેમને સમય ન હતો ને બીજું હજામતમાં દરિયાનું ખારું પાણી વાપરવાની તેઓની મરજી નહોતી. તેમજ ચોખ્ખા પાણીનો જથ્થો વધારે નહોતો આ પરિસ્થિતિને અંગે એક નાનો અકસ્માત બની ગયો. એક વાર સીગરેટ પીતાં-પીતાં હૅરૉલ્ડની દાઢી સળગી ઊઠી!

બંને નાવિકો અગાઉ યુનાઇટેડ સ્ટેટ્સમાં આવી ગયા હતા. વળી તેઓ સારું અંગ્રેજી બોલી જાણે છે. તેમના મછવાનું નામ તેઓએ શ્વેત અનિલ (white wind) પાડ્યું છે.

(શિકાગો હૅરલ્ડ પરથી) —છોગાલાલ માનસિંગ કામદાર

કાચના રસ્તા

કોઈ પણ સમર્થ નવલકથાકારે ક્યાં યે કાચના રસ્તાની કલ્પના સુદ્ધાં નથી કરી; ત્યારે લંડનના જ્યૉર્જ જે. રિકેટ્સ નામના જુવાનીઆએ તે શક્ય છે તેમ સિદ્ધ કરી બતાવ્યું છે.

એ સોળ વર્ષનો હતો ત્યારથી કાચનાં કારખાનાંમાં કામ કરતો હતો. થોડા વખતમાં જ તેનું ધ્યાન કારખાનામાંથી મોટા પ્રમાણમાં નીકળતા કાચના નિરુપયોગી કચરા તરફ ગયું એ જુવાન શોધક વૃત્તિનો હોઈ આ રદ્દી માલનો શો ઉપયોગ કરવો તેની શોધમાં પડયો. અત્યારના ડામર કે કૉંક્રીટના રસ્તા ઉપરથી તે અનેકવાર લપસી પડતો એટલે લપસી ન પડાય એવા રસ્તા આ કચરામાંથી બનાવવાનું તેને સૂઝયું. ઉપરાઉપરી અનેક નિષ્ફળતાઓ મેળવ્યા છતાં પાંચ વર્ષની સતત અને સખત મહેનત પછી હમણાં થોડા વખત પહેલાં જ કાચની ઈંટો બનાવવામાં તે ફળીભૂત થયો. આ ઈંટો સાડા ચાર ઇંચ લાંબીપહોળી છે અને પોણા બે ઇંચ જાડી છે. તેની ઉપરની બાજુએ ચોકડીઓ પાડી છે અને નીચલી બાજુ ઉપસાવેલી છે તથા એકબીજીમાં બધબેસતી આવે એટલા માટે તેમાં હાંસ વાળેલી છે. આથી બે ઈંટો ભેગી થાય ત્યારે એવી ખાળ થાય છે કે પાણી કે કાદવ તરત જ બંને બાજુ તરફ જતી ગટરમાં વહી જાય. આવી ઈંટો બનાવવામાં કંઈ જ છૂપું નથી કાચના વધેલા ચૂરામાંથી તે બનાવાય છે અને જેમજેમ તમે વધારે વાર ગાળેલો ચૂરો વાપરો તેમતેમ એ કાચ વધારે મજબૂત અને ટકાઉ થતો જાય છે. આવી કાચની ઈંટોથી બનેલા રસ્તામાં લપસાતું નથી, સ્વચ્છતા પણ સારી જળવાય છે અને ઘસારો બીલકુલ લાગતો નથી મોટે ભાગે આ રસ્તા રબરનાં પૈડાંવાળાં વાહનો તથા પગે ચાલનારા માટે છે. ઘોડા તેમજ લોખંડના પાટાવાળાં વાહનો માટે એ નિરુપયોગી છે. છતાં એક જર્મન યુવકે ઘોડા માટે રબરની નાળો શોધી છે એટલે વાંધો નહિ આવે.

કોઇકને એવી શંકા થઈ કે કાચ તો બહુ બરડ એટલે જલદી તૂટી જાય. પરંતુ વૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે કે મજબૂતાઇમા હીરા પછી બીજો નંબર કાચનો છે! અને સાત શેરના હથોડા વતી આવા કાચના રસ્તાને તોડી જોવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે. વળી કોઇકને એવો વહેમ આવ્યો કે ગરમીથી કાચ પીગળી જાય! પરંતુ નરમમાં નરમ કાચને પીગળવા માટે ૧૬૦૦ ડીગ્રી (ફે) ગરમી જોઇએ, જ્યારે વાતાવરણમાં બહુબહુ તો ૧૨૦ ડીગ્રી ગરમી હોય છે જે કાચને ઓગાળી ન જ શકે. હા ગરમીથી કાચ ફૂલે છે ખરો, પરંતુ નજીવો. તેવો જ પાછો સખત ઠંડીમાં સંકોચાય પણ છે. આ શોધને કેવીક લોકપ્રિયતા મળે છે તે જોવાનું છે. (અંગ્રેજી ઉપરથી)

ગુજરાત પુસ્તકાલય પરિષદ

કોઇ દેશમાં શાળાયુગની સાથે જ અને કોઇકોઈ દેશમાં શાળાયુગ પૂરો થયા પછી પુસ્તકાલય યુગ આવે છે. આધુનિક હિંદમાં શાળાયુગ શરૂ થયો છે ખરો, છતાં દેશના એકે એક ગામમાં શાળાઓ સ્થપાઈ જાય એવો વખત આવવાને તો હાલના ધોરણે વર્ષો વીતશે એમ લાગે છે. પરંતુ જ્ઞાન એ, અમેરિકામાં મનાય છે તેમ, હવા પાણી અને પ્રકાશ જેવી કુદરતી બક્ષિશોના માફક જરૂરિયાતની વસ્તુ છે એમ આપણે સ્વી-

કારીએ, તો સરકાર આ દિશામાં કંઈ પ્રયત્ન કરે તેના ઉપર બધો આધાર રાખ્યા સિવાય ગુજરાત માટે આપણાથી જે કંઇ થઇ શકે તે આપણે કરવું જોઇએ. આપણે શરૂઆત કરીશું, લોકમતકેળવીને તથા ખાનગી મદદો મેળવીને યોજનાઓ હાથમાં લઇશું તો સરકાર અને લોકલ બોર્ડો આ પ્રયત્નને જરૂર વહેલામોડાં પણ વધાવી લેશે. પંજાબ સરકારે આ દિશામાં સારી શરૂઆત કરી છે. ત્યાં શાળાઓને અંગે ૧૯૦૦ ઉપરાંત પુસ્તકાલયો સ્થપાઇ ચૂક્યાં છે. સરકારની મદદથી લોકલ બોર્ડો આ પુસ્તકાલયોને નિભાવે છે અને તેનો ઉપયોગ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ તથા શાળાઓમાંથી ઊઠી ગએલા જૂના વિદ્યાર્થીઓ ઉપરાંત ગામોનાં મોટી ઉમરના માણસો પણ છૂટથી કરી શકે છે.

પુસ્તકો ઉપરાંત આ પુસ્તકાલયોમાં ગ્રામમંડળો, ખેતીવાડી, સહકાર, આરોગ્ય અને ગામડાના લોકોને ઉપયોગી અન્ય વિષયો ઉપર લખાએલાં ચોપાનિયાં, પત્રિકાઓ વગેરે પણ પૂરાં પાડવામાં આવે છે. આ પ્રકારના કાર્યની શરૂઆત મધ્ય પ્રાંત પ્રદેશમાં પણ થઇ છે. મદ્રાસ ઇલાકા માટે પુસ્તકાલય મંડળ સ્થપાયું છે. અન્ય સ્થળોએ પણ આ દિશામાં પ્રયત્ન શરૂ થઇ ચૂકયા છે, એટલે ગુજરાત માટે ગુજરાતના વિદ્વાનો, સમાજસેવકો, શ્રીમંતો અને યુવકો શાળા પછીની—પણ શાળા કરતાં કોઇપણ બાબતમાં ન ઊતરે તેવી—આ પુસ્તકાલય પ્રવૃતિ માટે સબળ અને વ્યવસ્થિત પ્રયત્ન શરૂ કરી દે એ આવશ્યક છે.

ગુજરાતમાં પુસ્તકાલયો અને વાચનાલયો સ્થાપવા આજ સુધીમાં અનેક શુભ પ્રયત્નો થયા છે અને જુદાંજુદાં મંડળો તથા વ્યક્તિઓ તરફથી સુંદર યોજનાઓ રજુ કરવામા આવી છે, જેમાંના કેટલીક તો આજે પણ ચાલુ રહી છે.

ગુજરાતના સદ્ભાગ્યે પોણોસો વર્ષ ઉપર સ્થપાએલી, ગુજરાતના પાટનગરમાં જ્ઞાનપ્રચારનું કામ કરતી આપણી પુરાણી લોકોપકારક સંસ્થા ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ પુસ્તકાલયોનો પ્રશ્ન ઉપાડી લીધો છે અને ગુજરાતમાં, ગુજરાતનાં શહેરોમાં વ્યક્તિગત ચાલતાં મોટાં પુસ્તકાલયો તથા ગામડાંમાં અમુક મંડળો દ્વારા ચાલતાં નાનાં પુસ્તકાલયો એ બધાંનું સંગઠન કરવા, નવાં પુસ્તકાલયો અને વાચનાલયો ગામેગામ ઉઘાડવા, પુસ્તકાલયો દ્વારા જ્ઞાનપ્રચાર કેવો સરસ થઈ શકે છે તેનું જનસમૂહને ભાન કરાવવા, પુસ્તકાલય શિક્ષણના ખાસ વર્ગો ઉઘાડવા ને સહકારના તેમજ સંઘબળના ધોરણે ગુજરાતની પુસ્તકાલય પ્રવૃતિને ખીલવવાના ઉચ્ચ ઉદ્દેશથી આવતા ઇસ્ટરના તહેવારોમાં પહેલી ગુજરાત પુસ્તકાલય પરિષદ અમદાવાદમાં સર મનુભાઇના પ્રમુખપણા નીચે ભરવાનું નક્કી કર્યું છે.

ગુજરાતીઓની પાસે ખર્ચવાને પુષ્કળ નાણાં છે, પરંતુ વ્યવસ્થિત કાર્ય કરનાર મંડળોના અભાવે એ નાણાં ગુજરાત બહાર ઇલાકાના બીજા ભાગમાં ખર્ચાય છે. એમાં દોષ નાણાં આપનારનો હોય તેના કરતાં આપણી યોજનાશક્તિ અને સંઘબળનો વિશેષ છે એમ કહીએ તો ખોટું નથી. પહેલી પુસ્તકાલય પરિષદ મળે, સેવા કરી શકે અને ગુજરાતમાં પ્રતિષ્ઠા હોય તેવા ભાઇઓનું પરિષદ મંડળ બને તથા ગુજરાતનાં ગામડાંઓને માટે જ્ઞાનપ્રચારની યોજનાઓ તૈયાર કરી મદદ મેળવવા પ્રયત્ન થાય, તો આ પવિત્ર કામ માટે બે પાંચ લાખ રૂપિયા ન મળી શકે તેવું કંઇ નથી. દાનધર્મ કરવાની ઇચ્છાવાળા, નામ રાખવાની અભિલાષાવાળા, સેવા કરવાની ધગશવાળા, ગુજરાતમાં, મુંબઇમાં અને મુંબઇ બહાર દેશપરદેશમાં વસતા અનેક ગુજરાતીઓ એવા મળી આવશે કે જેઓ ગામડાંની સેવા કરવાની આવી યોજનાને હૃદયના પૂરા ભાવથી વધાવી લેશે. માત્ર પ્રતિષ્ઠાવાળું, ધગશવાળું, નિઃસ્વાર્થ સેવાભાવવાળું, બંધારણવાળું એક સારૂં મંડળ જોઇએ. પુસ્તકાલય પરિષદ ભરાશે તો આ મંડળ સહેલાઇથી ઊભું થઈ શકશે, અને 'મિત્રમંડળ પુસ્તકાલયો'ની યોજના શરૂ થયાનાં બીજાં પચીસ વર્ષોમાં તો ગુજરાતમાં સારા ગણાતા દરેક ગામમાં પુસ્તકાલયો, વાચનાલયો તેમજ ફરતાં પુસ્તકાલયો ચાલુ થએલાં આપણે જોવાની ઇચ્છા રાખીએ તો તે કંઇ બહુ વધારે નહિ ગણાય.

(પુસ્તકાલય) —મોતીભાઇ ન. અમીન

લવીંગ

આપણે બધા લવીંગનો વપરાશ કરીએ છીએ, પરંતુ તેનો ઇતિહાસ બહુ જ થોડા જાણતા હશે. હિંદુસ્તાનમાં લવીંગનો ઘણોખરો ભાગ જંગબાર (આફ્રિકા)થી આવે છે. લવીંગ જંગબારમાં લગભગ સો વર્ષથી પાકે છે.

જંગબારમા લવીંગનો છોડ કેવી રીતે આવ્યો તેનો ઇતિહાસ જાણવા જેવો છે. લગભગ ૧૦૧ વર્ષ ઉપર જંગબારના સુલતાને એક આરબને મોરાશીઅસ ટાપુ ઉપર દેશપાર કાઢેલો. તે આરબે ત્યાંથી સુલતાનને થોડા લવીંગ મોકલાવ્યા. સુલતાને એ વસ્તુ પહેલાં કોઇ દિવસ જોએલી નહિ, એટલે એ તેને બહુ પસંદ પડી. તેથી પ્રસન્ન થઇ સુલતાને એ આરબને મોરાશીઅસથી પાછો બોલાવ્યો અને સાથે લવીંગના થોડા છોડ મંગાવી જંગબારમાં એ વાવવાનો હુકમ કર્યો

અત્યારે દુનિયામાં જેટલાં લવીંગ થાય છે તેનો ૫/૬ ભાગ એકલું જંગબાર જ ઉત્પન્ન કરે છે, અને કોઇકોઈ વર્ષ તો લગભગ ૯/૧૦ ભાગ ઉત્પન્ન કરે છે!

ઇ. ૧૮૭૨માં જંગબારમાં મોટું વાવાઝોડું થયું અને આખા જંગબારનાં બધાં ઝાડ જડમૂળથી ઊખડી ગયાં. જંગબારના સુલતાનની હકુમત નીચે જંગબારથી થોડે દૂર પેમ્બા નામનો એક ટાપુ છે ત્યાં પણ લવીંગ થાય છે. ઉપરનું વાવાઝોડું પેમ્બા નહોતું પહોંચ્યું, તેથી પેમ્બાથી છોડ લાવી ફરીથી જંગબારમાં લવીંગના છોડ નંખાયા. આથી જંગબારમાં ૫૭ વર્ષથી જૂનાં લવીંગનાં ઝાડ નથી. ૮૬૫૦ ટન લવીંગ જંગબારથી નિકાસ થાય છે, તેમાંથી લગભગ ૫૦ ટકા મુંબાઇ, સીંગાપોર, જાવા વગેરે ઠેકાણે ચઢે છે, લગભગ ૩૦ ટકા

અમેરિકા જાય છે અને બાકીના ખાસ કરીને માર્સેલ્સ તથા જીનીવા મારફત યુરોપમાં જાય છે. લવીંગમાંથી તેલ નીકળે છે. તે પશ્ચિમના દેશોમાં ચૉકલેટ વગેરેને સુગંધી આપવામાં વપરાય છે —કંચનલાલ મ. ખાંડવાળા

પ્રાચીન હિંદનું વિજ્ઞાન

ભૂમિતિનો વિકાસ ધર્મ સાથે સંકળાએલો છે. હોમ, યાગ, યજ્ઞ ઈ. ધાર્મિક ક્રિયાઓમાં ગણિતના ક્રિયાત્મક જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આર્યો યૂકલિડની ભૂમિતિના ઘણાક સિદ્ધાન્ત જાણતા હતા. પાંચમી સદીમાં આર્યભટ્ટને માલૂમ હતું કે વર્તુળનું ક્ષેત્રફળ π(ત્રિજ્યા)^2 થાય છે; અને π= ૩.૧૪૧૬ થાય છે એવું એ વિદ્વાને સ્પષ્ટ દર્શાવ્યું છે. ભૂમિતિના ઘણા અઘરા દાખલા પણ તેમણે બહુ સહેલાઈથી ગણેલા હતા. શ્રીધર, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત ઈ. અગાઉ થએલા વિદ્વાનોએ જે શોધો કરેલા છે તે સર્વના વૃત્તાંત બારમી સદીમાં ભાસ્કરાચાર્યે આપ્યાં હતાં.

ભાસ્કરાચાર્યને માલૂમ હતું કે આધાર વિનાનો પદાર્થ પૃથ્વી ઉપર જ પડે છે અને તેનું કારણ પૃથ્વીનું તે પદાર્થ પ્રત્યેનું આકર્ષણ છે. આમ ગુરુત્વાકર્ષણનું તેમને જ્ઞાન હતું, પણ ગુરુત્વાકર્ષણનો સિદ્ધાન્ત તેમને જ્ઞાત નહોતો. છૂટથી પડતા પદાર્થોની ગતિ દર પળે વધતી જ જાય છે એ વાત તે જાણતા હતા. પદાર્થમાં ગતિનો સ્વભાવ છે તેનું કારણ 'વેગ' છે એમ તે લખે છે. જેને આપણે આજે ઇનર્શિયા-Inertia નામે ઓળખીએ છીએ. વૈશેષિક ન્યાયના આદ્ય પ્રણેતા કણાદ મુનિએ અણુ અને પરમાણુના મેળનો સિદ્ધાન્ત આપ્યો છે જેનો કહે છે કે મુખ્ય એક પરમાણુમાંથી વિવિધ વર્ગના મૂળ પદાર્થોનો આવિર્ભાવ થએલો છે. અર્વાચીન હાઇડ્રોજનના સિદ્ધાન્તને આ વાત ખૂબ મળતી આવે છે. પરમાણુનું કદ એક ઘન ઇંચના (૧૧૦૩૫૦૦૧૨)^{૨૬}મા ભાગનું છે એમ જૈન શાસ્ત્રમાં કહ્યું છે, અને હાલની મહાન શોધ પછી હાઇડ્રોજનના એક પરમાણુનું કદ આજે જે આપવામાં આવ્યું છે તેને આ આંકડો બહુ મળતો આવે છે એ આશ્ચર્યકારક ઘટના છે! પ્રકાશના પરિવર્તન અને વક્રીભવનનાં રહસ્ય ઉદયોતકર નામના આર્ય વિદ્વાનને માલૂમ હતાં. અગ્નિ અને પ્રકાશ ગતિને લીધે થાય છે એ વાત પણ એમણે જ કહેલી છે.

('સ્કૉલર'માંના શ્રી પરમેશ્વરમના લેખ પરથી) -રે. આ. સોમપુરા

૧૯૩૪ માટે કૅલેન્ડર

ખારાઘોડે ચકલા ચકચક કરે:
ગોધરે છ કબૂતરા ઘૂઘવે:
જયપુરે ખંભાતના ચકલા જમે.

ઉપલાં ત્રણ વાક્યોમાં બાર શબ્દો છે. તેમાંનો પહેલો શબ્દ જાન્યુઆરી માટે, બીજો ફેબ્રુઆરી માટે એમ છેલ્લા શબ્દ સુધી બારે મહિના માટે ગણી લેવા.

બારાખડીમાં 'ક' એ પહેલો છે, 'ખ' બીજો, 'ગ' ત્રીજો, 'ઘ' ચોથો, 'ચ' પાંચમો, 'છ' છઠ્ઠો અને 'જ' સાતમો છે. એ ક્રમ પ્રમાણે રવિવારથી પહેલો દિવસ ગણીને જેટલામો દિવસ હોય તેટલામો વાર તે એ માસની પહેલી તારીખ.

દાખલા તરીકે ઑગસ્ટની પહેલી તારીખ શોધવી છે હવે ઑગસ્ટ એ આઠમો મહિનો છે અને ઉપરની લીટીઓમાં આઠમો શબ્દ 'ઘૂઘવે' છે. એ 'ઘ' થી શરૂ થાય છે અને 'ઘ' બારાખડીમાં ચોથો છે તેથી ઑગસ્ટની પહેલી તારીખ રવિવારથી ગણતાં ચોથે દિવસે-એટલેકે બુધવારે આવશે. આમ પહેલી તારીખ મળવાથી એ માસમાં બીજી કોઈપણ તારીખનો વાર સહેલાઈથી મળી જશે. —ભા. વિ. બિવરે

વડોદરા રાજ્યમાં જ્ઞાતિ-ત્રાસ નિવારણ

હિન્દુઓની કેટલીક ન્યાતોમાં અમુક સ્થળસીમામાં જ લગ્ન થઇ શકે એવો પ્રતિબંધ મૂકનારા, એક વાર થએલું સગપણ તોડી શકાય નહિ એવો પ્રતિબંધ મૂકનારા, લગ્ન અગર મરણ પ્રસંગે અનિચ્છાએ પણ ભોજનો કરવાં જ જોઇએ એવા ખર્ચાળ, તથા પરદેશગમનની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકનારા રીતરિવાજ હોય છે. એવા રીતરિવાજનો ભંગ કરનારને બહિષ્કાર અગર દંડની શિક્ષા કરવામાં આવે છે. તેથી તે જ્ઞાતિના લોકોની ભૌતિક અભિવૃદ્ધિ તથા પ્રગતિને અડચણ આવે છે અને ત્રાસ થાય છે. આવી અડચણ તથા ત્રાસ દૂર કરવા અંગે કાયદો કરવો ઈષ્ટ જણાયાથી વડોદરાના શ્રીમંત ગાયકવાડે, નીચે મુજબ નિબંધ ઘડ્યો છે:

એટલે જે રીતરિવાજ તે જ જ્ઞાતિમાં અમુક સ્થળસીમામાં જ લગ્ન થઇ શકે એવો પ્રતિબંધ મૂકનારો હોય, અથવા એકવાર થએલું સગપણ કોઇપણ કારણસર તોડી શકાય નહિ એવો પ્રતિબંધ મૂકનારો હોય, અથવા અનિચ્છાએ ખર્ચ કરવો પડે એવી ફરજ પાડનારો હોય અથવા દેશપર્યટન કરવાની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકનારો હોય તે રીતરિવાજને 'ત્રાસદાયક રીતરિવાજ' સમજવો. અને—

૧ કોઇ જ્ઞાતિમાં આવો કોઇ ત્રાસદાયક રીતરિવાજ અસ્તિત્વમાં હશે તો તે રીતરિવાજ તે જ્ઞાતિના કોઇપણ શખ્સને બંધનકારક ગણાશે નહિ.

૨ કોઇપણ શખ્સ પોતાની જ્ઞાતિના આવા કોઈ ત્રાસદાયક રીતરિવાજનું ઉલ્લંઘન કરે તો તે માટે તેને તે જ્ઞાતિના આગેવાને અગર બીજા કોઇ શખ્સે બહિષ્કારની અગર દંડની અગર દંડના સ્વરૂપની શિક્ષા કરવી નહિ.

જે આગેવાન અગર બીજો કોઈ શખ્સ પોતાની જ્ઞાતિના કોઇપણ શખ્સને લેખી અગર મોઢાનો ઠરાવ કરીને, અગર બીજી રીતે કલમ ૨ ના ઠરાવનું ઉલ્લંઘન કરીને બહિષ્કારની અગર દંડની અગર દંડના સ્વરૂપની શિક્ષા કરશે તે છ માસ સુધીની આસાન કેદની અગર રૂપિયા ૧૦૦૦ એક હજાર સુધીના દંડની અગર બંને પ્રકારની શિક્ષાને પાત્ર થશે.

કોઈ શખ્સનો કોઇ ત્રાસદાયક રિવાજનો ભંગ કરવા માટે

આ નિબંધ અમલમાં આવતાં પહેલાં બહિષ્કાર કરવામાં આવ્યો હશે તે આ નિબંધ અમલમાં આવશે તે તારીખથી નિરર્થક ગણાશે અને તેનો અમલ બંધ પડશે.

કોઇ આગેવાન અગર બીજો કોઇ શખ્સ નિરર્થક થએલો બહિષ્કાર ચાલુ છે એવું જ્ઞાપન કરશે, અગર જે શખ્સનો બહિષ્કાર કરવામાં આવ્યો હોય તે શખ્સ તરફ તે બહિષ્કાર ચાલુ છે એવી રીતે વર્તશે તો તેણે ગુનોહ કરેલો ગણાશે અને ઠરાવેલી શિક્ષાને તે પાત્ર થશે.

ગુનોહ સાબિત ઠરાવી શિક્ષા કરનાર ન્યાયાધિશોએ, ફરિયાદી પાસેથી આરોપીએ જો કોઈ દંડ વસૂલ લીધો હોય તો તે પાછો અપાવવાનો હુકમ કરવો.

આ નિબંધ મુજબનો ગુનોહ ગાંડી વાળી શકાય નહિ એવો ગણાશે તેમજ કોઇ પણ વખતે ફરિયાદી ફરિયાદ પાછી ખેંચી લઇ શકશે નહિ. (પ્રજાબંધુ)

૧૯૩૩ દરમ્યાન જગતનું વાયુયાન

વ્યાપારી વાયુમાર્ગો મારફત ૧૯૩૩ના વર્ષ દરમ્યાન લગભગ સાડા પાંચ લાખ ઉતારૂઓ, ચુમોતેર લાખ રતલ ટપાલ અને સાડા સોળ લાખ રતલ જરૂરી સંદેશાની આવજા થઈ.

વરસ દરમ્યાન છત્રીસ એરોપ્લેન ૧૨૨ મુસાફરોને આટલાંટિક પાર લઇ ગયાં.

ઇટાલીના ફ્રાન્સિસ્કો ઍન્જેલોએ કલાકના લગભગ ૪૨૪ માઇલની ઝડપે પોતાનું સી-પ્લેઇન ચલાવ્યું.

રૅાસી અને કૅાડૅાસ નામના બે ફ્રેન્ચમેને ન્યૂયૅાર્કથી સીરિયા સુધીની ૫,૬૫૭ માઈલની મુસાફરી વગર અટક્યે કરી.

ગસ્ટેવ લેમૅાઇન નામના ફ્રેન્ચમૅને દુનિયાનો ઊંચે ઊડવાનો આંક ચડાવીને ૪૪,૮૧૯ ફીટનો કર્યો.

વિલી પોસ્ટ નામના વાયુવીરે આઠ દિવસ કરતાં પણ ઓછા વખતમાં એકલપંડી પૃથ્વીપ્રદક્ષિણા કરી.

ઈટાલીના હવાઈ લશ્કરની એક ઍરોપ્લેન ટુકડી ઈટાલીથી ઊડીને અમેરિકા ગઇ અને આવી. (લિટરરી ડાઇજેસ્ટ)

ધરતીકંપના ભોગ

ક્યાં થયો ?	કેટલા મર્યા ?	કઇ સાલમાં ?
જાપાન	બે લાખ	૧૭૦૩
હિંદ	ત્રણ લાખ	૧૭૩૭
પોર્ટુગાલ	પચાસ હજાર	૧૭૫૫
યુરોપ	બાર હજાર	૧૮૫૭
આસામ	સાતસો	૧૮૯૭
કાંગરા (હિંદ)	વીસ હજાર	૧૯૦૪
મેસિના	સીત્તોતેર હજાર	૧૯૦૮
ચીન	એક લાખ ને અઢાર હજાર	૧૯૨૦
જાપાન	છાસઠ હજાર	૧૯૨૩
બિહાર (હિંદ)	(. . . .)	૧૯૩૪

નવાં પુસ્તકો

માઉન્ટ આબુ: લેખક—અશોકકુમાર મ. કાંટાવાળા, પ્રકાશક-દ્વીવેદીઆ ઍન્ડ સન્સ અમદાવાદ, ૦-૬-૦; **મોડાસા**: લેખક-મનુભાઈ જોધાણી, પ્રકાશક-ચુનીલાલ વિઠ્ઠલદાસ બુટાલા મોડાસા, ૦-૪-૦; **પીળાં પલાશ** (ત્રણ બાળનાટકો): લેખક—કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રકાશક-શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર, ૦-૭-૦: **પ્રાથમિક શાળામાં શિક્ષક**: લેખક-ગિજુભાઈ, પ્રકાશક-ઉપર મુજબ, ૦-૧૦-૦; **જ્યારે તેઓ ઉપકાર કરે છે**: લેખક-સાદીક, મળવાનું ઠેકાણું-હિંદુસ્તાન-પ્રજામિત્ર પ્રેસ, બેકહાઉસ લેઇન મુંબાઇ-૧, ૧-૦-૦; **વિજયનું રહસ્ય**: લેખક અને પ્રકાશક-માવજી દામજી શાહ પી પી જૈન હાઈસ્કુલ મુંબાઇ, ૦-૨-૦; **વીરની વાતો** (ભાગ ૪): લેખક-તારાચંદ્ર પોપટલાલ અડાલજા, સોલ એજન્ટ-આર. આર. શેઠની કં પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, ૨-૮-૦; **મુનિરાજશ્રી વૃદ્ધિચન્દ્રજીનું જીવનચરિત્ર**: પ્રકાશક-શ્રી જૈન ધર્મસભા ભાવનગર; **પ્રમાણ-સાગર**: સંગ્રાહક-હરિશંકર વિદ્યાર્થી, પ્રકાશક—ભાનુશંકર શર્મા વ્યાસ ફળી વીરમગામ, ૨-૦-૦; **મંજરી** (ફુલછાબ-કથાઓ ૧૯૩૨): ફુલછાબ કાર્યાલય રાણપુર, ૧-૪-૦; **ફુવારો** (બાળકાવ્યો): સંગ્રાહક અને પ્રકાશક—વસંત નાયક, ન્યુ. બાલમંદિર, ખમાસાગેટ અમદાવાદ, ૦-૩-૦; **રોગોમાં કુદરતી ઉપાય**: લેખક—માવજી ધરમસી વેદ, પ્રકાશક-નેચરલ હીલિંગ હોમ, મલાડ; **ઝાકળનાં મોતી**: લેખક-રતિલાલ છાયા, પ્રકાશક-શ્રી યશ પ્રકાશન મંદિર પોરબંદર; **ઝુમખું**: લેખક-મનુભાઇ જોધાણી, પ્રકાશક-દીવેટીઆ ઍન્ડ સન્સ પાનકોર નાકા અમદાવાદ,૦-૧૨-૦; **વૈરાગ્યશતક**: લેખક-પ્રકાશક—માવજી દામજી શાહ, ઘાટકોપર મુંબઇ,૦-૨-૦; **ગુજરાત—એક સાંસ્કારિક વ્યક્તિ અને આદિવચનો**: લેખક-કનૈયાલાલ મા મુનશી, પ્રકાશક-આર. આર શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨, ૨-૮-૦; **જીવનનાં પ્રતિબિંબ**: પ્રયોજક-શાંતિલાલ ગુલાબદાસ તોલાટ, પ્રકાશક—ઉપર પ્રમાણે, ૧-૮-૦; **મૃદુલા**: લેખક—સ્વ. ભોગીન્દ્રરાવ દીવેટીઆ, પ્રકાશક-ઉપર પ્રમાણે, ૧-૪-૦; **સ્મરણયાત્રા**: લેખક-દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પ્રકાશક—નવજીવન પ્રકાશન મંદિર, ૧-૦-૦; **જીવતા તહેવારો**: લેખક તથા પ્રકાશક-ઉપર મુજબ, ૦-૨-૬; **ગોસેવા**: લેખક-મોહનદાસ કરમચંદ ગાંધી, પ્રકાશક-ઉપર મુજબ,૦-૫-૦;

યુદ્ધના વ્રણથી રણક્ષેત્ર પર મરણકાંઠે પડેલા ગુજરાતના મંત્રીશ્વર ઉદયનની અંતકાળની ઈચ્છા પૂરવા, કોઇ સાધુની શોધમાં ગયેલો તેનો પુત્ર વાહડ નિષ્ફળ થઈને અંતે એક ભવાયાને સાધુનો વેશ પહેરાવીને લાવ્યો અને ઉદયને તેનો ચરણસ્પર્શ કરી સંતોષમાં પ્રાણ છોડ્યા. વાહડે એ ભવાયાને તેના કામ બદલ સુવર્ણમુદ્રા આપવા માંડતાં તેણે આંખમાં આંસુ સાથે કહ્યું કે 'એ કંકર લઇને હું હવે આ રત્નનો ત્યાગ કરવા માગતો નથી. ગુર્જરેશ્વર ઉદયન મંત્રી જેવાના મૃત્યુને ધન્ય કરનાર આ વેશ પાછળનું સાચું સાધુજીવન જ હવે હું જીવીશ.'

અનેકાર્થી શબ્દ: **પાટી**=સ્લેટ; સૂતર કે રેશમના વણાટની સાંકડી પટ્ટી; ગામમાં ગરાસદારનો ભાગ; દ્વારબંધ એક માલિકીનાં ખેતર; હડી, દોટ; ટીપલો; લોઢાની પટ્ટી; પ્રસંગ-બનાવ.

ગણિતગમ્મત: બેચાર કે પાંચદસ ગમે તેટલા મિત્રો એકઠા થયા હોય તેમને સૌને પોતપોતાની મરજી પડે તેવી એકેક પૂર્ણ સંખ્યા ધારવાનું કહો. પછી તેને ત્રણે ગુણાવી તેમાં બે ઉમેરાવો. જે આવે તેને દસ વડે ગુણાવો અને ગુણાકારને પંદરથી ભાગવાનું કહો. ભાગાકારમાં જે શેષ વધે તેને વીસે ગુણાવીને કહો કે જે જવાબ આવ્યો એટલાં વર્ષ તમે સૌ જીવો! બધાનો જવાબ ૧૦૦ જ આવશે! (રતિલાલ કે ભટ્ટ)

કાનમાં ભારે ભારે લાગતું હોય અથવા ખૂબ મેલ જામી ગયો હોય ત્યારે ડુંગળીના રસનાં ટીપાં ફાયદો કરશે.

ગોપચીની, આસંધ અને સૂંઠ સરખે ભાગે લઇ તેનું અરધો તોલો ચૂર્ણ રોજ રાત્રે સૂતી વખતે દૂધસાથે લેવાથી વાયુનાં સર્વ પ્રકારનાં દર્દ ટૂંક મુદતમાં નાબૂદ થશે.

હિંદમાં સૌ પહેલું છાપખાનું ગોવામાં ઇ. ૧૫૫૬માં સેઇન્ટ પાઉલોની કૉલેજમાં જેસ્યુઇટ ફાધરોએ કાઢ્યું હતું...


આંખે પાણી, દાંતે લૂણ,
પેટ ન ભરીએ ચારે ખૂણ;
ડાબું પડખું દબાવી સૂએ,
તેનું દુઃખ સીમાડે રૂએ.



પંચકોણના જૂથમાં સપડાએલાં આ વર્તુલ બરાબર ગોળાકારમાં હોવા છતાં વાંકાં લાગે છે એ દૃષ્ટિભ્રમ છે. ઝીણી આંખ કરી જોવાથી સરખાં લાગશે.

લેખનનાં સામાન્ય સૂચનો: ત્રીજો પુરુષ એક વચનની સાથે ભારવાચક અવ્યય 'જ' વાપરતી વખતે તેને એકઠો ન લખતાં જુદો લખવો જોઇએ: તે જ. સાથે લખવાથી પ્રકાશ અર્થવાળા 'તેજ' શબ્દની સાથે ગોટાળો થઇ જશે.

ડેન્માર્કના રાજા ક્રિશ્ચિયનને કોઇએ પૂછ્યું "તમે ક્યાંય બેકારી જોએલી ખરી?' તેણે કહ્યું, 'કેમ નહિ? અમારા પોતાના જ ધંધામાં! ઇ.સ. ૧૯૧૪ પછી કેટલા રાજાઓને રાજપાટ છોડવાં પડ્યાં!'




માંદા કે અપંગ માણસને પથારીમાં પડ્યાંપડ્યાં વાંચવા લખવાની તથા ચા. વગેરે પીવાની સગવડવાળું ટેબલ.



ભવાંના પ્રકાર: આ ઉપરના બેવડા વ-ળ્યાવાળાં તથા છેક નીચેનાં ગુચ્છાંવાળાં ભવાં સામાન્ય રીતે મરદોમાં જ જોવા-માં આવે છે; વચ્ચે દર્શાવેલાં શિખરવાળાં ભવાં ઘણુંખરું સ્ત્રીઓને જ હોય છે.

મીઠા લીમડાનું મૂળ ઘસીને ચોપડવાથી બાદની ગાંઠ મટી જાય છે.



'કુમાર'ના ૧૧૧મા અંકના છેલ્લા પાનામાં સૂક્ષ્માક્ષરી લેખનકળાનો આંક તોડનાર જે મિ. બ્લાઇસ્ટોનની પિછાન આપી હતી તેમની પાસેથી શ્રી છોટાલાલ કામદાર 'કુમાર'નું નામ એમની નામચીન કલમ વડે લખાવી લાવ્યા છે તે આ ઉપર આપ્યું છે. ઉપરાંત ચોખાના એક દાણા ઉપર અતિ બારીક (સોળગણું કરી બતાવતા કાચ વડે જોઇએ ત્યારે જ વાંચી શકાય એવા) અક્ષરો 'KUMAR' પણ એમણે લખી મોકલ્યા છે.